કુમાર

અંક ૭૭મો



વૈશાખના વંટોળ
[ચિત્રકાર : કનુ દેસાઇ]

વૈશાખ ૧૯૮૬

કુમાર


વૈશાખ ૧૯૮૯

અંક ૭૭

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



માતાના જાગ

ચિત્રકાર: કનુ દેસાઈ

'કુમાર' વૈશાખ ૧૯૮૬ના અંકનું મુખચિત્ર

માતાના જાગ

ચિત્રકાર : કનુ દેસાઈ

ગુજરાતમાં ઘણાં કુટુંબોમાં જ્યારે લગ્ન કે જનોઇનો પ્રસંગ હોય છે ત્યારે ઘરમાં ગણપતિની સાથે જ કુળ-દેવીની પણ સ્થાપના કરે છે. એ સ્થાપનામાં, જાણે જીવનની કલ્પના જગાડવા, બે નાનાં વાસણમાં ઘઉં વાવવામાં આવે છે; વચ્ચે કુંભ મૂકવામાં આવે છે; અને ઘરનાં માણસો તેની રોજ પૂજા કરે છે. આઠે દિવસે તેમાં નાનકડા કુણા જુવારા ઊગી નીકળે છે. પ્રસંગ પૂરો થયે માતાને વળાવવા માટે બે બાજઠ ઉપર માંડવી બાંધી તેમાં એ જુવારા મૂકે છે. સગાંવહાલાંને માતાની પ્રસાદી રૂપે તેમાંથી થોડા જુવારા વહેંચે છે તે સૌ આદરપૂર્વક માથામાં ખોસે છે. ઘરનાં બે બૈરાં—અને ઘણીવાર ઘરનાં વરવહુની જોડ—એ બે માંડવી માથે ઉપાડી માતાને સ્થાનકે મૂકવા નીકળે છે. મૂકવા જતી વખતે સ્ત્રીઓ માતાના ગરબા ગાય છે અને ઢોલના તાલ સાથે જુદાજુદા મરોડથી ફરે છે. હોશિયાર સ્ત્રીઓ તે વખતે માથે માંડવી અદ્ધર રાખી અનેક રીતે ઘૂમે છે. માતાના જાગની આ કલ્પનાભરી પ્રણાલિ પાછળ કુળની વેલ અખંડ અને ઉછરતી રહે એવી ભાવના હોય છે; તેથી બે માંડવીઓમાં એકને માથે દર્પણ અને બીજીને માથે નાની લોટી બાંધેલી હોય છે; એક માંડવી પુરુષના મુગટાથી શણગારી હોય છે અને બીજી પર સ્ત્રીની ચુંદડી વીંટાળેલી હોય છે.

આમ, જાગના આ ઉત્સવમાં નરનારીના જોડલીનો અને જગતની વૃદ્ધિનો સંકેત રહેલો છે.

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વૈશાખ
૧૯૮૬

દાંડીને

[પૃથ્વી]

નથી તવ તીરે મહા ઘૂઘવતા સમુદ્રો પડ્યા,
નથી તવ તીરે કદી ય જગ-જહાજ તો લાંગર્યાં;
અપાર નવ એ ઊંડાણ જગના મહા સિંધુ શા,
કહું કયમ સ્તુતિ કહે હું તવ ? તું સમુદ્રેયના !


નથી અમર આંસુડે ઝબકતી દીવાદાંડી યે,
તૂટેલ પથરા પડ્યા રઝળતા રડે પાદરે;
ભર્યાં કદમ ભૂમિમાં નવજવાન શા ડોસલે !
સુવર્ણ ધૂળની શી ! ધન્ય પગલે–ચડી પારસે !

તપ્યાં તપ અગમ્ય કોઇ વીરલે ફળે–પાંગરે:
સમુદ્ર થકી યે અપાર નરનાવડાં લાંગરે.
કણે, વિચિત્રણે વસે અમરતા–લસે ધન્યતા;
સુવર્ણ ઇતિહાસનાં પ્રથમ ગાન તારા તીરે.

[મંદાક્રાંતા]

આળોટે જ્યાં રૂદન કરતા દાંડી પાષાણખંડ
ત્યાં રોપાયો અમર સ્મૃતિ શો રાષ્ટ્રનો માનદંડ !

કૃષ્ણલાલ શ્રીધરાણી



દાંડીનો દરિયાકાંઠો સ્કેચ : કનુ દેસાઇ



માનવ-સ્વાતંત્ર્ય અને સુધારાની હિમાયત કરનારી અંગ્રેજ પ્રજાના પ્રતિનિધિઓએ આ દેશની સરકાર બનીને જે સ્વરૂપ છુપાવ્યું હતું તેનું આબેહૂબ ચિત્ર, આજે જ્યારે હિંદુસ્તાનના સૈકાઓના ઇતિહાસનું મોં ઊઘડ્યું છે તે વખતે, ખરેખરા રૂપમાં આલેખાઇ ગયું છે.

સુજનતાનો જવાબ તે દમદાટીથી વાળે છે, સત્યને તે રૂંધે છે, ઈશ્વરના શાસનને તે અવગણે છે, અને તમે તેના બળની હરીફાઈ કરી ન શકો ત્યાં સુધી સીધી વાતનો તે ઇનકાર કરે છે. નિરપરાધી અને નિર્દોષ સ્વભાવના અનેક જણ તેની તુલાએ ભયંકર તકસીરવાર ઠર્યા છે અને તેના પંજાના પ્રહારથી કોણ બચી શકે તે કોઈ જાણતું નથી. કાયદાનાં એક પછી એક શસ્ત્રો તેણે એવાં નિપજાવ્યાં છે કે કોઇપણ માનવીએ અવાજ કે જવાબ વગર તેના ભોગ માટે એ ઘડેલાં પ્રચંડ જડબાંમાં ગૂમ જ થવાનું રહે છે. ને એ બધું કાયદેસર ગણાઇને!

એ કાયદાના જ જોરે ભારતહૃદયસમા યુગમૂર્તિ મહાત્મા ગાંધીજી ગઇ તા. ૪થી મેની રાત્રે એક વાગ્યે સરકારના ગ્રાસ થયા છે. આઝાદીનો જંગ ઉઠાવનાર અગ્રણી આમ દૂર થતાં પ્રજા શાંત થઇ જાય(એટલેકે સરકારની દૃષ્ટિએ શાંતિ જળવાય) એ હેતુ પાર પડશે ખરો? પ્રજાહૃદયમાં કંઇ દહાડાનો હુતાશ પ્રજ્વલી ઊઠ્યો છે તે એમ હોલવાઇ જશે શું? કાળ આજ સૌની પરીક્ષા લે છે. ઇશ્વર પણ ભારતના સંકલ્પો નાણી જુએ છે. વાઇસરૉયથી માંડી છેવટના કેટલાક પોલીસ અમલદાર સુધીના અધિકારીઓએ સત્યાગ્રહનાં જોર ખાળવા માટે પોતાની મનુષ્યદૃષ્ટિ ગુમાવીને રાક્ષસી ઈલાજો લેતાં પાછું વાળી જોયું નથી. પણ તે સાથે દુર્ભાગ્યની વાત તો એ છે કે દેશના દારિદ્રયને લીધે

હું પકડાઈ જાઉં એટલે

સાથીઓ કે લોકોએ ગભરાવાનું મુદ્દલ કારણ નથી. આ લડતને ચલાવનારો હું નથી. પણ ઈશ્વર છે. એ બધાનાં હૃદયમાં વાસ કરે છે. આપણામાં જો શ્રદ્ધા હશે તો એ દોરશે જ. માર્ગ તો અંકાઇ ગયો છે. . . . .

કુરબાની વિના મળેલું સ્વરાજ કદી ટકે નહિ. એટલે લોકોને ભલે પેટ ભરીને કુરબાની કરવી પડે. સાચી કુરબાનીમાં કેવળ એક તરફથી જ કષ્ટ સહન કરવાનું હોય છે. એટલે કે કોઈને માર્યા વિના પોતે મરીને જીવવાનો મંત્ર સાધવાનો હોય છે. એ મંત્ર હિંદુસ્તાન સાધો.

મોહનદાસ
કરમચંદ ગાંધી

પાંચપંદર રૂપિયા જાતમહેનતથી રળી શકવાની શક્તિ વિનાના આપણા જાતબંધુઓ જ અતિશય હીન અને ન ભૂલાય તેવી નિષ્ઠુરતા ને પશુતા બતાવી રહ્યા છે. તેઓ વિચારી શકે તો આ દારિદ્રય જ આખા દેશની અધોગતિનું મૂળ છે. એવું દારિદ્રય શાથી આવ્યું? કોઈ એનો પૂરો વિચાર કરી શકે તો ઇંગ્લંડ અને યુરોપમાં ઘસડાઇ ગએલી સંપત્તિ અને હિંદની અસહાય સ્થિતિ નજરે આવ્યા વિના નહિ રહે. આ યુદ્ધ અંગ્રેજ પ્રજાની સામે નથી, પણ જે રીતે તેણે ભારતને આટલી હદ સુધી પડવા દીધું છે ને જાણીબૂજીને તેને બચાવવાના ઇલાજો અટકાવ્યા છે તે રીતો ને ધારાઓ સામે પ્રજાનું આક્રમણ છે.

વાઇસરૉય સાહેબને કદાચ હિંદની પ્રજાની દયા આવતી હશે, છતાં હિંદનાં બંધનો ઢીલાં કરવાની સત્તા તેમના હાથમાં લેશભાર નથી. એક પછી એક સખ્ત કાયદાઓ ઊભા કરી તેઓ અંકોડા તંગ કરી શકે છે, તેઓ ચહાય તેટલો જુલમ કરી શકે છે, પણ હિંદુસ્તાનની પ્રજાને ટુકડો વધારે આપવાની સત્તા તેમને મળી હોતી નથી. એ તો ઇંગ્લંડમાં બેઠેલા હિંદના વઝીર અને પાર્લામેંટના હાથની વાત છે. એ પાર્લામેંટમાં ઇંગ્લંડના પૈસાદાર માણસોના જોરે આવેલા સભાસદો તેમજ ઇંગ્લંડની વેપારી સંસ્થાઓના પ્રતિનિધિઓ જરાકે હિંદુસ્તાનના ફાયદામાં મત પડતો જુએ તો કકળી ઊઠે છે. અને તેઓ એટલા સત્તાધીશ હોય છે કે જ્યારે તે હિંદી વઝીર કે વાઇસરૉયને હોદ્દા પરથી ખસેડી શકે. એ રીતે હિંદની સાંકળોના છેડા ખરી રીતે તો હિંદ પર વેપાર ચલાવતા થાપણવાળા ને મોટી નોકરીના ફાયદા ઉઠાવતા નોકરવર્ગના હાથમાં છે.

મોટાં કમિશનો નીમાય છે તેનો ખર્ચ હિંદુસ્તાનની પ્રજા ઉપર પડે છે પણ તે કમિશનનાં ફળ તો અંગ્રેજ વેપારીઓને અથવા કંપનીઓને મળી જાય છે. અને છતાં યે સંતોષ ન થાય તો એ કમિશનના વાયદા અને કમિશનોના નિર્ણય બધું છેલ્લી ઘડીએ પાર્લામેંટ ઉથલાવી દઇ શકે છે, જ્યારે હિંદી પ્રજાને તે માટે કોઇ બાંહેધરી સરખી પણ આપી શકતું નથી. તપ તાપીને કામ પાર ઉતારવા મથતા દેશનેતાઓને પાર્લામેંટને બારણે પણ ચડવાની તક મળતી નથી. નવા કાયદા કે નવાં ફરમાનો આવે તે પણ વાઇસરૉય સાહેબ મારફતે! તે પછી પ્રજાને કંઇ પણ કહેવું હોય તો વાઇસરૉય સાહેબ ભણશે કે પાર્લામેંટના હુકમ વિના હું કંઇ ફેરફાર ન કરી શકું. પછી હિંદુસ્તાનનો એક પણ પ્રતિનિધિ વાઇસરૉય સાહેબને સમજાવી શકે નહિ.

મહાત્મા ગાંધીજી, પંડિત માલવીય-

જી, ના. વિઠ્ઠલભાઇ પટેલ, પંડિત મોતીલાલ અને રાષ્ટ્રપતિ જવાહરલાલ જેવાને છોડીને હિંદ કોને પોતાના પ્રતિનિધિ તરીકે ધરી શકે? તેમની ઇંતેજારી, આત્મત્યાગ અને ઉગ્ર સેવાથી કોણ વધી જાય એમ છે? તેમના વિચારો અને આદેશોમાં હિંદ આજ પોતાની સમગ્ર શ્રદ્ધા મૂકી ચૂક્યું છે. તેમના જેવાના ભોગ અને સમર્પણથી આજે દેશના એકેએક જણમાં એક જ ઝંખના થઇ રહી છે અને તે ગાત્ર ખપી જવાની. રાષ્ટ્રહૃદયનો આ હુતાશ સરકાર અને ઇંગ્લંડવાસીઓનાં કઠણ દિલોને પીગળાવે અને માનવ હૃદયનો સાચો સાદ તેઓ સમજે ત્યાં સુધી એ દિનની રાહ જોતા આપણે તો સત્ય ને સ્વાર્પણથી સ્વાતંત્ર્યનો પંથ ઉજાળીએ.

હાઇસ્કુલ કૉલેજના વિદ્યાર્થીઓને

તમારા માંહેલા જેઓ પરીક્ષામાં, અશ્રદ્ધામાં, ઉદાસીનતામાં કે બીજી કોઇ સંસારી જંજાળોમાં જકડાઇ રહ્યા હતા, તેઓને તો આજે તમારા પેલા ઝુકાવી ચૂકેલા બડભાગી બાંધવોની ઇર્ષ્યા આવતી હશે. ધોલેરા, ધરાસણા, વીરમગામ અને બીજાં અનેક સમરાંગણોમાં અહિંસામય તાકાતનો પરચો બતાવી પશુબળને હંફાવનાર શ્રી તમારા ભાઇઓ તો અલૌકિક યશકલગીઓ ખાટી ગયા. તેમનાં શીલ, તપ અને સેવાપરાયણતાની ખુશબો ગામડેગામડે આજ ફોરી રહી છે. તમારી પોતાની શા તૈયારી છે?

ગોળીઓ ઝીલવાનું, ગિરફતારી વહોરવાનું કે અત્યાચાર વેઠવાનું તમારાથી બને યા ન બને, અભ્યાસ તમારી છાતીએથી છૂટે યા ન છૂટે, અન્ય મૂંઝવણોમાંથી તમે મુક્ત બની શકો કે નહિ, પણ તમે આટલું તો કરો. તમારી રજાનો આ એક મહિનો તો દેશને ચરણે ધરી દેવાની પ્રતિજ્ઞા આજે જ લઇ લો. તમારા વતનની નજીકનાં જ ગામડાંમાં જઈ પહોંચો. અજ્ઞાન ગ્રામ્યજનોની પાસે આજની લડતનું રહસ્ય ખુલ્લું કરો.




હિંદમાં બ્રિટિશ રાજકારભાર — ચિત્રકાર : રવિશંકર રાવળ

સ્વરાજની અને અત્યારના રાજની સરખામણી દોરો. સ્વદેશી, સામાજિક બહિષ્કાર, બ્રિટિશ માલનો પરિત્યાગ, ગાંધીજીએ બતાવેલા અગિયાર મુદ્દાઓ વગેરેની સમજૂતી આપો. શેરીઓ સાફ કરો, કુવાના ગાળ કાઢો; દક્ષિણામૂર્તિ ભવનની અક્ષરજ્ઞાનની યોજનાની એક પ્રત ગજવામાં લઇ, એકાદ નાનું પાટિયું ને ચાકની લાકડી લઇ, ગામડાંનાં આધેડ વયનાં સ્ત્રીપુરુષોને એમની ફુરસદને સમયે રોજેરોજ અક્ષરજ્ઞાન આપવા લાગી પડો. એક જ મહિનામાં તમે સેંકડો અંધજનોની આંખોનાં પડળ ઉઘાડી શકશો. કોઇ ને કોઇ પ્રકારે પૂર્ણ સ્વરાજના કાસદિયા બની આવો. આજે ગામડાં તમારા બોલ ઝીલવા તલખે છે. એક જ મહિનો—ફક્ત એક જ મહિનો માતૃભૂમિને અર્પણ કરો.' (સૌરાષ્ટ્ર)

લેખકોને ફરી એક વાર વિનંતિ છે કે લેખો સંબંધેના ઉત્તરો આપવા ન સ્વીકારાએલા લેખો પાછા મેળવવા માટે સાથે પોસ્ટેજ બીડવું જોઇએ. તે વિના તે મોકલવા અમે જવાબદાર નથી.

સ્વાસ્થ્ય : શક્તિ : સૌન્દર્ય




રાજકોટના ભાઈ ચંદ્રકાન્ત માવાણીઃ ઉંમર ૨૦ વર્ષ: ઊંચાઈ ૫' ૨"; વજન આશરે ૧૧૦ રતલ: છતાં શરીરની કેટલી સરસ ખીલવણી! એક પણ અંગ ભારે કે બેડોળ બન્યું નથી; છતાં જાણે શક્તિના ફુવારા છૂટતા ન હોય! પુરુષત્વનો તનમનાટ અનુભવવા તો આવાં સુદૃઢ કેળવાએલાં શરીરો જોઈએ; નહિ કે નિચોવેલા ગાભા જેવાં મુડદાલ હાડપિંજરો. સર્વાંગ વિકસિત શરીર, સ્ફૂર્તિભર્યું સ્વાસ્થ્ય અને ઓજસ્વી સૌંદર્ય એ જીવનનાં આવશ્યક અને અવિભાજ્ય અંગો છે. સર્જનહારે શરીર બક્ષ્યું તેની સાથે જ એને સાચવવાની ને વિકસાવવાની ફરજ સોંપેલી છે. એ ફરજને અવગણી બેદરકારી તથા પ્રમાદથી વેડફી નાખવાનો આપણને શો હક છે? ઇશ્વરનો, પોતાની જાતનો અને દેશનો એ દ્રોહ નથી શું?

પ્ર યો ગ સિ દ્ધ

આજથી ત્રણસેંક વર્ષ ઉપર ઇટાલીના ફ્લૉરેન્સ શહેરની પાસેના ગામડામાં એક વૃદ્ધ માણસ રહેતો હતો. પોતાને જાણે દુનિયાએ દેશપાર કર્યો હોય તેમ તે પોતાના ઘરમાં જ કેદ ભોગવતો. આજે તે તાવથી શેકાતો પડ્યો હતો. એક વાર તેનામાં એટલું બધું મનોબળ હતું કે જગતના ડાહ્યા ગણાતા માણસોની સલાહને તે હસી કાઢતો. ભલભલા સત્તાધીશોની તેણે દુશ્મનાવટ વહોરી લીધી હતી. પણ અત્યારે તે કંગાલિયત ને દુઃખમાં સબડતો હતો. એક વાર પોતાનાં તીવ્ર ચક્ષુથી સમગ્ર આકાશનું તેણે ઉત્તમ નિરીક્ષણ કર્યું હતું. અન્ય કોઇપણ માણસ કરતાં અનેક અદ્દ્ભુતતા તેણે જોઇ હતી. એ જ આંખો અત્યારે અંધ થઇ હતી. ધ્રૂજતા હાથે આ વેળાએ તેણે નીચેના શબ્દો લખ્યા, 'અરેરે! તમારો આ વહાલો સેવક અને મિત્ર ગૅલિલીઓ એક મહિનાથી તદ્દન આંધળો બન્યો છે. મેં આ વિશ્વ, આ સ્વર્ગ, આ પૃથ્વીને પ્રાચીન કાળના વિદ્વાનોની માન્યતા કરતાં લાખગણાં મોટાં કરી આપ્યાં; તે જ પૃથ્વીમાં આજે હું એક સાડા ત્રણ હાથના ખાડામાં દાટવા મારૂં આ કલેવર મૂકી જાઉં છું.'

આ કરુણ દૃશ્યનો પાત્ર મનુષ્ય આજે લગભગ ત્રણ સદી પછી વિજ્ઞાનનો એક અમર આત્મા ગણાય છે. આધુનિક જગતની ઘણીખરી અદ્દ્ભુતતા તેના ચપળ બુદ્ધિવાન મગજમાંથી ઉદ્ભવી હતી. આજે તો લગભગ દરેક વિદ્યાર્થી તેનું નામ અને તેણે કરેલાં કામ જાણતો હશે. આ ગેલિલીઓ વૈજ્ઞાનિક શોધક હતો, જેણે લોલક, થર્મૉમીટર ને દૂરદર્શક યંત્રની પ્રથમ શોધ કરી. વળી એ ખગોળવેત્તા પણ હતો. અમાપ આકાશમાં દેખાતા અસંખ્ય તારાઓની અદ્દ્ભુત મહાન વાર્તા તેણે જ પ્રથમ દુનિયાને કહી. તે તત્ત્વવેત્તા પણ હતો. સદીઓથી જ્ઞાનની પ્રગતિનાં દ્વાર બંધ થયાં હતાં તે તેણે ઉઘાડી



વિજ્ઞાનનો પિતા



ગૅલિલીઓ

નાખ્યાં. અગણિત ગ્રહો અને અનેક સૂર્યોની સૃષ્ટિમાં આ આપણી પૃથ્વી એક નાનો ફરતો માત્ર ભમરડો છે એવો ખ્યાલ તેણે જ પ્રથમ આપ્યો. પણ આવાં બધાં અને બીજાં તત્ત્વજ્ઞાનનાં સત્ય શોધીને તે સાબિત કરવાના વિષયમાં અનાદિકાળથી બહુ પ્રતિબંધ મૂકાયા હતા. તેને જ્ઞાનપ્રાપ્તિને ખાતર આ બુદ્ધિમાન પુરુષે ઠોકર મારી ફેંકી દીધા. પરિણામે પોતાના આખા જીવન દરમ્યાન તે નિંદા અને તિરસ્કારનો ભોગ થયો એટલું જ નહિ પણ તેને ઘણુંઘણું દુઃખ સહન કરવું પડ્યું. આટલું છતાં ભવિષ્યની પ્રજાને સારૂ શક્તિ તથા ગતિના નિયમની નવી સમજણ તેણે આપી, જે વગર આ જમાનાની યાંત્રિક અદ્દભુતતા અસંભવિત હતી.

ફ્લૉરેન્સના એક નિર્ધનાવસ્થામાં આવી પડેલા અમીરને ત્યાં ઈ. સ. ૧૫૬૪માં એક પુત્ર પ્રસવ્યો. તે બાળક હતો ત્યારથી હથોડી લેતો, ખીલા ટીપતો અને અવનવાં યાંત્રિક રમકડાં બનાવતો. વળી તેને ચિત્રો દોરવાનો પણ શોખ હતો. સારંગી પર આંગળીઓ ફેરવવામાં યે તેને ઓર મજા આવતી. મહાન કળાકાર થવાનાં તે સ્વપ્ન સેવતો. તે સત્તર વર્ષનો થતાં તેના પિતાએ ઘરમાં જે કંઇ થોડુંઘણું હતું તે વેચી મારી તેને વૈદ બનાવવા માટે પીસાની વિદ્યાપીઠમાં મોકલ્યો. અહીં તે પોતાની અપૂર્વતા માટે પ્રખ્યાત થયો. તેનામાં જિજ્ઞાસાવૃત્તિ તો કોઇ અજબ હતી. જે વાતની સાબિતી ન મળે એવી કોઈ વાત તે સાચી માની લેવાની ના પાડતો. જેમ વિદ્વાન ઍરિસ્ટૉટલના વિદ્યાર્થીઓ નૈસર્ગિક કાયદાના પાયા વિનાના ગુરુજીના શબ્દો સ્વીકારતા ના પાડતા તેમ તે પણ પોતાના શિક્ષકોને પ્રશ્નપરંપરાથી ગૂંચવી દેતો. સૌકોઇ તેને ડારતા, 'મૂર્ખા ! શું તું ઍરિસ્ટૉટલ કરતાં યે ડાહ્યો થઇ ગયો?' પણ ગૅલિલીઓ તેની દરકાર ન કરતાં આગળ ધપ્યે જ ગયો.

એક વેળા એક શિક્ષક કોઈ દરબારી હજુરિયાને ભૂમિતિ સમજાવતા હતા તે એણે સાંભળ્યું. તરતજ એ વિષય સંપૂર્ણ શીખી લેવાની અભિલાષા તેના અંતરમાં જાગી. પિતાની આજ્ઞા તથા વૈદુંવૈદું બાજુએ મૂકી યૂક્લિડની ભૂમિતિના છ ભાગ લઇ વાંચવા માંડ્યા તથા આર્કિમીડિસનાં પુસ્તકોનો પણ અભ્યાસ આદરી દીધો. તે પછી બીજાં પણ અનેક પુસ્તકો તે પચાવી ગયો.

આ અભ્યાસમાંથી જ તે શોધક થયો. એક સાંજે પીસાના દેવળમાં ઊંચે લટકતી એક હાંડી ઝૂલતી તેણે જોઇ. તે હલનચલનમાં જે અંતર કાપતી હતી તે અંતર ક્રમશઃ ધીમું થતું જતું હતું તે તેણે ધ્યાનપૂર્વક જોયું. આ પરથી એક ઉપયોગી વાત એકાએક તેને સ્ફૂરી આવી. હાંડી ગમે તેટલો મોટો કે નાનો ઝોલો ખાતી હતી, પણ એક પૂરા આંદોલનમાં જતો વખત હમેશાં એકનો એક જ આવતો હતો. આમાં વખત માપવાનો નવો સિદ્ધાન્ત તેને મળી ગયો.

આ વાત હાથ આવી એટલે તેણે તે પર ઊંડો વિચાર કરવા માંડ્યો અને આ નિરીક્ષણ ફરીથી કાળજીપૂર્વક કરવા માટે તેણે પોતાની કોટડીમાં જઇ એક ઝૂલના લોલકવાળું સાદા દાંતાનું ચક્કર બનાવ્યું. લોલક બરોબર ચાલતું થયું અને ચક્કર બરોબર કામ આપવા લાગ્યું. આમ નિયમિત સમયનો ચોક્કસ ભાગ જાણવાનું સાધન ઉત્પન્ન થયું. દરદીઓની નાડીના ધબકારા ગણવામાં વૈદોને મદદરૂપ થાય તેવો ઉપયોગ આ શોધનો કરવા તેણે મહેનત કરી. આમ ઝૂલતી હાંડી પરથી આધુનિક લોલકવાળા ઘડિયાળનો જન્મ થયો.

દરમ્યાન ગણિત તથા ભૌતિકશાસ્ત્રમાં ગૅલિલીઓના કામને સ્થાન મળ્યે જતું હતું. તેની પ્રતિભા જોઇ મિત્રો તેને ગર્વથી 'બીજા આર્કિમીડિસ'ના નામથી બોલાવતા. પદાર્થના મધ્યબિંદુ ખોળવાના પ્રયોગ

તથા નિબંધ તેણે લખ્યા. તરતા પદાર્થના વર્તન વિષે પણ તેના નિબંધ બહાર પડયા. તેની પચીસ વર્ષની ઉમરે તો તેને ગણિતશાસ્ત્રના પ્રોફેસરની જગ્યા મળી.

પણ જેમજેમ તેની કીર્તિ પ્રસરતી ગઈ તેમતેમ તેના દુશ્મનો વધુ ને વધુ ઊભા થતા ગયા. તે લોકો પોતાની જૂની માન્યતાઓ ઊંધી વળેલી જોઇ શકતા નહોતા. વળી ભૌતિક શાસ્ત્રના નિયમોની કેટલીક પ્રવર્તમાન માન્યતાઓ પણ તેણે જુઠી ઠરાવવા માંડી. દાખલા તરીકે પડતા પદાર્થનો એ વખતનો માન્ય સિદ્ધાંત એવો હતો કે પડતા પદાર્થની ગતિનો આધાર તેના વજન પર છે; પદાર્થ જેમ વજનદાર તેમ તે વધુ વહેલો જમીન પર પડે. પણ ગૅલિલીઓને પ્રયોગો કરી જોતાં આ વાત સાવ પાયાવગરની અને તદ્દન ખોટી છે એવું માલૂમ પડયું. અને જાહેરમાં તેના અસરકારક પ્રયોગો કરવાનું તેણે બીડું ઝડપ્યું.

પીસાના પ્રખ્યાત નમેલા મિનારા નીચે પ્રોફેસરો અને વિદ્યાર્થીઓનું એક મોટું મંડળ બોલાવ્યું અને તેના ઉપરના ભાગમાંથી આ યુવાન પ્રોફેસરે બે પત્થર એકીસાથે નીચે ફેંક્યા. આમાંનો એક પત્થર મોટો અઢી મણ વજનનો હતો; બીજો અરધા શેર વજનનો. અચંબાથી સૌ જોઇ રહ્યા કે બંને પત્થર એકીસાથે જ નીચે પડયા અને જમીન પર અફળાયા. આ પરથી ગૅલિલીઓએ બતાવી આપ્યું કે બંનેના નીચે પડવાના વખતમાં કાંઇ ફેર પડતો નથી. દેખીતો જે સહેજ ફેર લાગે છે તે માત્ર હવા સાથેના ઘસારાનું જ પરિણામ છે. આ વાત સૌ સમજ્યા હોય કે નહિ તે જુદી વાત છે, પણ પ્રેક્ષકોએ આ પ્રયોગમાં વૈજ્ઞાનિક જ્ઞાનના નવા યુગનો પ્રારંભ જોયો.

ગૅલિલીઓના આ પહેલા જ અગત્યના વિજયથી તેના ઘણા નવા દુશ્મન ઊભા થયા. તે બધાએ તેના પર પ્રહાર કરવા માંડ્યા તેથી તેણે પીસા વિદ્યાપીઠની પ્રોફેસર તરીકેની જગ્યા છોડી દીધી. તેના મિત્રોએ પાડુઆ વિદ્યાપીઠમાં તેને નોકરી અપાવી. ત્યાં રહીને ગૅલિલીઓએ ઘણી મહાન શોધો કરી.


અહીંની તેની પ્રથમ શોધ સાદા 'થર્મોમીટર'ની હતી. એક સામાન્ય પાણી ભરેલી નળી લીધી. તેમાં ગરમી વધતાં પાણી ગરમ થઇ, તેનું કદ વધતાં તે નળીમાં ઊંચે ચડતું હતું. પછીથી તેણે પાણીને બદલે 'સ્પિરિટ' વાપર્યો અને છેવટે તે સ્થળે પારો વપરાયો. વળી અહીં પાડુઆમાં જ ઇ. સ. ૧૬૦૯ માં તેના જાણવામાં આવ્યું કે એક વલંદાએ દૂરના પદાર્થ નજીક દેખાય તેવું એક યંત્ર બનાવ્યું છે. તેથી પોતે એ કોયડો ઉકેલવા બેઠો. એક રાતમાં જ તેણે એક દૂરદર્શક યંત્ર તૈયાર કર્યું. એક સીસાની ભૂંગળી લઇ તેને બંને છેડે એકેક દૂરબીનના કાચ મૂકયા. એક કાચ ઘૂમટાકાર (કૉન્વેક્સ) હતો ને બીજો ખિણાકાર (કૉંકેવ). એ દૂરબીનવડે શરૂઆતમાં ચીજ ત્રણગણી મોટી દેખાતી હતી. પછી આઠગણી ને છેવટ ત્રીસગણી મોટી તે દ્વારા દેખાવા લાગી. આ યંત્રથી એ જમાનામાં ભારે સનસનાટી જાગી. વૈજ્ઞાનિકો તેમજ સામાન્ય જનોને આશ્ચર્ય થયું. હરેકે એવા યંત્રની માગણી કરવા માંડી. ગૅલિલીઓ પોતાના નાના કારખાનામાં આ યંત્ર બનાવતો; પણ માગને પહોંચી વળાતું નહોતું.

આ નવા યંત્રવડે રાત્રેરાત્રે તેણે આકાશનું નિરીક્ષણ કરવા માંડયું તો સ્વપ્નમાં ય ન આવે તેવાં અજબ દૃશ્ય નજરે પડયાં. સૌ માનતા હતા કે ચંદ્રની સપાટી સુંવાળી છે, પણ તેને બદલે તે સપાટી પર તો તેણે મોટા પર્વત અને ઊંડી ખીણો જોઇ. આકાશગંગાના ચળકતા દૂધિયા ડાઘાઓમાં ભિન્નભિન્ન અસંખ્ય તારાગણ તેણે નિહાળ્યાં. બૃહસ્પતિની આસપાસ ચાર ઉપગ્રહ-નાના ચંદ્ર-નિયમિત માર્ગે ગતિ કરતા તેણે જોયા.

આવું બધું કેમ મનાય ? સૌ જાણતા હતા કે પૃથ્વી એ વિશ્વનું મધ્યબિંદુ છે. ત્યારે શું તારાઓ પૃથ્વીથી સમાંતરે વિશાળ ફરતા આકાશમાં જડેલા હીરા નહોતા ? તેમની જે સંખ્યા નરી આંખે દેખાતી તે કરતાં તો દસગણા વધુ તારા ગણી આપવાનું ગૅલિલીઓએ જાહેર કર્યું. કૉપરનિકસે એક નવો સિદ્ધાન્ત સ્થાપેલો કે વિશ્વનું મધ્યબિંદુ સૂર્ય છે, પૃથ્વી નથી; અને પૃથ્વી પોતાની ધરી પર દહાડામાં એક વાર ફરે છે તથા વર્ષમાં એક વાર સૂર્ય ફરતી પ્રદક્ષિણા કરે છે. આ નવા સિદ્ધાન્તને સૌ તિરસ્કારી કાઢતા, પણ ગૅલિલીઓએ જ્યારે કહ્યું કે 'બૃહસ્પતિને ચાર ચંદ્ર છે' ત્યારે ઉપલા સિદ્ધાન્તને ટેકો મળ્યો. જૂના વિચારના ખગોળશાસ્ત્રીઓ, શિક્ષકો ને ધર્મગુરુઓ આ વાત માનતા નહોતા. આ સર્વ તેમને મન શ્રદ્ધાવિહીન લાગ્યું. ચારે તરફથી સૌએ ગૅલિલીઓની મશ્કરી કરવા

માંડી ને સૌ તેનું અસહ્ય અપમાન કરવા લાગ્યા. માત્ર પ્રતિબિંબિત પ્રકાશથી દૂરદર્શક યંત્રમાં બૃહસ્પતિના ચંદ્ર દેખાવાનો આભાસ થાય છે એવો ખોટો આત્મસંતોષ માની પાડુઆના એક પ્રોફેસરે કહ્યું, 'આપણે જાણીએ છીએ કે ધાતુ સાત છે; અઠવાડિયાના દિવસ સાત છે; માણસના માથામાં છિદ્રો પણ સાત છે; એટલે ગ્રહ પણ માત્ર સાત જ હોવા જોઇએ!' છતાં ગૅલિલીઓએ જ્યારે તેને દૂરદર્શક યંત્ર વડે પેલા ચંદ્ર નજરોનજર દેખાડ્યા ત્યારે તેને હા તો પાડવી પડી, પણ ભદ્રંભદ્રની માફક એવી દલીલ કરી કે 'એ ચંદ્ર કંઇ નરી આંખે દેખાતા નથી માટે તે કંઇ ઉપયોગના નથી અને તે ન હોય એમ જ મનાય!'


પોતાનાં નિરીક્ષણ તથા શોધથી આ સર્વ શંકાના પ્રત્યુત્તર ગૅલિલીઓએ આપ્યા. પોતાના દૂરબીનમાંથી આકાશ પ્રત્યે જોતાં ચંદ્રની ભૂમિ ખાડાખડિયા ને ટેકરીઓવાળી માલૂમ પડી. ગ્રહ તરફ નજર કરી તો શુક્રનો ગ્રહ ચંદ્રની માફક સુદિ વદિ પક્ષ કરતો જણાયો. આ ઉપરથી તેણે સાબિત કર્યું કે કોઇ ગ્રહ સ્વપ્રકાશિત નથી. ગ્રહગતિપથમાં કોઇ ગ્રહ એક વખત વિશેષ પ્રકાશિત ને મોટો દેખાય છે ને પાછો અમુક વખત બાદ એ જ ગ્રહ નાનો ઝાંખો દેખાય છે તેનું કારણ શું? તેનાથી પૃથ્વીનું અંતર ઓછું વધતું હોય છે, માટે જ આવું દશ્ય જણાય છે. વળી બૃહસ્પતિને ફરતા ચાર ઉપગ્રહ-ચંદ્ર જોયા એ નાના પાયા પર એક સૂર્યમાળા જેવું જ લાગ્યું. એ ચાર ઉપગ્રહનાં નામ તે વખતના ફ્લૉરેન્સના રાજ્યકુટુંબનાનામ પરથી 'મેડીસિયન તારા' એવું આપ્યું. વળી સૂર્યનું નિરીક્ષણ કરતાં તેની સપાટી પર અમુક કાળા ડાઘ જણાયા. આ ડાઘ ચોવીસ દિવસને અંતરે ફરીફરી દેખાતા હતા. તે પરથી સૂર્યનો પોતાની ધરીની આસપાસ ફરવાનો કાળ ચોવીસ દહાડાનો છે એમ ગણી કાઢ્યું. શુક્રની કલા થાય છે અને શનિના ગ્રહ ફરતાં વર્તુળ છે એવી કેટલી યે શોધો પણ તેણે કરી. પણ જેમજેમ તે આ શોધ કરતો ગયો તેમતેમ ધર્મગુરુઓ તેના પર ચીડાયા. બાઇબલમાં પૃથ્વીને અચળ કહી છે અને વિશ્વનો પ્રકાશ આપનાર દીવો સૂર્ય છે એમ લખ્યું છે. એ સંસ્કાર લોકોના મન પર પણ સબળ જડાઇ ગયા હતા. એટલે પાદરીઓ અને તેમના દોર્યા હંકારતા આમવર્ગ



એક અચ્છેરનો ને બીજો અઢી મણનો એમ બે ભિન્ન વજનના પત્થરોને પીસાના પ્રખ્યાત વાંકા મિનારા પરથી ફેંકીને ગલિલીઓએ વિજ્ઞાનીઓને સાબિત કરી આપ્યું કે ગુરુત્વાકર્ષણના નિયમમાં વજનને લીધે ઝડપ વધતી નથી.

તરફથી ગૅલિલીઓને ખૂબ દુઃખ ખમવું પડ્યું.

ઇ. સ. ૧૬૦૪માં એક મોટો ચમત્કાર થયો. આકાશમાં એક નવીન તારો દેખાયો. એ તારો અમુક કાળને અંતરે દષ્ટિએ પડે છે એવું આધુનિક જ્યોતિષશાસ્ત્રમાં તો કહ્યું છે; પણ ગૅલિલીઓના કાળમાં એવું સ્વતંત્ર વાતાવરણ નહોતું કે જેથી છૂટથી ચર્ચા થાય. આકાશ સ્થિર છે ને તારાગણના સ્થાનમાં કાંઇ જ ફેરફાર થતો નથી એવો ઍરિસ્ટોટલનો મત પ્રચલિત હતો. એટલે આ નવીન તારો બતાવી ગૅલિલીઓએ એ જૂના મતનું જુઠાણું ઉઘાડું પાડ્યું. સ્વતંત્ર મતના માણસોએ ગૅલિલીઓની આ વાત સ્વીકારી, પણ રૂઢિધર્મથી અંધ બનેલા લોકોને સત્યની શી પરવા હોય? છતી આંખે દેખાતો તારો નથી દેખાતો એમ કહેનાર ધર્માંધ લોકને શી રીતે સમજાવાય? ઊલટો એ લોકની દષ્ટિએ ગૅલિલીઓ પાપી ગણાયો. તેમને મન



(૧) ગલિલીઓએ શોધેલું પાણીનું કાલમાપક યંત્ર–ઘડિયાળ
(૨) ગૅલિલીઓનું શોધેલું થર્મૉમીટર (ઉષ્ણતામાપક યંત્ર)

તો ધર્મગ્રંથમાં આપેલી વાત જ સાચી હતી; બાકી સર્વ જુઠ છે એમ તે માનતા. 'चक्षुर्वै सत्यम्' એ તત્ત્વની તેમને કંઇ કિંમત નહોતી. માત્ર ધર્મગ્રંથથી વિરુદ્ધ કહેનાર તેમનો શત્રુ બનતો ને તે આંખમાં ખૂંચતો. સત્ય અન્વેષણ બુદ્ધિ તેમનામાં નહોતી. ગૅલિલીઓની નવીન વાતનો શાંત ચિત્તથી તેમણે વિચાર કર્યો હોત તો સર્વ સત્ય તેમના જાણવામાં આવત. પણ છતી આંખે અંધ બનનાર માણસનું કહેવું જ શું? આથી તેમણે ગૅલિલીઓને ખૂબ હેરાન કર્યો.

ઈ. સ. ૧૬૩૨માં ગૅલિલીઓએ પોતાની ખગોળશાસ્ત્રની આ નવીન શોધનું એક પુસ્તક સંવાદના રૂપમાં લખ્યું. આમાં ટૉલેમી અને કૉપરનિક્સનાં એકબીજાથી વિરુદ્ધ મત ધરાવનારાં પાત્ર કલ્પ્યાં અને ટૉલેમીના સિદ્ધાન્તને પુષ્ટિ આપનાર સિમ્પ્લીસિયો નામે એક પાત્ર ઉમેર્યું. ટૉલેમી અને કૉપરનિકસ દરેકના મુખથી પોતાના મતની પુષ્ટિની સર્વ ઉત્તમ દલીલો મૂકી, જેથી પોતે એમ બચાવ કરી શકે કે મેં તો કૉપરનિકસ વિરુદ્ધ ટૉલેમીનો સિદ્ધાન્ત જાહેરમાં મૂક્યો છે. પણ આ પરથી ચતુર વાચક છેતરાય તેવું નથી. સિમ્પ્લીસિયો તે પોપ જાતે જ છે એમ પણ પોતે કહ્યું. પુસ્તક અત્યંત પ્રસિદ્ધિ પામ્યું, વિદ્વાન મંડળીઓમાં પ્રેમથી વંચાયું, પણ ધર્મગુરુઓની તીવ્ર ને કડવી દૃષ્ટિ તેના પર પડી. અંધશ્રદ્ધાળુ સમાજની શત્રુતા તો તેણે વહોરી જ લીધી હતી, પણ હવે આ શત્રુતા પરાકાષ્ઠાએ પહોંચી. હવે વૃદ્ધ થએલા ગૅલિલીઓને ધર્મગુરુઓએ ફરમાવ્યું કે કૉપરનિકસના સિદ્ધાન્તનો ઉપદેશ આપવો બંધ કર. નહિ તો નાસ્તિક તરીકે જલ્લાદની છરીનો ભોગ બનવું પડશે.' પ્રથમ તો આ હુકમ પોતે માથે ચડાવ્યો હતો, પણ જ્યારે સાત વર્ષ બાદ 'પૃથ્વીની બે મુખ્ય પદ્ધતિઓ પર વ્યાખ્યાન' એ નામનો તેનો ઉપલો નિબંધ બહાર પડ્યો ત્યારે રોમની વડી ધાર્મિક કચેરી સમક્ષ હાજર થવા આ ૭૦ વર્ષના વૃદ્ધ ગૅલિલીઓ પર હુકમ છૂટ્યા. વૃદ્ધાવસ્થા અને અશક્તિનાં બહાના આપ્યાં પણ તે સર્વ નિષ્ફળ ગયું અને તેને રોમ જવું પડ્યું. જળહળતા રેશમી ઝભ્ભા પહેરેલા ધર્મગુરુ ન્યાયાસને બેઠા હતા તેની સમક્ષ વૃદ્ધ ગૅલિલીઓને પશ્ચાત્તાપ કરનારની ગુણપાટની કફની પહેરી ઊભા રહેવું પડ્યું. પોતે શાસ્ત્રવચનથી વિરુદ્ધ શિક્ષણ કદી આપ્યું જ નથી એમ તેણે કહ્યું અને ઘુંટણ પર પડી સોગંદ ખાવા પડ્યા કે 'પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, સૂર્યને ગતિ છે એવો ઉપદેશ હું મોઢેથી કે લખીને કદી નહિ કરૂં.' પણ તે મનમાં ગણગણ્યો કે 'ઇ પુર સી મુવ' (એ છતાં પૃથ્વી તો ફરે જ છે!) જોકે લોકવાર્તા તો એવી છે કે છેવટ લગી તેણે ઉપલી વાતની કબૂલાત કરી જ નથી અને પોતાના મતમાં દૃઢ રહીને છેવટ સુધી એમ જ કહ્યા કર્યું છે કે 'પૃથ્વી ફરે છે ને ફરે છે, તથા સૂર્યને ગતિ છે જ.' અને આ શબ્દો તેણે પગે પડી નમીનમીને ગળગળે સાદે ઉચ્ચાર્યા હતા. અંતે તેને કેદની શિક્ષા થઇ, પણ તેનો અમલ કદી થયો જ નહિ. જિંદગીનો આ પછીનો થોડો સમય તેણે યાંત્રિક પ્રયોગોમાં ગાળ્યો હતો.

ગૅલિલીઓનું બાકીનું આયુષ્ય બહુ દુઃખમાં વીત્યું. શાસ્ત્રીય વ્યાસંગની તેને મનાઇ થઇ હતી તેથી ઘરમાં પણ તુરંગવાસ જેવું તેને લાગતું. આ દુઃખમાં ઝૂરીઝૂરીને તે અંધ થયો અને ઇ. સ. ૧૬૮૨માં ૭૮ વર્ષની વયે, દુઃખદ અવસ્થામાં, લેખની શરૂઆતમાં કહ્યું તેમ છેલ્લા શબ્દો લખ્યા પછી તેનું મૃત્યુ થયું. ધર્માંધ પાદરીઓની ક્રૂરતા એટલે સુધી પહોંચી હતી કે તેના મૃત્યુ બાદ તેના શબને પણ જાહેર કબ્રસ્તાનમાં દફનાવવાની મના થઇ હતી! તેના બધાં પુસ્તકોને પણ બાળી નાખવામાં આવ્યાં. પણ આમ પુસ્તક બાળ્યે કંઇ જ્ઞાનનો નાશ ન જ થયો; ઊલટી તેને વધુ પ્રસિદ્ધિ મળી.

આમ, પ્રયોગસિદ્ધ જ્ઞાનનો પાયો ગૅલિલીઓને હાથે સુદૃઢ નખાયો. આજ પણ પીસાનો ઝૂલતો મિનારો એ મહાન વૈજ્ઞાનિકના સર્વોત્કૃષ્ટ સ્મારક તરીકે ઊભો છે.


રેવાશંકર ઓ. સોમપુરા



તામિલ કન્યા

[ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ]

ભાઇ રસિકલાલની કલમ ધીમેધીમે પ્રૌઢ શૈલીમાં પ્રવેશ કરી રહી છે તેનો આ સુંદર નમૂનો છે. એની રેખાઓ રેખામાં સ્વચ્છતા અને આવિર્ભાવ હોવા સાથે નૈસર્ગિકતા, અને નિરૂપણમાં તે જરા ય ખંડિત થતી નથી. વિગતમાં અને સમગ્રતામાં આમ એકસરખું ચિત્રા-લેખન કરવાની શક્તિ જેને અત્યારે મળી છે તેનાથી ભવિષ્યમાં કળાના અનેક પ્રદેશો જરૂર સર થઇ શકશે હાલ તે સર ચીનુભાઇના સ્કૉલર તરીકે શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીના હાથ નીચે મદ્રાસની ચિત્રશાળામાં વિકાસ કરી રહ્યા છે, એટલે ચિત્રના પાત્રની પસંદગી એ પ્રદેશમાંથી થઇ છે.



જહાંગીરી-ફકીરી

ફકીર બનેલા અમીર પિતા-પુત્ર

આર્યોને પ્રિય એવું અનિકેતન વ્રત સ્વીકારી પંડિત મોતીલાલ નેહરૂએ પોતાનો રાજશાહી નિવાસ 'આનંદ-ભવન' દેશને અર્પણ કર્યો છે જે હિંદી મહાસભાના મુખ્ય સ્થાનક તરીકે વપરાશે. પુત્ર જવાહરલાલે તો પોતાનું જીવન ક્યારનું દેશને અર્પણ કર્યું છે.

ગમે તેવું નાચીઝ પ્રાણી પણ ચોમેરથી ઘેરાય ત્યારે આત્મરક્ષણ માટે છેલ્લું પાણી બતાવે છે; ત્યારે આ તો પોતાના ટોળાનું રક્ષણ કરવાને કૃતનિશ્ચય એવા આંતરેલા

કાંગારૂનું ખમીર

નાઠાં 'લ્યા . . . દોડજો . . . આ જાય . . . આ જાય . . . સાબાશ . . . બ્રિન્ડલ . . . સ્નૅપ . . . ગેર્ઝ . . . કાળી આંખો મર્ય . . .

'પંચભેળ ખીચડી' જેવો અમારો તાલ હતો. સૌસૌના તાનમાં મસ્તાન. બધાયનો તોર જુદો. છતાં ઘડી પણ એકબીજા વિના ચાલે નહિ. જે વખતની આ વાત છે, તે વખતે વનવગડામાં ઝાડની છાલની પેઠે જુદા છતાં એકરૂપ અમારો સંઘ પાથરો વાળી પડ્યો હતો. બહાર અજવાળી ઝોકા જેવી રાત રૂમઝુમ ચાલી જતી હતી. પણ જે સ્થળે અમે ડેરા તાણ્યા હતા તેની આસપાસ ઝાડનાં જૂથ એવાં કે ખરે બપોરે પણ અંધારી રાતનાં સ્વપ્નાં આવે. ટાઢ તો કહે મારું કામ ને પવનના સુસવાટા એવા આવે કે માણસ ઊભું ને ઊભું ચડી જાય. જંગલમાંથી વીણેલાં જાગાંઝાંખરાંની તાપણીઓના ભડભડાટમાં અમારી અસંગદ્ધ વાતો ભળી જતી હતી. સૌએ ફાવ્યું તેમ સંકડાશે મોકળાશે માગ કરી લીધો હતો. કોઈ આડે પડખે પડ્યા હતા, તો કોઈએ લંબાવ્યું હતું. બેચાર જણા ગામગપાટે ચડી નિર્જન જંગલમાં વસતીની મંગળતા લાવવા મથતા હતા. એકાદ જણ ફાવે તેમ ભરડ્યે જતો હતો અને પગથી ઝીંબાડિયું કરતો લાગ મળ્યે સૂતેલાના પગનો જીવત અગ્નિસંસ્કાર કર્યે જતો હતો. રાત ઠીક ગઈ હતી, છતાં અમારો સાથ અરધોક જાગતો હતો. એવામાં થોડેક છેટે ઝાડ નીચે આગવી પથારી જમાવી બેઠેલામાંથી એક જણને ઉપલા શબ્દો બોલતો સાંભળી અમારા કાન ચમક્યા, અને કંઈક રંગ જામ્યો છે અથવા તો કાંઈકનું છટક્યું દેખાય છે એટલે મજા આવશે એમ ધારી, જાગતા હતા તે બધાય ઝટપટ હોબાળો કરનારની આસપાસ ગોઠવાઈ ગયા.

કહેનારે હમણાં જ વાત શરૂ કરેલી, અને તેમાં પણ 'મેથાણી' થવાનું એને મન. એટલે વાતવાતમાં હડેકા કરવાનું • લતો નહિ. છતાં શરૂઆતનો ઊભરો શમ્યા પછી એણે આ હકીકત કહી.

કહેનાર ખાંડ ખાય છે કે બહાદુરી તો માણસના બાપની. પશુપંખી તો બધાં બાયલાં, બીકણ. અરે, ઘણાયને એવો અનુભવ છે કે માથે આવી પડે ત્યારે ગરીબમાં ગરીબ સ્વભાવવાળું પશુ પણ પોતાનાં બચ્ચાં કે માદા અગર નરને બચાવવા અજબ હિંમત દેખાડે છે. ભલભલા બળિયા પણ એના આગળ પાણી ભરે. અને આમાં વાઘવરૂ જેવાંની વાત નથી. આ તો સાદાં સરળ અને નરમ ચોપગાંની વફાદારીની વાત છે.

તમે ઑસ્ટ્રેલિયાનું નામ તો સાંભળ્યું છે. ત્યાંની આ વાત છે. નજરોનજર જોનાર એક ફોટોગ્રાફરે કહેલી.

ઑસ્ટ્રેલિયાના ક્વીન્સલૅન્ડ પ્રાન્તમાં ભારે જંગલો છે. એમાં એક વખતે ડાળાંપાંખડાં વિનાનાં બૂચાં બાવળિયા જેવાં ઝાડનાં ઝુંડની વચ્ચે થઈ વીજળીની ઝડપે કાંગારૂનું એક ટોળું નાસભાગ કરતું હતું. તેમની પાછળ, જોતજોતાંમાં પાસે આવી પહોંચતા, કાંગારૂના શિકારની રીતમાં ખૂબ ટેવાએલા ભયંકર ને નીડર બે વિકરાળ કુતરા પડ્યા હતા. થોડેક છેટે ત્રીજો એક કુતરો, લાલચુ છતાં ઘણી જ ધીમી ચાલે આવતો હતો.

પાછળ બે ઘોડેસવારો ધસમસ્યા આવતા હતા. કુતરાને લલકારતા, ઘોડાં દબડાવતા, ઝાડીમાં આમતેમ અથડાતાકૂટાતા દોકરાતા એમનો પગરવ કાચી બોંગા પણ ઘણે છેટેથી સંભળાતો. એક ત્રીજો માણસ પણ ઝાડની ઓથે ઊભોઊભો આતુરતાથી આ બધું રમખાણ જોતો હતો. આ જોનારને પેલો ફોટોગ્રાફર પોતે. શિકારનો ઝોક કઈ દિશામાં છે એનું ધોરણ બાંધી એણે કૅમેરા તૈયાર કર્યો અને ઝડપથી ચાલતો જે જગ્યાએ કાંગારૂનું ટોળું ચરતું હતું ત્યાં આવી પહોંચ્યો. અરધીપરધી શમેલી આશા સફળ થઈ અને ઝાડના ઠુંઠાની ઓથેથી એની લગોલગ જ કાંગારૂના એક બચ્ચાએ ડોક ઊંચી કરી. હાથની ગરજ સારતા એના આગલા પગમાં તાજી ચૂંટેલી ધરોનાં તણખલાં અરધાં ચાવેલાં હતાં, ને અણધાર્યા માણસના આવવાથી આંખોમાં કુતૂહલવૃત્તિ તરી આવતી હતી. ચડપ લઈને એનું ચિત્ર પાડી, ફોટોગ્રાફર પાછો ઘોડે બેઠો અને દૂરદૂર સંભળાતા શિકારના સાદની નેમ બાંધી. ખડ-



ખડ પાંચમ જેવાં ઝાડનાં ઝુંડમાંથી ઘોડાના ડાબડાના અવાજ અને કુતરાનું ભસવું સંભળાતાં હતાં. વચ્ચે-વચ્ચે શિકારીને લલકારતા, કુતરાને હાંકતા શિકારીઓની હાકલ પણ આવતી હતી. હમેશની પેઠે શિકારનું વલણ જંગલમાં ગોળાકારે ફરવામાં હતું. અનુભવી ફોટોગ્રાફર આંતરેલા કાંગારૂની ગત જાણતો હતો કે આ બધી ધમાલનો અંત થોડે દૂર આવેલા પડલરના તળાવને કિનારે જ આવશે. એટલે વચ્ચેવચ્ચે આવતા અવાજથી મામલો કેમ ચાલે છે એ ધ્યાનમાં લેતો તે ઝટ લઈને પાણીના બંધ ભણી વળ્યો.

પહેલાં તો અચાનક હુમલાથી ગભરાઈ ગએલાં કાંગારૂ પૂરપાટ દોડ્યે જતાં હતાં. પણ બીકની ફડક શમતાં જ ઝડપ ઓછી કરી અને એક હારમાં દોડવાનું ચાલુ રાખ્યું. આખા સાથમાં દસ જીવ હતા. સૌથી મોખરે અધકચરા અનુભવવાળો એક જવાન, વચ્ચે કાચી બુદ્ધિનાં બચ્ચાં, તેમની પાછળ માદાઓ, ને છેલ્લે ભારે પગલે—પણ દરેક પગલે મર્દાનગીના જોરથી નીતરતો ટોળાનો માલિક. આમ, જોતરેલાં હોય તેમ સૌ અસ્ખલિત વેગે દોડતાં હતાં. કુતરા અને શિકારીઓના સાદ જેવા પાસે આવતા સાંભળ્યા કે સૌની ઝડપ વધી. પવનવેગે ચાલતાં બચ્ચાં અને ખાલી પેટવાળી માદાઓ અહીંતહીં વિખરાઈ ગયાં. બચ્ચાંને ગોદમાં લઈ, ભરેલી કોથળીઓવાળી માદાઓ પણ ફાવ્યું તેમ નાઠી. પણ ન નાઠો એકલો નર. ટોળાના નાયક તરીકે એનું સ્થાન સૌથી પાછળ—મૃત્યુના મોમાં હતું. બધાંય એની આગળ, સૌની પાસે એ. ધારત તો એના અમાપ બળને લીધે ઘડી વારમાં તે મોખરે થઈ નાસી જઈ શકત. પણ ના. એમ જીવ સાચવે તે ડીચકારા બીજા; આ ડોસો નહિ. ટોળું તો એનું જ ને? એ એકલો માલિક; ટોળાનો મહોરી નાયક. બચ્ચાં એનાં, માદાઓ એની, દીકરાદીકરીઓ—સૌ પર એની સત્તા ચાલતી. ખરા ભયમાં પણ એની જ બુદ્ધિ. ચપળતા અને આગમચેતીને લીધે સૌ આજ સુધી બચી ગયાં હતાં. એટલે એ પદ કંઈ એ છોડે?

બધાં કાંગારૂ છૂટાંછવાયાં જેમ ફાવ્યું તેમ જીવ બચાવી અદૃશ્ય થઈ ગયાં અને ત્રણે કુતરા એકલા ડોસાની પછવાડે થયા, એટલે એ સમજ્યો કે હવે જખ મારે છે. પોતાની ફરજ પૂરી થઈ અને હેમખેમ ટોળું નાસી ગયું, એટલે હવે એને પોતાનો જીવ બચાવવામાં કોઈ અંતરાય ન હતો. અને એક વખત એણે આમ નિશ્ચય કર્યો કે પછી બાર કોના કે એનો વાળ પણ વાંકો કરી શકે?

પણ મામલો જરા કટોકટીનો હતો. એની એક બાજુ લગોલગ—એટલો પાસે કે હાંફવું પણ સંભળાય એમ---પૂરપાટ બ્રિન્ડલ દોડતો હતો. બ્રિન્ડલની પાછળ સહેજ છેટે, છતાં ધૂળમાં પડતાં એનાં પગલાંનો થડકાર નગારાની પેઠે ચોખો સંભળાય તેમ સ્નૅપ ધસ્યો આવતો હતો. અને ખૂબ આઘે, દોડીદોડીને ઢીલોઢફ થએલો ઉત્સાહહીન કોલી, ઘડીમાં ભસતો, વચ્ચે શ્વાસ લેતો ભાંગ્યા પગે અડબડિયાં ખાતો આવતો હતો. જરાક વિચાર કરી ડોસાએ સહેજ આગળ ઠેક મારી, ને ધૂળમાં પંજા ભરાવ્યા. આમળેલા તાર જેવા એના સ્નાયુઓમાં ગાંઠો પડી ગઈ અને એક ઝપાટે પૂરા વીસ હાથ હવામાં ઉછળ્યો.

આંખ મીંચીને ઉઘાડો ત્યાં તો એણે દસ ઓતરતા ભોંય કાપી નાખી! ગરીબ બીચારા કુતરા! ક્યાંય પાછળ અથડાતા હતા. દોડીદોડીને આંતરડાં વલોવાઈ ગયાં હતાં અને હાંફવાથી જીભ તો વેંતવેંત લટકતી હતી.

ડોસાએ તો રંગ રાખ્યો. હતું એટલું કૌવત ટાંપેટીપું વાપરી નાખ્યું. પણ આવો પાણીપૂર વેગ

યુદ્ધે ચડેલું કાંગારૂ શી મર્દાનગીથી જળ ને જમીન પર શિકારીઓનો સામનો કરે છે!

અને હરણફાળ કુદકા ક્યાં ઠેઠ સુધી થોડાં સચવાય? એટલે શ્વાસ ખાવા રજ ધીરો પડ્યો ન પડ્યો ત્યાં તો કાળમુખા કુતરા વળી આવી પહોંચ્યા.

આમ ને આમ બીજી પંદર વીસ ખેતરવા ભોંય માપી નાખી. એટલામાં તો બ્રિન્ડલ અડોઅડ આવી લાગ્યો. દોડીદોડીને હાલહવાલ થઈ ગયા હતા, છતાં એણે ડોસાને બચકું ભરવા ફાંફાં માર્યાં. ડોસો સમજ્યો કે આમ દોડવાથી પાર આવશે નહિ. અને જંગલી પ્રાણીની એ ખાસિયત છે કે ચારે બાજુથી અંતરાયું કે તરત પોતાની હાર સમજી જાય છે. છતાં બાજી હાથથી ગઇ ન હતી. પોતાની રાક્ષસી શક્તિમાં એને હજુ વિશ્વાસ હતો. કેટલી યે મારામારી અને લડાઇઓને અંતે ડોસાએ ટોળું જમાવ્યું હતું. એની ચીવટ અને બુદ્ધિબળથી જ બધાં ભેગાં રહી શક્યાં હતાં. એટલે એ સમજ્યો ખરો કે પોતાનો કાળ આવી પહોંચ્યો છે. છતાં એને મરતાંમરતાં યે ખમીર બતાવવું હતું. વગર લડયે કુતરાને મોતે તે કેમ મરાય? આસપાસ એવી કેટલી ય જગ્યાઓ પડી હતી કે જ્યાં દુશ્મનના ભોગે, જિંદગીની આ છેલ્લી સાહમારી એ ખેલી શકે. એકાદ ઝાડ કે પથરાની ઓથે એણે પીઠ જમાવી કે પછી ભલેને આખી દુનિયાનાં કુતરાં આવે. ઝાડ તો ઘણાં ય પડ્યાં છે. ને વિશાળ પત્થરની છાટોની પણ ક્યાં ખોટ હતી?

પણ એટલામાં આ બંને કરતાં યે સરસ જગ્યા એના ધ્યાનમાં આવી ગઈ. આજે જ સવારે પડલરના બંધ આગળ સૌ પાણી પીવા ગયાં હતાં. અને અણીની પળે એના જેવું સરસ સ્થાન બીજું કયાં મળે? એટલે ઝટ લઇને એણે એ દિશામાં પગલાં વાળ્યાં.

એક બાજુ બચકાં ભરવા મથતો બ્રિન્ડલ, બીજી તરફ એને આડમાર્ગે વાળવાનું કરતો સ્નૅપ. પાછળ મૃત્યુના દૂત જેવા ઘોડાના ડાબલા ભયંકર અવાજે ધસ્યા આવતા હતા. શિકારમાં ભાગ પડાવવા મથતો ફોલી પણ સાદ પૂરાવતો પાછળ પડ્યો હતો. જાણે આખું આભ ડોસાને માથે તૂટી પડ્યું એમ લાગતું હતું. ક્ષણભર તો ડોસાના પગ ઢીલા થઇ ગયા. પણ ગતિ-ભંગ થયો ન થયો ત્યાં તો એણે ભાન સંભાળી લીધું અને કુતરાને ફાંફાં મારતા રાખી નવા જ આડમાર્ગે ફંટાઇ સીધો પડલરના બંધ ભણી વળ્યો. મોમાં શ્વાસ માતો ન હતો. ફીણના ગોટેગોટા ઊડીને ચોપાસ હાથ ભોંય પલાળી મેલતા. આંખો લાલચોળ હતી અને એમાંથી અંગાર ઝરતો હતો. જેમ કુદકો ભરે તેમ પાંસળાં ઊંચાં થાય. છતાં એકધારૂં દોડ્યે જતો હતો. દાંત પીસેલા હતા. કઠોર નિશ્ચય કર્યો હતો કે પેંતરો જમાવ્યા વિના લડવું નહિ. ભાન વગર લડે એ બીજા.

ક્વચિત્ ક્વચિત્ એકાદ કુતરો તરાપ મારવા જતો, પણ ભાગ્યે જ એની અસર થતી. ડોસો સહેજ ઠોકરાતો પણ પાછો મૂળની ઝડપે જ દોડ્યે રાખતો. દોડતા કાંગારૂને મારવું હોય તો શિકારી કુતરાનો મોટામાં મોટો દાવ તેની કાખમાં બચકું ભરવાનો. બીજે ક્યાં ય ગજ વાગે નહિ. પણ અહીં તો મોં મળે નહિ એવું હાંફતા ને થાકીને લોથપોથ થયા હોય એવા કુતરાના શા ભાર કે વારવાર ભોંય એક તલપે કુદનાર ડોસાને અડકી પણ શકે. એક પળમાં તો કેટલું ય છેટું પડી જાય. એટલે ન તો બ્રિન્ડલે હામ બીડી કે ન સ્નૅપને મન થયું. બંને કુતરા માત્ર ચપરાશીની પેઠે ડોસાની પાછળ દોડતા હતા. જોતજોતામાં ડોસો જંગલ વટાવી ઝાડની ઓથ છોડી સીધો પાણીના બંધ ભણી ફર્યો હતો.

હાંફને લીધે પડુંપડું થયો હતો. પગ જેમતેમ પડતા હતા ને શરીરમાં હવે રજ પણ કૌવત ન હતું. છતાં પાણીની પાળ્યે તો આવી પહોંચ્યો ને એક જ ફલંગમાં પાળ કૂદી ગયો. પણ પળભર તળાવ કિનારે થંભી જોયો તે પાણીમાં પડવા જાય છે કે અણધાર્યો એક માણસ તેની અને પાણીની આડે આવી ઊભો. ક્ષણવારમાં તેની બધી બાજી ધૂળ મળી ગઈ. હવે તો તળાવની પાળ પર જ એણે મામલો સંભાળવાનું રહ્યું.

આ આડખીલી તે આપણો ફોટોગ્રાફર. શિકાર કઇ દિશામાં ફરશે એની એણે બરોબર અટકળ બાંધેલી, એટલે ખરે વખતે આમ બાજી બગાડી નાખી; અને તે પણ એક છબીની ખાતર! એવા નજીવા શોખની ખાતર એક પ્રાણીનો જાન જાય છે એનું એને ભાન હશે? આખરે તો માણસ જાતને!

પાળ ઉપર ટટ્ટાર થઈ ડોસાએ મોરચો માંડ્યો. પાછલા પગના નખ અને પૂંછડીની અણી જ જમીન ઉપર અડકે તેમ પેંતરો બાંધી તે ઊભો. આંખના પલ-



ડોસાએ મોરચો માંડ્યો.



જોતજોતાંમાં તો એ કેડસમાં પાણીમાં જઇને ઊભો.
હવે આવે, આવવું હોય એને.

કારામાં તેણે હાથ થુંકાળા કર્યા અને વજ્ર જેવા કઠોર તેના સ્નાયુ વધુ કઠિન બન્યા. આંખોમાંથી તણખા વરસાવતાં જાણે પ્રલયકાળે જગત જીતનો હોય તેમ શત્રુઓની રાહ જોતો તે ઊભો.

પળવારમાં બ્રિન્ડલે ડોસાનું ગળું પકડવા નિષ્ફળ તરાપ મારી. દાવ ચૂકી તે પાછો જમીન પર પડે ત્યાર પહેલાં તો ડોસાએ એને બાથ ભીડી અને છૂટો થવા તરફડિયાં મારતા બ્રિન્ડલને એણે, મા બચ્ચાને છાતીએ વળગાડે તેમ, છાતીસરસો ભીડી ચગદ્યો. બ્રિન્ડલનું આવી બન્યું હતું. ભાલાની અણી જેવાં આંગળાંથી એનું પેટ ચીરી નાખવા ડોસાએ પાછલો પગ ઉપાડ્યો. પણ બ્રિન્ડલનું નસીબ જોરદાર, એટલે એ જ વખતે સ્નૅપે હુમલો કર્યો અને બ્રિન્ડલ બચી ગયો. બ્રિન્ડલને પડતો મૂકી કાંગારૂ સ્નૅપની ખબર લેવા ફર્યો અને બ્રિન્ડલે પણ એટલેથી જ સંતોષ માની, લડવા કરવા કરતાં લડાઇ જોવાનું યોગ્ય ધાર્યું!

અને સ્નૅપનાં ભાગ્ય ગણુ જબરાં! થરથરતાં અંગે સાપની જેમ ગૂંછળાં વળતા સ્નાયુએ ડોસાએ મૂઠી વાળીને એક એવી તો થપ્પડ ખેંચી કાઢી કે સ્નૅપના સાંધેસાંધા ઢીલા થઇ ગયા. બહાદુરી ક્યાંય સૂઇ ગઇ અને એકે સપાટે ભોંય ભેગો થઇ ગયો.

બે બાજુ બે કુતરા, વચ્ચે કાંગારૂ, અને હમણાં જ બની ગએલા નાટકનું પૂરેપૂરૂં ભાન નહિ, એટલે કોલી છાતી કાઢી આગળ ધસ્યો. પણ સમય વરતી ડોસાની સામે જવાને બદલે સીધું તળાવમાં ઝંપલાવ્યું અને થાક ઉતારવા પાણીમાં ઉલળવા માંડ્યો.

આ દરમ્યાન ડોસાને શું કરવું એ સૂઝતું નહોતું. કઇ દિશામાંથી હુમલો થશે એની એને ગમ નહોતી. જોકે બ્રિન્ડલ ને સ્નૅપ બંને ધરાઈ ગયા હતા. મેદાનમાં નાસતા કાંગારૂની પાછળ પડવું એ તો જાણે ઠીક; પરંતુ અહીં આવી જગ્યાએ લડે એ બીજા. બ્રિન્ડલ અને સ્નૅપ તો નાસનારની પૂંઠે દોડનારા હતા. સામે ઊભા રહેનાર કાંગારૂની સામે થવાનું કામ એમનું નહિ. વળી બીચારા બંને એટલા તો થાકી ગયા હતા કે શ્વાસ ખાવાને પણ થોભવું પડે તેમ હતું.

બે કુતરાઓની વચ્ચે ઘેરાએલો ડોસો આ મૂંઝવણમાં હતો, એવામાં પાણીમાં પડેલા કોલીનો ખળભળાટ સાંભળી તે ભડક્યો. બીકનો માર્યો પાછું ફરી જુએ છે ત્યાં તો પાણી ભરેલું તળાવ! તરત યાદ આવ્યું કે આવી નોધારી જગાએ શામાટે પોતે મોરચો માંડ્યો !

માત્ર એક જ ફલંગ, અને હવામાં ગુલાંટ ખાધી કે સીધો પાણીમાં. જોતજોતામાં તો એ કેડસમાં પાણીમાં જઇ ઊભો રહ્યો. હવે આવે આવવું હોય એને.

ડોસો કૂદ્યો કે કુતરામાં જોર આવ્યું, અને આગળ કોલી, પાછળ બ્રિન્ડલ છેવટે સ્નૅપ, એમ બધા ય પાણીમાં. એકવાર ડોસાના હાથનો રસ ચાખેલો એટલે છીછરા પાણીમાં કિનારે ઊભાઊભાં જ જોવાનીભારે મજા આવશે એમ ધારી સ્નૅપ તો ત્યાં જ થોભ્યો.



કાંગારૂની ડોક ફાંસવાનાં ઘણાંય વલખાં માર્યાં.

કોલી અને બ્રિન્ડલ આગળ વધ્યા અને ડોસા પાસે આવ્યા ન આવ્યા, ત્યાં તો ધબાક. . . . .

શું થયું, કેમ થયું, ક્યારે થયું એનું ભાન થાય તે પહેલાં તો પાણીમાં તરફડાટ મચી રહ્યો. જરાક ગભરાટ મટ્યો અને ઉછળતું પાણી શમ્યું ત્યાં નજર કરતાં એક કુતરૂં ગુમ ! બ્રિન્ડલ અહીંતહીં લપલપાટ કરતો હતો, પણ કોલી ક્યાં ? કાંગારૂના હાથ પાણીમાં હતા. પાણીમાં પરપોટા વળતા હતા અને કુંડાળાં વળીવળીને પાણી ઊભરાતું હતું.

અનુભવ વિનાના કોલીનો આ પહેલો પદાર્થપાઠ !

બ્રિન્ડલે સાથીને બચાવવા જહેમત તો ભારે ઉપાડી, પણ પગ ઢીલા હતા. અને હૈયામાં યે હામ હોય ત્યારે ને ? ડોસો તો એની યે ખબર લઇ નાખત. પણ કોલી આડે આવ્યો. પેટ ભરીને પાણી પીધું હતું, અને સ્વાદ ચાખ્યો તે પણ કાંગારૂના હાથનો. એટલે જેવું પાણી બહાર ડોકું કાઢ્યું કે સીધો કિનારા ભણી ! કોલીની આ અહિંસાવૃત્તિ જોઈ બ્રિન્ડલે પણ સમય વિચારી લીધો. સ્નૅપે કિનારેથી દાંતિયાં કર્યાં. બ્રિન્ડલે ડોસાની ત્રણ પ્રદક્ષિણા કરી, બે વાર ભસ્યો અને પાણીમાંથી રસ્તો માપી લીધો. કિનારે ત્રણે કુતરા ભેગા થયા. ડીલ ધ્રુજાવી શરીર પરનું પાણી ખંખેરી નાખ્યું. એકબીજાનાં શરીર ચાટ્યાં, મોં સુંઘ્યાં. સ્નૅપે એક કાન નીચો કર્યો ને બીજાની ટીશી હલાવી બ્રિન્ડલે જરા પૂંછડી પટપટાવી. કોલીએ રડવા જેવો અવાજ કાઢી લારી કરી, અને ત્રણે જણે કુતરાની ભાષામા ' આવને બહાર, મોટા બહાદુર હોં તો ! જો પછી તારા હાલ ' એવાંએવાં ગૌરવભર્યાં શબ્દબાણથી ડોસાને વીંધવા માંડ્યો.

આ અરસામાં એરની અને ડેવ પણ આવી પહોંચ્યા હતા. ઘોડે બેઠાંબેઠાં એમણે કુતરાંનો ભવાડો



વિજયી ડોસાએ વિચાર્યું કે હવે બહુ થયું,
આજના દિવસ પૂરતી ઠીક સ્વી ખેંચી છે.

થતો જોયો હતો એટલે એમણે જાતે ઘોડેથી ઊતરીને કાંગારૂને હાથ ચખાડવાનો મનસૂબો કર્યો. એક સીધો સોટો ઝાડ પરથી ભાંગીને એના છેડે દોરડાનો ગાળિયો કર્યો અને પાળ ઉપર ઊભાંઊભાં પાણીમાં વાટ જોતા કાંગારૂનું ડોકું ફાંસવાનાં વલખાં માર્યાં. પણ વળે શું ? જેવો ફાંસો આવે કે હાથની ઝપટ મારી ડોસો આઘો હડસેલે. દોરડું ફેંકે તો ચડપ લેતો કે માથું આઘુંપાછું કરી નાખે ને ફાંસો હવામાં લટકતો રહી જાય અને શિકારીને કરમે ફરીથી એનું એ.

થાકીને અંતે એરની કહે કે ' પાણીમાં ઊતરી ઘોડા પર બેઠેબેઠે જ એના ગળામાં ફાંસો નાખીએ તો ઠીક પડશે.' ડેવ કહે, ' કબૂલ; ઘણો જ સરસ ઉપાય. પણ જો દોસ્ત, વિચાર તેં સુઝાડ્યો. એટલે એને પકડવાનું માન પણ તને જ મળવું જોઇએ. માટે ચાલ ઊતર પાણીમાં.' પણ એરની કંઈ ઓછો ઉદાર હતો ? ડેવ તો એનો જીગરજાન દોસ્ત. એના વિના પગલું યે ન ભરે. એટલે આવો લ્હાવો તો ડેવને જ આપવો ! બંને બહાદુર; પૂરા Sportsman. સુજનતા તો એમના બાપની જ. એટલે ડેવ કહે, 'તું જા' અને

એરની કહે, 'એ માન તારે ખાટવું. એકલે હાથે ડોસાને પકડનારનો મોભો વધે!' અને બંનેની નિઃસ્વાર્થતા એટલી બધી કે એકબીજાનો મોભો વધારવા મરી મટે!

આમ આ મોભાદાર માણસોની આ બાજુ રકઝક ચાલે છે ત્યાં ડોસાએ વિચાર્યું કે હવે બહુ થયું. આજના દિવસ પૂરતી આટલી કસરત બસ છે. એટલે એણે આ આબરૂદાર જવાનોની ઉદારતા પર એક નજર નાખી ધીમેધીમે પૂંઠ ફેરવી અને તળાવને સામે કિનારે જઈ ઊભો. એક ધ્રુજારી ખાઈ શરીર પરથી પાણી ખંખેરી નાખ્યું, વાળ ચાટી લીધા અને ફરી એક નજર નાખી આસ્તે કદમ ઝાડી વટાવી ગયો. કુતરા ચમકીને ઊભા થઈ રહ્યા.

卐 卐

ભર ઉનાળે, ખરે બપોરે શિકારની પૂંઠ પકડી ઘોડા મારી નાખનારા આમ શિકારને હાથમાં આવેલો જીવતો જવા દે એ જરા નવાઇ જેવું તો ખરૂં જ; અને તે ય કાંગારૂ જેવા પ્રાણીને! દુનિયાની નજરે રમૂજી દેખાવવાળું આનંદી સ્વભાવનું કાંગારૂ ભલે સુંદર અને નિર્દોષ લાગે, પણ ઑસ્ટ્રેલિયામાં તો એમનો ભારે ઊપાડો અને રંજાડ છે. ટોળેટોળાં મળી એ ઘાસચારા અને અનાજનાં લચી જતાં ખેતરોને એક જ રાતમાં સાફ મેદાન કરી મૂકે છે. એના ભંજવાડથી તો દુકાળ પડે. છતાં એ પ્રાણીમાં એવી તો મર્દાનગી ભરી છે કે શિકારમાં દિ'આખો દોડાવ્યા છતાં, શિકારીના હૃદયમાં આ વિચિત્ર પ્રાણી માન દયા ને કંઇક પ્રેમ ઉપજાવી જિંદગી સલામત લઇ જાય છે. એના પર બંદુક ઉઠાવવા શિકારીનો હાથ ઉપડી જ શકતો નથી!

卐 卐

'સાબાશ. ભલે બીચારૂં ગયું. છો જીવતું. એનો એટલો યે હક ન હોય! પણ . . .' ડેવ બોલ્યો, '. . . પણ એના ગળે ફાંસો નાખી બહાર ન લાવ્યા, એટલું જ મારા મનમાં ખૂંચે છે!'

'બરોબર. હું પણ દિલગીર છું.' ફોટોગ્રાફરે ટાપશી પૂરી અને હળવેથી બોલ્યો, 'તમે જો એને ખેંચી કાઢ્યું હોત તો હું ઘણા જ સરસ ફોટો લઇ શકત. પણ એને કિનારે લાવીને એને છૂટું મૂકવા તમે જ્યારે એના ગળામાંથી ફાંસો કાઢવા જાત, તે વખતે તો મારે વીજળીવેગા સીનેમાના કૅમેરાની જરૂર પડત!'

હરિનારાયણ આચાર્ય

('ઇલસ્ટ્રેટેડ લંડન ન્યૂસ'માં આવેલા એક સાચી બનેલી વાતના અહેવાલ અને ફોટોગ્રાફો ઉપરથી)

ઉનાળે ઠંડક કેમ જાળવશો?



આજકાલ ગરમીની મોસમ ચાલે છે. બરફને કારખાને પડતા પહેલાં બરફનો ઉપાડ થાય છે. જ્યાં-ત્યાં આઇસક્રીમના સંચા ચાલે છે. શરબત, કુલફીમલાઇ, લેમન, લીલાગર, દૂધિયું અને છેવટે છાશ માટે બૂમાબૂમ પડે છે. ખસની ટટ્ટીઓ, વીજળીના પંખા, જલસિંચન, માથે અને શરીરે ભીના ટુવાલ વગેરેનો છૂટથી ઉપયોગ થતો જોવામાં આવે છે. કુંભારને ઘેર કુંજા, ચંબુ અને માટલીઓનો દુકાળ પડવા લાગ્યો છે. કાપડિયાને ઘેર મલમલના તાકા માટે પડાપડી થઇ રહી છે. નિશાળો, ઑફિસો અને કૉર્ટોમાં ઉનાળાની રજાઓ પડી છે. સારી સ્થિતિવાળા લોકો આબુ, માથેરાન, મહાબળેશ્વર અને ઉતાકામંડ ઊપડી ગયા છે. નદી તળાવમાંથી પાણી જલદી ઊડવા માંડ્યું છે. ખરે જ, ગ્રીષ્મ ઋતુનો પ્રભાવ સર્વત્ર દૃશ્યમાન થઇ રહ્યો છે.

આ ઋતુમાં ઠંડાં પીણાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. પણ એ ઠંડાં પીણાં ખરેખર ઠંડક આપે છે શું? આમાંના ઘણાં પીણાંમાં ખાંડ મુખ્ય ભાગ ભજવે છે, અને ઘણાને ખબર નહિ હોય કે ખાંડનું કાર્ય તો શરીરને ગરમી પૂરી પાડવાનું છે! નવાઇ જેવી વાત જાણ્યા પછી ઠંડા થવા માટે શરબત, આઇસક્રીમ અને કુલફીમલાઇ કોણ લેશે? જે તાત્કાલિક અને કામચલાઉ ઠંડી અસર આ પીણાં ઉત્પન્ન કરે છે તે તો એમાં રહેલા બરફને લીધે હોય છે. પણ તેનો યે પાછળથી પ્રત્યાઘાત થતાં, પહેલાંના કરતાં વધુ ગરમી લાગે છે એ તો સૌને અનુભવ હશે. ખરી રીતે તો ટેટી, તરબૂચ, ફાલસાં, લીંબુ, નારંગી, દ્રાક્ષ, કાચી કેરીનું કચુંબર, પાકાં ટમેટાં, મીઠું જીરૂં નાખેલી પાતળી છાશ, ભાંગનું દૂધિયું વગેરે પીણાં ઠંડી જાળવવા ઉપયોગી થઇ પડે. ખોરાકમાં બટાટા, શકરિયાં, ચોખા, ઘઉં, કઠોળ, ઇંડાં, માંસ ઇત્યાદિ ઓછાં લેવાં જોઇએ, કારણકે આ બધા પદાર્થો ગરમી ઉત્પન્ન કરનારા છે. મિઠાઇ, મિષ્ટાન્ન, ભારે ભોજન, ઠાંસીને ખાવું એ બધું આ ઋતુમાં ત્યાજ્ય હોવું જોઇએ. ઠંડક જાળવવા ઇચ્છનારે આવા અને બીજા ખોરાકમાં

મિતાહારી બનવું જોઈએ અને ખોરાકની જગ્યા પાણીને આપવી જોઇએ. શાકભાજી અને આ ઋતુનાં ફળ વધારે લઇ, ઓછા ખોરાકથી ચલાવવામાં કશી હરકત નહિ આવે, તબિયત સારી રહેશે અને ગરમી જણાશે નહિ. જેને ખરા બપોરે ખરી ઠંડક કરવી હોય તેણે તો ગરમ પાણીથી નહાઇને ગરમ પીણું પીવું જોઇએ. આ ઉપાય હસી કાઢવા જેવો લાગે છે નહિ? પણ એ ખરો છે. એથી ખૂબ પસીનો છૂટી એકદમ ઠંડક લાગશે.

કેટલાક એમ માને છે કે ઠંડા પાણીવડે નહાવાથી શરીર ઠંડું રહે છે, પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ખરું નથી. ઠંડા પાણીથી ચામડીનાં છિદ્રો સંકોચાય છે અને અંદરની ગરમી બહાર નીકળી શકતી નથી. ઠંડા પાણીથી નહાવાને લીધે જે આરામ લાગે છે તે તાત્કાલિક અસર જ હોઇ, થોડા જ વખતમાં તે શમી જઇ વધુ ગરમી અનુભવાય છે. ઠંડા પાણીનું સ્નાન જોકે બીજી દૃષ્ટિએ ઉપયોગી છે, પણ અહીં એ વાતને લેવાદેવા નથી. આ બાબતમાં એકાદ સૂચના ઉપયોગી છે. જેને બપોરે ઊંઘવાની ટેવ હોય તેણે સાધારણ ઠંડું પાણી રબરની કોથળીમાં ભરી ઓશિકે મૂકી સૂઇ જવું, અને હાથના કાંડાથી નીચેનો ભાગ પાંચ મિનિટ ઠંડા પાણીમાં બોળી રાખવો. માથા ઉપર ભીનો ટુવાલ રાખવાથી પણ સારી ઠંડક રહે છે.

ઉનાળામાં પહેરવેશ સફેદ રંગનો હોવો જોઇએ, કારણકે એ રંગ ઓછામાં ઓછી ગરમી ગ્રહણ કરે છે. કપડાનો વણાટ આછો અને સૂતર ખૂબ આમળેલું ન હોય તો હવા સારી રીતે આવજા કરી શકશે અને પરિણામે ગરમી ઓછી લાગશે. આ ઉપરથી જોઇ શકાશે કે પાતળી ખાદીનું ઢીલું ખુલતું પહેરણ ઉનાળામાં ઉત્તમ થઈ પડશે. અક્કડ પાટલૂન, કોટ, કૉલર, મોજાં તો શરીરને ગૂંગળાવી મારે છે. પહેરણ, પાતળું ધોતિયું, સફેદ ખાદીની ટોપી અને ચંપલ એ ગરમીમાં આદર્શ પોષાક ગણાય. આંખોને ગરમીથી બચાવવા ભૂરાં ગૉગલ્સ બહુ મદદગાર જણાયાં છે.

હવે રહેવાની જગ્યાને ગરમીથી કેમ બચાવવી તે જોઇએ. હાલ છાપરા ઉપર પતરાં નાખવાનો રિવાજ વધુ પ્રચલિત થતો જાય છે. આવાં ઘરોમાં ઉનાળામાં ઘણી ગરમી અને શિયાળામાં વધુ ઠંડક થાય છે. પતરાં ઉપર જૂનાં નળિયાં નાખવાથી યા તો પતરાં નીચે છત જડી લેવાથી આવાં ઘરોમાં રાહત મળે છે. ચૂનાગચ્છીવાળાં ઘરોમાં તાપ બહુ ઓછો લાગે છે. આ કારણથી ઉત્તરના વધુ ગરમ ભાગમાં ઘણેભાગે ધાબાવાળાં જ ઘર જોવામાં આવે છે.

ઘરનાં બારીબારણાં દિવસે ખપ પૂરતાં જ ઉઘાડવાથી રાતની ઠંડક તેમાં જળવાઇ રહે છે. બધાં દ્વાર ખોલી નાખવાથી બહારનો ગરમ પવન પેસી જઇ અંદરનું વાતાવરણ ગરમ બનાવે છે. બારીઓને ખસની ટટ્ટી યા કપડાંના પડદા લગાવી પાણીથી ભીંજવેલા રાખવા. આ ભીના પડદામાંથી આવેલી હવા ઠંડી થએલી હોવાથી ઓરડામાં ઠંડક લાગે છે. વીજળીનો પંખો હોય તો આપણી અને પંખાની વચ્ચે ભીનો પડદો રાખવાથી મજાનો ઠંડો પવન આવે છે. બારીબારણે વેલ ચઢાવવાથી પણ ઠંડક જળવાઇ રહે છે. આંગણામાં લીમડાનું ઝાડ ઠંડક જાળવવામાં ખૂબ મદદ કરે છે.

આટલે સુધી બાહ્ય ઉપચારો ચર્ચ્યા; હવે અંતરની વાત લઇએ. કડકડતા શિયાળામાં પણ કેટલાક 'લાલચોળ' બને છે અને ધગધગતી ગરમીમાં પણ ઘણા 'ઠંડાગાર' બની જાય છે. 'ઠંડાગાર' થવામાં કેટલીક માનસિક હાની થવા સંભવ હોવાથી એ ઉપાય કરવા જેવો નથી. પરંતુ 'લાલચોળ' થવાના પ્રસંગ જેમ બને તેમ ઓછા યા ન જ લાવવા. લડવાનું, કજિયો કરવાનું અને ઉશ્કેરાવાનું ચોમાસા શિયાળા ઉપર મુલતવી રાખવું. વળી જેમ બને તેમ તાપનો વિચાર દૂર જ રાખવો. 'તાપતાપ કરીએ નહિ અને તાપના માર્યા મરીએ નહિ' એ આપણી પ્રાકૃત કહેવત મુજબ તાપને ગણકારવો જ નહિ એ પણ ગરમીમાંથી બચવાનો એક ઉપાય છે. મનને કાર્યમાં પરોવી રાખી ગરમી ભૂલી જવા પ્રયત્ન કરવો. નવરાશ હોય તો ઠંડા, શાંતિપ્રદ અને પાણીના દેખાવો મન આગળ આણવા એવાં ચિત્રો નજર આગળ રાખવાં જેથી ગરમી ભૂલાઇ જઇ શાંતિ પ્રાપ્ત થશે.

સાકરભાઈ મ. પટેલ

ટેલિફોનમાંથી અવાજ—માસ્તર સાહેબ આજે કનુ નિશાળે નહિ આવે, કારણકે એને જરા શરદી થઇ છે.

માસ્તર—હા, ઠીક. પણ આપનું નામ?

અવાજ—સાહેબ, એ તો મારા બાપા બોલે છે!

પૂર્વ આફ્રિકાનો પ્રવાસ

૫ મોંબાસાથી નૈરોબી

મોંબાસા ટાપુને આફ્રિકા ખંડ સાથે જોડનાર, મકુપા બ્રિજ વટાવી ગાડી પહાડ ઉપર ચડવા માંડી. આગળ ડબલ ઍંજિન (પહાડી ચડતા માટે ખાસ ડબલ કોઠીના ઍંજિન આવે છે,) છેડે ઍકવડિયું. યુગાન્ડા મેલને છાજે તેવી ઝડપે અમે ચડ્યે જતા હતા. નારિયેળીનાં વન વટાવ્યાં, પણ ખાણમાં પડેલાં જંગલનો દેખાવ ફરીફરીને અમારી સામે ખડો થતો હતો. ટ્રેન સર્પાકારે આગળ વધતી હતી. નીચે મોંબાસાના શાંબા સાગરમાં તરતા હતા. કિલિંડિની બંદર નજર રોકી રહ્યું હતું. આંબાઘાટના પહાડી દશ્યની હરીફાઇ કરે એવા આ દેખાવનું વર્ણન કાઠિયાવાડની સૂકી ભાષામાં ન થઈ શકે. એને માટે તો સ્વાહિલી ભાષાના શાયરો પાકવા જોઇશે.

પહેલું સ્ટેશન આવ્યું ચંગામે ૧૯૨ ફીટ—જિજ્ઞાસુ મુસાફરોની જાણ ખાતર આ તરફ પાટિયા પર, સ્ટેશનના નામ નીચે ઊંચાઇ લખી હોય છે. બીજું આવ્યું મઝરસ—૫૩૪. એમ ચડતાં મોંગુ (૧૭૦૩) આવ્યું ને રાત પડી. અમે ત્રીજા વર્ગના પાટિયા પર લંબાવ્યું. સાધારણ રીતે આ તરફ હિંદીઓ બીજા વર્ગમાં જ સફર કરે છે. અમને પણ આગ્રહ કરેલો પરંતુ અમે બીજા વર્ગમાં બેસીએ તો 'ભિક્ષુકનું બિરુદ લજવાય.' એમ કહી સૌને શાંત કર્યા હતા.

સવાર પડી. અજવાળું થયું, સ્ટેશન આવ્યું ને સીધી નજર પાટિયા પર ગઇ. ઇમાલી—૩૭૮૧. ટાઢની ચમકારી લાગવા માંડી હતી. મેં ઘણાં વરસે કોટ ચડાવ્યો. ચાર હજાર ફીટ ઊંચા પ્રદેશમાં અમે દોડ્યા જતા હતા; છતાં આજુબાજુ નાનીમોટી ટેકરીઓ પથરાઇ રહી હતી. જંગલી પશુઓમાં ઝીબ્રા, હરણ, જંગલી ભેંશ વગેરે જોયાં. સાડા દસ વાગ્યે નૈરોબી (૫૪૫૨) આવ્યું. ગિજુભાઇના મિત્ર શ્રી હરિશંકર ત્રિવેદી અને રામજીભાઇનું મિત્રમંડળ ફૂલહાર લઇ અમારું સ્વાગત કરવા ઊભા હતા. અમે નિર્વિઘ્ને તેમને ઘેર પહોંચ્યા.

જોનારને ખ્યાલ ન આવે કે આ મુંબાઇના બચ્ચા જેવા નૈરોબીને વસ્યાં માત્ર પચાસ જ વર્ષ થયાં હશે. વિલાયતી બાંધણી, પહોળા રસ્તા ને ફૅશનેબલ દુકાનો. મોટરોની તો કતાર લાગી ગઈ હોય છે. નૈરોબીથી છેક વીસ વીસ માઇલ દૂર સુધી રહેનારા યુરોપીયનો પડ્યા છેઃ મોટરમાં ઑફિસે આવી સાંજે ઘેર ચાલ્યા જાય. અત્યારે નૈરોબી કેનિયાનું પાટનગર ગણાય છે. સરકારી ઑફિસો, રેલવે વગેરે બધું નૈરોબીમાં. કેનિયામાં અંગ્રેજોનું જોર છે. આ ગુલાબી ઠંડીવાળો ઉચ્ચ પ્રદેશ એમને ભાવી ગયો છે. હમણાં પહેલાં જેવી ઠંડી નથી, તોપણ શિરામણ કરતાં હાથમાંથી બટકું પડી જાય. ભલેને ચાર કપડાં ચડાવ્યાં હોય.

શ્રી હરિશંકરભાઇ જંગલના ઇજારદાર છે. રોજ પાંચસાત કલાક જંગલમાં નીકળી પડે. મેં એમની સાથે જવાનો કરાર કર્યો હતો, કારણકે અમારું કામ એમના વિના ચાલે તેમ ન હતું.

પહેલે દિવસે ઉપડ્યા કીકુયુ.

જંગબાર—મોંબાસામાં આંબા ને નારિયેળીનાં વન જોતાં દેશ જેવું લાગે, જ્યારે નૈરોબી આસપાસનાં ફૂલઝાડ તદ્દન નવીન. કૅાફીના માઇલો સુધી લંબાએલા બાગ, ઉપર છાંયો કરવા ઉગાડેલાં રૂપાળાં ઝાડ, રસ્તાને કાંઠે ઊભેલાં શરૂ જેવાં ઊંચાં વૃક્ષ;—અમારે માટે આ બધું નવીન જ હતું. કાદવવાળો રસ્તો પહાડ ઉપર ચડતોઊતરતો ચાલ્યો જતો હતો. નૈરોબીથી કીકુયુ સોળ માઇલ થાય. કોરા દિવસે અરધો કલાક માંડ લાગે. કીકુયુ સ્ટેશન છે. પાંચ સાત દુકાનો અને દસવીસ ઝુંપડાં છે. પાસેનાં જંગલમાંથી લાકડાં કપાઇ દેશવિદેશ જાય છે. કીકુયુનું તળાવ વખણાય છે. તળાવમાં વાંસજાળ પાણી ભર્યું છે. ઉપર ઘાસ ઊગી ગયું છે. વચ્ચે કેડી પડી ગઇ છે. તે પર માણસો ચાલે છે. અજાણ્યો માણસ એ એક ફૂટ પહોળી કેડી ઉપર ચાલવાની હિંમત ન કરે. જરાક ચૂક્યો કે પાણીમાં !

બીજે દિવસે ગયા ક્યાંબુ.

નંદનવન જેવા દક્ષિણ આફ્રિકાના રહેવાસીઓ પણ આ પ્રદેશ જોઇને મુગ્ધ થાય છે. અમેરિકન પ્રવાસીઓ લાખો રૂપિયા ખરચીને નૈરોબીની આસપાસનો આ ઉચ્ચ પ્રદેશ નિહાળવા આવે છે.

ઊંચી ટેકરી પર યુરોપીયનનો બંગલો હોય. ફરતો નાનકડો બગીચો, પાંચસાત કીકુયુના ઝુમ્બા ને માઇલોમાં કૉફીનું વાવેતર કર્યું હોય. આવા રસાળ મુલકમાં હિંદીઓને જમીન મળતી નથી! ક્યાંબુની ચોકીમાં દસેક મિનિટનું કામ પતાવી એકદમ જંગલમાં ઊતર્યા. અહીં જંગલમાં સુખડ થાય છે. એ કપાવીને ત્રિવેદી પરદેશ મોકલે છે. એ જંગલમાં મોટા અજગર અને વાંદરા પણ ખરા. કારકૂન અને પાંચદસ કીકુયુ ત્યાં રહે છે. દૂધ પીને અમે પાછા ફર્યા.

વળતાં રસ્તામાં એક મોટર પુલ પરથી પાણીમાં ઊતરી પડી હતી. અમારો ડ્રાઇવર શીશલ હતો. માથાનો ફાટેલ. એ કહે આમાં તે એવું ભારે શું થઇ ગયું છે? મોટા ડુંગર પરથી મોટરો ઊંધી પડી જાય છે ને! વાતવાતમાં પચાસ સાઠ માઇલની સ્પીડ મૂકી દેતો. જીવ હાથમાં રહી જાય; ટોપી માથે ન રહે!

ત્રીજે દિવસે ચાલ્યા મગુગા કૅંપ.

મેટ્રલનાં વન ઊભાં છે. મેટ્રલની છાલનો ભૂકો જર્મની ચડાવે છે. એ છાલમાંથી રંગ બને છે. મગુગા નૈરોબીથી પચીસેક માઇલ થાય. ટેકરી ઉપર ત્રિવેદી-કૅંપ છે. છાલનો ભૂકો કરવાનું કારખાનું છે. મોટર રસ્તો એકદમ જંગલમાં થઇને જાય છે. કૅંપ આઠેક હજાર ફીટ ઊંચે હશે. ઊંચાંઊંચાં મેટ્રલ જમીન સરસાં દેખાય; કીકુયુના પહાડ નાનીનાની ટેકરીઓ લાગે. હું મોટર પર ચડીને ફરતી નજર ફેરવતો હતો, ત્યાં પાછળથી એકાએક ટ્રેન નીકળી. ડુંગરના પેટાળ પરથી એકદમ નીચે ઊતરી, કોઇ જબરદસ્ત અજગર દરમાં ચાલ્યો જાય તેમ ખીણમાં અલોપ થઇ ગઇ!

આ તરફના લોકો કીકુયુ કહેવાય છે. શહેરથી દૂર રહેવાવાળા. કૂબા કરી તેમાં નાગા પડ્યા રહે છે. ગામમાં જાય ત્યારે ચામડાં વીંટે. કાન તૂટી પડે એવાં ઘરેણાં પહેરે. શરીર અલમસ્ત, પણ ગોરાની બંદુકથી રાડ નાખે! તદ્દન અજ્ઞાન. ધર્મ નહિ, ધંધો નહિ, વ્યભિચારમાં સમજે નહિ, ચોરીમાં સમજે નહિ. જેલમાં પૂરે તો લાગ મળ્યે ભાગી જાય.

પણ શહેરનો પાસ લાગવાથી હવે ફેર પડતો જાય છે. આ તરફ સ્ટેશનમાં સુંદર બાગ હોય છે. મગુગાનો બગીચો કલામય છે. માળી અહીંનો વતની છે. વગર પાણીએ રંગબેરંગી ફૂલ ખીલ્યાં છે.

ચોથા દિવસે ઉપડ્યા નૈરી.

નૈરોબીથી રેલવેરસ્તે એક સો વીસ માઇલ થાય. રામજીભાઇ સાથે હતા. નૈરીની ટ્રેન એટલે બે ત્રીજા વર્ગના ડબ્બા ને એક બીજા વર્ગનો. સાવ ઠોઠિયું. સવારમાં નવ વાગ્યે બેઠા તે સાંજે છ વાગ્યે નૈરી ઊતર્યા. પણ રસ્તાનું પહાડી સૌંદર્ય જોવામાં ન પડી ખબર કે ન જણાયો થાક. નૈરી સ્ટેશન ગામથી આઠ માઇલ દૂર છે. અમને ખબર નહિ. તાર નહિ કરેલો એટલે વાહન આવ્યું નહોતું. અમને એક ભાઇએ કહ્યું, 'આ સ્ટેશને તો ભલભલા જાણીતાને પણ પડ્યા રહેવું પડે છે. હમણાં વરસાદ છે એટલે વાહન નથી મળતાં. પરમ દિવસે નૈરીનો વેપારી સ્ત્રી સાથે દોઢ દિવસ પડ્યો રહ્યો'તો.' પણ અમારાં નસીબ જોરદાર હતાં. એક લૉરી મળી ગઇ. નૈરીમાં ગિજુભાઇના એક મિત્ર મહમદઅલી કરીને છે તેમને ત્યાં ઊતર્યા. મળતાવડા અને હસમુખા હતા. ખૂબ ખાતરી કરી. ગામ નાનું એટલે ફાળો નહિ જેવો થયો. નૈરીમાં દસપંદર દુકાનો, પોષ્ટ ઑફિસ, બૅંક, પોલીસચોકી વગેરે છે.

નૈરીથી એંશી માઇલ દૂર કેનિયા પહાડ પડ્યો છે. લગભગ અઢાર હજાર ફીટ ઊંચો છે. ચાર હજારથી માંડીને બાર હજાર ફીટ સુધીમાં શાંબા–વાવેતર કર્યાં છે. હવામાન પ્રમાણે કૉફી, મકાઇ, કેતકી વગેરે પાકે છે.

કેનિયાના એ પહાડની તળેટીમાં કીકુયુનો સુલતાન રહેતો. લગભગ એક લાખ ગાયો રાખતો. મોટો માલધારી. બીજે નંદરાજા જોઇ લ્યો. એને સૂકા પ્રદેશમાં કાઢી ત્યાં હવે યુરોપીયન ગોવાળ વસ્યા છે. વિલાયતથી સાંઢ મંગાવી ગાયોની ઓલાદ સુધારે છે. દૂધ-માખણનાં કારખાનાં ખોલ્યાં છે, લીલોછમ ફળદ્રુપ પ્રદેશ. ગાયો અને ગોવાળ બંને રાતામાતા થઈ ગયાં છે. શું કામ ન થાય! 'પારકે બાજરે પોંક, માવજીભાઈ કાંધાળા!'

કીકુયુનો એક નાનો સુલતાન અમને મળ્યો હતો. માથે ટોપો, કિંમતી રગ ઓઢેલી, પગ ઉઘાડા; પાછળ પાંચસાત હજુરિયા હતા. અમારી સાથે થોડી વાત

કરી. સ્વભાવે ગરીબ, દબાએલો.

નૈરોબીથી દર ત્રીજે દિવસે ટ્રેન મળે છે. અમારે ઉતાવળ હતી. એક શીખની મોટર નૈરોબી જતી હતી તેમાં ચડી બેઠા. મોટરરસ્તે નૈરોબી સો માઇલ થાય. રસ્તો પહાડી ને વિકટ એટલો જ રળિયામણો. ડુંગરના પેટાળમાં મોટર સપાટાબંધ દોડચે જતી હતી. ખીણમાં 'સાંબા' નદી ધોધમાર ચાલી જતી હતી. વરસાદ થોડી વારથી બંધ હતો. રસ્તો કાચડવાળો હતો. મોટર વાંક વળે અથવા ખાંગી થાય એટલે રામજીભાઇને પૂછું, 'તરતા આવડે છે કે?' રામજીભાઇ કહેશે, 'હાથ-પગ સાજા રહેશે ત્યારે ને!'

એમાં મોટર ખોટકી. પેટ્રોલ ખૂટયું. ડુંગરની વિકરાળ ગાળીમાં અમે અટકીને ઊભા. ઝીણોઝીણો વરસાદ પડતો હતો. એક ભેખડની ઓથે અમે ઊભા રહ્યા. મોટરડ્રાઇવર હતો કાલાસિંગા. (પંજાબીના નામને છેડે 'સિંગ' આવે છે એટલે અહીંના લોકો સૌ પંજાબીને 'કાલાસિંગા' અથવા 'સિંગાસિંગા' કહે છે) ઘણી મહેનત કરી. શરીર ગારેગારો થઈ ગયું, પણ પેટ્રોલ ટાંકીમાંથી ચડે જ નહિ.

સામે કેળનું વન હતું. એમાંથી એક કાળો ડિબાણ આદમી નીકળ્યો. હાથમાં ખડ વાઢવાનો ચમકતો છરો હતો. એનાથી ડરવાનું કારણ નહોતું. મેં પૂછયું, 'જાંબુ બાના! હીજી તયારી?' ('સલામ ભાઇ કેળાં પાક્યાં છે?') 'હામાના બાના કૂબા' (નથી પાકયાં મોટાભાઇ!) અમે નાસ્તાપાણીની આશા છોડીને બેઠા. એક કલાક, બે કલાક, પણ ત્યાં કોણ આવે? પેટ્રોલ લેવા બૉયને ફોર્ટ હોલ મોકલ્યો હતો. એ તો મધરાતે પાછો વળે તોયે નસીબદાર. બાપડો કાલાસિંગા ઘડીએઘડીએ ટેકરીએ ચડે ને ઊતરે. અમારી સાથે એક ચીનો હતો એ તો હસ્યા જ કરે.

છેક સાંજે એક અંગ્રેજની મોટર નીકળી. એણે થોડુંક પેટ્રોલ આપ્યું. અમે ફૉર્ટ હોલ ભેગા થઇ ગયા. ત્યાંથી પૂરતું પેટ્રોલ ભરી નીકળ્યા. સાઠ માઇલ દૂર નૈરોબી, પણ રસ્તો કાંઇક સારો. રાતે પહોંચ્યા ત્યારે શ્રી ત્રિવેદી રાહ જોતા હતા. ઠંડી બરાબરની ચોંટી ગઇ હતી. બબ્બે રગ ઓઢીને સૂઇ ગયા તે વહેલી પડે સવાર. તળ નૈરોબીનો ફાળો પાછળ રાખી હું મોશી જવા ઊપડયો.

૬

મોશી—અરૂશા—ટાંગા

કિલિમાંજારો

મોંબાસા તરફ બસો માઇલ પાછા જઇ વૉઇ જંકશનથી ગાડી બદલાવી. રાતના ત્રણ વાગેલા. ડબામાં જઇને સૂઇ ગયો. રામજીભાઈ કામસર નૈરોબી રોકાયા હતા. ચાર દિવસ પછી આવવાના હતા. હું થોડી-ઘણી ભાષા શીખી ગયો હતો એટલે વાંધો નહોતો. ઊઠયો ત્યારે ટાંગાનિકામાં દાખલ થઈ ગયો હતો. 'જર્મન ઇસ્ટ આફ્રિકા'ને અત્યારે ટાંગાનિકા કહે છે. જર્મન યુદ્ધનાં ચિહ્નો મુસાફરો દેખાડવા માંડયા. પ્રદેશ આખો પહાડ ને જંગલનો હતો. સપાટ મેદાન મળે નહિ.

સૂરજ જરાક ઊંચે ચડયો ત્યાં સામે કિલિમાંજારોનું ચમકતું શિખર દેખાયું. હું એકીટશે જોઇ જ રહ્યો. વાદળાંથી ઢંકાએલ પહાડ મેં જોયા છે, રૂના પોલ જેવાં વાદળાંને ખીણમાં બેઠેલાં જોયાં છે, પણ સદાય બરફથી છવાઇ રહેતું શિખર આજે જ જોયું. જગતભરના ગિરિવરોમાં કિલિમાંજારોનું ત્રીજું સ્થાન છે. પ્રથમ આસને આપણો નગાધિરાજ હિમાલય (૨૯૦૦૦ ફીટ), બીજે અમેરિકન પર્વતરાજ (૨૩૦૦૦), ત્રીજે કિલિમાંજારો (૧૯૭૧૦). આફ્રિકા ખંડનું એ નાક છે.

મોશી પહોંચ્યો ત્યારે તો કિલિમાંજારો માથે આવી રહ્યો. ચાળીસ માઇલ દૂર છે, પણ જાણે તળેટીમાં બેઠા હોઇએ એમ લાગે. અજવાળી રાતે કિલિમાંજારોનું હિમાચ્છાદિત શિખર રૂપેરી થાય છે. આથમતા સૂર્યના તેજે ત્રાંબાવરણું દેખાય છે, અને ઊગતો બાલરવિ એને સોને મઢી દે છે. હજારો ફીટ સુધી બરફ ઢંકાઇ ગયો છે. બપોરે બાર વાગે મોશીનાં ઝરણ બરફ જેવાં ઠંડાં થઇ જાય છે. કિલિમાંજારોમાં અર્જુન (ભીમનો ભાઇ) આવ્યો હતો એવી લોકવાયકા છે. ગુલબંકાવલિ આ પહાડમાં થઈ ગઇ એવો ગપ્પો કોઇએ માર્યો છે. બોજા ગૃહસ્થો કહે છે બરફનો આકાર ॐ જેવો છે. ઘણા યુરોપીયનો વિમાન લઇ આવે છે, પણ પાસે જઇ શકાતું નથી. બરફથી એંજિન જ ઠરી જાય છે.

કિલિમાંજારોની સાથે ફાળો કરીને બીજું શિખર છે. ત્યાં પણ કોઇકોઇ વાર બરફ જામે છે. મોશીનો અર્થ થાય છે ધુમ્મસ. મોશીનાં હવાપાણી વખણાય છે. આસપાસ જર્મન યુદ્ધનાં રોમાંચકારી સંસ્મરણો

પડ્યાં છે. ટાંગા દારેસલામ જેવી લડત અહીં નથી થઇ, પણ લશ્કર આવી પડેલું! અત્યારે અહીં વસતા યુરોપીયનોમાં ગ્રીક અને જર્મન મોટો ભાગ છે.

એક દિવસ ફરતાફરતા ગ્રીકના જુમ્બામાં જઈ ચડ્યા. ત્રણચાર દોસ્તો બેઠા હતા. અમને જોઇ 'જાંબો જાંબો' કરવા માંડ્યા. પડખે એક છાપરીમાં બાંકડા ગોઠવ્યા હતા, ટેબલ ફરતા સૌ બેઠા. અંગ્રેજ તો દૂરદૂર ભાગે. આ લોકોમાં રંગભેદ નથી. વચ્ચે આવીને પડ્યા. કાવો બનાવ્યો. પછી કહે, 'વ્હીસ્કી મગાવું?'

'આ ભાઇઓ ગાંધીજીનાં માણસ છે એ દારૂ ન પીએ.' એટલે આશ્ચર્યચકિત થઇને કહે—

'હી વાટુ યા બાના ગાંધી?' (આ ગાંધી સાહેબના માણસ છે?) પછી તો ખૂબ વાતો નીકળી. એક જણે કવિવર રવીન્દ્રનાથને જોયા હશે તે ઉલળ્યો. પોતે હાથે જુમ્બો બનાવ્યો હતો. બે ભાઇઓ રહે છે. મજાનો જુમ્બો બાંધ્યો છે. ચોખ્ખો ચણક રાખે છે. બે પલંગ, એક કબાટ, ચીજવસ્તુ ગોઠવેલી. આપણા ખેડુતો આમ રહેતાં ક્યારે શીખશે? એને આપણે ક્યારે શીખવશું? એ વિચારતાં અમે રજા લીધી. અંધારૂં થઈ ગયું હતું એટલે મોટર લઇ મૂકવા આવ્યા. અને આ બધું અમે કોઇ શ્રીમંતની ઓળખાણે ગયા હશું તેથી નહિ. અમારી સાથે રામજીભાઇના વાળંદ-મિત્ર હતા. હજામત કરાવે એટલી જ ઓળખાણ. પણ ગ્રીકની પ્રાચીન સભ્યતા જાય?

મોશીથી અરૂષા ચોપન માઇલ મોટરરસ્તો છે. અમે ગયા એને બીજે જ દિવસથી રેલવે શરૂ થઇ. રસ્તો ઘણો ખરાબ. સીધી ટેકરીઓ ચડવાની. પહેલાં રસ્તામાં સિંહ મળતા. હવે અવરજવરને લીધે દૂર નીકળી ગયા છે. અરૂષા મેરૂ પર્વતની તળેટીમાં વસ્યું છે. મેરૂ કાંઇ નાનોસૂનો નથી. ૧૪૯૬૦ ફીટ છે. અરૂષાનાં હવાપાણી નૈરોબીથી ચડે તેવાં છે. કેનિયા, યુગાન્ડા અને ટાંગાનિકાને એક કરવાનો સરકાર વિચાર કરે છે. તે ત્રણે પ્રાંતનો વડો સૂબો અરૂષામાં રહેવાનો એમ કહે છે. અરૂષા પૂર્વ આફ્રિકાની મધ્યમાં છે. અરૂષા જતાં નદીઓ ઊંડી ને ભયંકર આવે છે. કેટલીક માત્ર બે હાથ પહોળી છતાં અખૂટ પાણી. ડુંગરાઉ ઝરણુ કહીએ તો ચાલે. પુલ પાટિયાના. એક ઝૂલતો પુલ છે. અમે ગયા તે પહેલાં થોડા દિવસે એક મોટર ઢાળ ચડતાં પાછી હટી ને સિત્તેર ફીટ ઊંચેથી નદીમાં પડી ગઇ હતી!

અરૂષાની આસપાસ મસાઇની વસ્તી છે. મસાઇ લડાયક કોમ છે. સિંહ સાથે રહેવાવાળા. એનો ભાલો, કમરપટ્ટે લટકાવેલ ધારદાર છરો ને ઢાલ કદી વેગળાં ન થાય. મસાઇ માથું ગૂંથી અંદર લાલ માટી તથા ચરબી લગાવે છે. એમનામાં એક મર્દાનગીભર્યો રિવાજ છે. સિંહનો શિકાર કરનારને જ મસાઇ કુમારી પરણે. મસાઇથી સિંહ બાર ગાઉ ભાગે. મુખ્ય ખોરાક માંસ. મોગો—અનાજ હવે ખાતાં શીખ્યા છે. બીજે જ દિવસે અમે

મુક્ત થતા રાષ્ટ્રની સ્વતંત્રતા

[ગુલબંકી]

એક આહ, એક ચાહ, એક બસ કૃપાનિગાહ
સ્વતંત્રતા! સ્વતંત્રતા! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ!
ઊગતી ઉષા તણી સ્વતંત્રતા.

એ વિરામ, એ જ ધામ, સ્વર્ગ એ મહાભિરામ,
સ્વતંત્રતા! સ્વતંત્રતા! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ!
ખીલતાં ફૂલો તણી સ્વતંત્રતા.

એક આજ કામકાજ, મુક્તિ તણું એક સાજ,
સ્વતંત્રતા! સ્વતંત્રતા! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ!
સિદ્ધ થતા યોગીની સ્વતંત્રતા.

એક જાપ: બલ અમાપ રાષ્ટ્રઉરે વ્યાપ વ્યાપ,
સ્વતંત્રતા! સ્વતંત્રના! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ!
ઊડતા વિહંગની સ્વતંત્રતા.

શ્વાસ શ્વાસ, પ્રાણ પ્રાણ, ઝરે જાપ: મુક્તિ આપ!
સ્વતંત્રતા! સ્વતંત્રના! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ!
ઘૂઘતા સમુદ્રની સ્વતંત્રતા.

એક ઝાળ, બાળ બાળ, રાષ્ટ્ર તણાં બંધજાળ,
સ્વતંત્રતા! સ્વતંત્રતા! સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ.
મુક્તકંઠ ગીતની સ્વતંત્રતા!

દીપ્તિના ઝગો ઉજાસ
શક્તિના ઊગો પ્રકાશ
મુક્ત થતા રાષ્ટ્રની સ્વતંત્રતા.

સુન્દરમ્

અરૂષાથી મોશી આવ્યા. નાતાલના દિવસો હતા એટલે મોશીથી ટાંગા જતાં અમને ટિકિટમાં કન્સેશનનો લાભ મળ્યો. સાંજના સાડાસાતે મોશીથી ઉપડેલ ટાંગા મેઇલ સવારે સાડાદસે ટાંગાનિકાનાં જંગલો વીંધતો ટાંગા પહોંચ્યો.

અગાઉથી ડાહ્યાભાઇ પોસ્ટમાસ્તર પર તાર કરેલ. સ્ટેશને કોઈ નહોતું આવ્યું. અમે મજૂર કરી પોસ્ટ ઑફિસે ગયા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે માસ્તર સાહેબની બદલી લિંડી થઈ છે. એક મુદલીઆર કરીને મદ્રાસી કલાર્ક હતા તેમણે પોતાની ઓરડીમાં સામાન મૂકવા કહ્યું. એક નોકરને સાથે મોકલ્યો. મુદલીઆર જ્યાં રહેતા હતા તે જ ઘરમાં બીજા ત્રણ ભાઈઓ રહેતા હતા. મુદલીઆરની ઓરડીમાં પલંગ ને આરામખુરશી માંડ સમાયાં હતાં. જગ્યાને અભાવે તેમની ટ્રંક પલંગ નીચે પડેલી. અમે સામાન બહાર રાખી બેઠા. ઘરમાં કોઇ હતું નહિ; નોકર હતો. થોડી વારે એક ભાઇ આવ્યા. તેમણે જાણ્યું કે અમે તેમના જોડીદારના મહેમાન છીએ. અરધી કલાકે તેમના જોડીદાર આવ્યા ત્યારે તેમણે માન્યું કે અમે પહેલા ભાઇના મહેમાન છીએ! પણ આ ભાઇઓ સજ્જન હતા. બાર વાગ્યે કામ પરથી આવી સવારે રાંધી રાખેલું જમી લેતા. અમારે માટે નવી રસોઇ બનાવવા માંડ્યા. સાડાબારે મુદલીઆર આવ્યા. તેઓ નીચે બીજા ભાઇને ત્યાં જમતા હતા! એમણે અમારે માટે રસોઇનું કહેવડાવેલું. અમને ખબર નહિ. ઉપરના ભાઇઓની માફી માગી અમે મુદલીઆર સાથે જમ્યા. બપોરે અમે કોઇ જાહેર કાર્યકર્તાઓની શોધમાં નીકળ્યા. એક આર્યસમાજી બંધુ મળ્યા: છોટાભાઇ પટેલ. બહુ જ ભલા માણસ. શાંત અને સંયમી. અમને મદદ કરવા તેમણે કેડ બાંધી. તે જ વખતે ગામમાં બીજા ત્રણ ફાળા ચાલતા હતા. છતાં તેમણે હિંમત ધરી. સાંજથી જમવાનું પોતાને ઘેર રખાવ્યું. અમે ઉતર્યાં હતા ત્યાં જ એક મકાન ખાલી પડેલું, તેને અમે દીવાનખાનું અને શયનગૃહ બનાવ્યું. આમ ઠીકઠીક રેઢી થયા પછી અમે ઠેકાણે પડ્યા. ફાળો પણ ઠીક થયો.


ટાંગા-હાંગાનો અર્થ થાય છે મુસાફરી. ટાંગા બંદર છે. લડાઇ પહેલાં જર્મનોએ ટાંગાને વિકસાવવા ખૂબ પ્રયત્ન કરેલો. ટાંગાની બાંધણી મજાની છે. વચ્ચે ગુલમોર અને બીજાં ઝાડ, બંને બાજુ પહોળા રસ્તા. આ રીતે રસ્તા વચ્ચે ઝાડ વાવી બંને બાજુ છાંયો કરવાની રીત અહીં જ જોઇ. થોડું ચાલો ત્યાં ચાર રસ્તા ભેગા થાય. એવી રીતે બ્લૉક પાડી છૂટું-છૂટું બાંધ્યું છે. નાનું છતાં સુંદર શહેર છે.

મહાયુદ્ધમાં અંગ્રેજોએ ટાંગામાં સખત માર ખાધેલો. ૧૯૧૪ની અધવચ્ચમાં મુંબાઇને કિનારેથી સાત મનવાર ઉપડી. અંદર શીખ, ગુરખા, મદ્રાસી મળી પાંચ હજાર લડવૈયા હતા. મનવારો સીધી ટાંગા બંદરે લાંગરી. જર્મનો જાણી ગએલા. રૈયતને ઉપરના ભાગમાં મોકલી ગામ ખાલી કરેલું. થોડાં માણસો નાળિયેળીનાં ઝુંડમાં લપાઇને બેઠાં. મશિનગન અદ્ધર છુપાવી રાખી. અંગ્રેજ સૈન્ય (જેમાં હિંદી સિવાય જુજ અંગ્રેજ હતા) કિનારે ઊતરીને નાચવા માંડ્યું. ગામનો કબજો લેવા દોડ્યું. ત્યાં તો મશિનગન ચાલી. ગોળીએ વીંધાતું સૈન્ય ગભરાઇ ગયું. ક્યાંથી ગોળી આવે છે તે જોવા પણ કોઇ રોકાયું નહિ. જેને જેમ ફાવ્યું તેમ ભાગ્યા. ભાગતાં બે'ક હજાર લાશ પડી ગઇ. બાકીના મનવારોમાં ચડી જીવ લઇને ભાગ્યા. ધાકના માર્યા દોઢ વરસ સુધી ડોકાયા નહિ.

એ હિંદી લડવૈયાઓના સ્મારક તરીકે એક બાગમાં નામ કોતરીને મૂક્યાં છે. ટુકડીના અધિકારીઓનાં નામ લખ્યાં છે. આજ પણ જર્મનો કહે છે, 'તમારે લીધે જ આ અંગ્રેજ જીત્યા, નહિતર ભુક્કા વેરી નાખત!'

ટાંગાથી મોશી સુધી અઢી હજાર ફીટ ગાડીને ચડવું પડે છે. નૈરોબી જેવાં મોટાં એંજિન ત્યાં નથી. બે-ત્રણ સ્ટેશન છોડ્યાં ત્યાં એક ચઢણ ચડતાં એંજિન થાક્યું. ઘણું જોર કરે પણ આગળ ચાલે જ નહિ. ઘર્ ઘર્ ઘર્ ઘર્ ઘર્ કરતી ગાડી પાછી હઠે. એંજિન ઊભું રહે, શ્વાસ ઘૂંટે, બળ કરીને ચાલવા જાય; પણ આગળ જવાને બદલે પાછું હઠે! લગભગ દોઢ માઇલ પાછું હઠ્યું. પછી જોસભેર છોડી મૂક્યું. માંડ પહોંચ્યા.

મોશી એક દિવસ રોકાયા. રામજીભાઇના સ્નેહી પોપટભાઇ મોશીમાં આગળપડતા શહેરી ગણાય છે. ગ્રીક અને જર્મનો પણ એમના ઓળખીતા છે. એક જર્મનનું કૉફીનું કારખાનું જોઇ આવ્યા. સો સો ફીટ ઊંચાં ઝાડનું અરણ્ય જોયું. ક્રિસ્મસન્તરો ફૂલ લીધાં. એવાં એ ફૂલ છે કે પાણીમાં નાખો તો કરમાઇ જાય, સૂકાય



એટલે ખીલે! બારેમાસ ખીલેલાં. માત્ર સુગંધ નહિ.

ગાડી નહિ મળવાથી અમે ભારખાનામાં વોઇ જંક્શન પહોંચ્યા. પવન, ધૂળ અને ધખડાટથી માથું ચડ્યું. રાતે નૈરોબીની ટ્રેન મોંબાસાથી આવી. બીજે દિવસે નૈરોબી પહોંચ્યા.

૭ ન્યાંઝાને તીરેતીરે

એક દિવસ નૈરોબીમાં આરામ લઈ બીજે જ દિવસે જીંજા જવા નીકળ્યો. સાથે ભાવનગરવાળા રામુભાઈ ઠક્કર હતા. મગુગા સુધીનો મનોરમ પ્રદેશ જોએલો હતો. મગુગાથી ગાડી લગભગ હજારેક ફીટ ચડે છે; પછી ઊતરી પડે છે. તે વખતે ખીણનો દેખાવ જોવાલાયક હોય છે. નૈવાશાનું તળાવ ટેકરીઓની કૂખમાં સૂતેલું ગાડીમાંથી જ દેખાય છે.

જેમજેમ આગળ વધતા ગયા તેમતેમ ડબ્બામાં ગરદી થવા માંડી. ત્રીજા વર્ગમાં બેસવાથી થોડુંઘણું સહન કરવું ન પડતું હોય તો એનું મહાત્મ્ય ક્યાં રહ્યું? શરીરે ચરબી ચોપડેલા, ગધાનાં ચામડાં પહેરેલા, અર્ધનગ્ન લોકોથી ડબ્બો ચિકાર થઈ ગયો. પહેલે દિવસે અંત્યજવાસમાં જતાં મારા મનની જે સ્થિતિ થઈ હતી તેવી સ્થિતિ એ વખતે થઇ. પણ અંત્યજવાસની દુર્ગંધ ટાળવાનો ઉપાય મારી પાસે હતો. અહીંની સ્થિતિ સુધારવા માટે સમય, શક્તિ કે આવડત મારી પાસે ન હતાં. બારી બહાર મોઢું રાખી બેસી રહ્યો. આવી સ્થિતિમાં રાત કેમ જશે એ વિચાર થઇ પડ્યો હતો. પરંતુ રાતે નકુરૂ જંક્શન આવ્યું ને ડબ્બો ખાલી થઇ ગયો. મેં ઇશ્વરનો પાડ માન્યો.

નકુરૂથી એક ફાંટો કીસુમુ જાય છે. પહેલાં જીંજા જવા માટે કીસુમુથી વિક્ટોરિયા ન્યાંઝા (સરોવર)માં થઈ સ્ટીમર રસ્તે જવું પડતું. હવે એલ્ડોરેડ થઇ જીંજા સુધી રેલવે થઇ ગઇ છે. મારો ડબ્બો સીધો જીંજા જવાનો હતો. આરામથી સૂતો. નકુરૂ જંક્શન ૬૩૯૭ ફીટ ઊંચું છે. નકુરૂથી ફરી પાછી ટ્રેન ચડવા માંડે છે. જગત આખામાં ઊંચામાં ઊંચું સ્ટેશન ટીમ્બોરોઆ (૯૦૦૦ ફીટ) રાતમાં આવવાનું હતું. હું એ વખતે જાગવાનો નિશ્ચય કરીને સૂતો. જાગ્યો ત્યારે ટીમ્બોરોઆ પછીનું સ્ટેશન આવેલું! આઠસો ફીટ નીચે ઊતરી ગયા હતા. બારી ખોલી, પણ તાકાત શી કે બહાર ડોકું કઢાય? ટાઢો હીમ જેવો પવન સૂસવાટા દેતો હતો. બારી બંધ કરી સૂતો. પરંતુ કપડાંમાં ટાઢ એવી પેસી ગએલી કે અરધો કલાક ઊંઘ ન આવી!

સવારમાં ઊઠ્યો ત્યારે યુગાન્ડાની હદ શરૂ થઇ ગઇ હતી. નિશાની રૂપે કપાસનાં ખેતર આવવા માંડ્યાં. કેળનાં વન અને કપાસનાં ખેતર એ યુગાન્ડાની ખાસિયત ગણાય છે. સાંજે પાંચ વાગ્યે જીંજા ઊતર્યો.

જીંજા કપાસના વેપારનું મથક છે (હતું.) કાઠિયાવાડના લુહાણા અને ગુજરાતના પટેલ ભાઇઓ જામી પડ્યા છે. રામુભાઇ સાથે હતા એટલે ઉતારા-પાણીની સગવડ માટે અગાઉથી ગોઠવણ નહોતી કરી. અમારે બીજે જ દિવસે લુગાઝી જવું હતું. રામુભાઇ કાયમ માટે લુગાઝી રહેવાના હતા. રાત્રે તે મને નાઇલ નદીનું મૂળ બતાવવા લઇ ગયા. રાત અજવાળી હતી. વિક્ટોરિયા સરોવરને બરાબર કિનારે જ જીંજા વસ્યું છે. નાઇલનું મૂળ જીંજાના પાદરમાં જ છે. એનું નામ છે રિપન ફૉલ્સ. એકસામટા ત્રણ ધોધ સરોવરને ખાલી કરવા મથતા હોય તેમ જોસભેર પડે છે. જોનારને ઘડીભર થઈ જાય કે સરોવર હમણાં ખાલી થઇ જશે. પણ સેંકડો વરસોથી એ ધોધ પડ્યા જ કરે છે અને નાઇલ સુદાન તથા ઇજીપ્તને રસાળ બનાવતી, કૈરોના શેહેરીઓને ભૂ પાઇ સાગરને મળે છે.

વિક્ટોરિયા ન્યાઝાંને સરોવર કહેવું કે સાગર તેનો વિચાર થઇ પડે છે. ૨૬,૮૨૮ ચોરસમાઈલનો એ દરિયો પોતાની મીઠાશને કારણે જ સરોવર કહેવાય છે. આપણે એને મીઠો મે'રામણ કહી શકીએ. જીંજા આગળ તો એનું એક સરણું ફક્ત આવ્યું છે. એનું ખરૂં સ્વરૂપ તો બુકોબા આગળ પ્રગટે છે.

જીંજા આવ્યા ત્યાં ખબર મળ્યા કે કપાસની મોસમ પંદર દિવસ દૂર ગઇ છે. અમારૂં કામ મોસમ વિના ન શોભે, સફળ પણ ન થાય. એટલે લુગાઝી, કંપાલા, મસાકા, બુકોબા થઇ ન્યાંઝાને કિનારેકિનારે મ્વાંઝા સુધી ચક્કર લગાવવાનું ઠરાવ્યું.

બીજે દિવસે લુગાઝી ગયા.

કોઈ પોપટિયા રંગનો મહાસાગર તોફાને ચડ્યો હોય તેમ, નાનીમોટી ટેકરીઓ ઉપર, દસ હજાર એકરમાં શેરડીનો વાડ લહેરૂ લઇ રહ્યો છે. એક કરોડ રૂપિયા નાખી શ્રી નાનજીભાઇએ અહીં સાકરનું કારખાનું ઊભું કર્યું છે. પરદેશમાં આવી, આપબળે કમાઇ, આટલા રૂપિયા આટલા દૂર દેશમાં નાખવાનું સાહસ કરનાર શ્રી નાનજીભાઈ પ્રથમ છે. યુરોપીયનો સંસ્થાનો જમાવી પડે છે તેમાં રાજ્યની મદદ ઉપરાંત એક એ પણ કારણ હોય છે કે એ લોકો આ દેશમાં પહેલા પૈસા નાખી પછી એનો લાભ ઊઠાવે છે. આપણે તો ગોદડું લઇ આવીએ, પાંચ પૈસા ગાંઠે થાય એટલે દેશમાં પાછા જઇ ઉડાડી આવીએ. વળી પાછા એના એ દિ'! જે ભાઈઓ અહીંની કમાણી અહીં વાપરે છે તે જામી ગયા છે.

લુગાઝીથી ત્રીસ માઇલ કંપાલા થાય. કંપાલા યુગાન્ડાનું પાટનગર. નવીન બાંધણી છે. ઝપાટાબંધ વસતું જાય છે, વધતું જાય છે. પચીસ વરસમાં નૈરોબી સામે આંખો કાઢતું થઇ જાય તો નવાઇ નહિ. કંપાલા-નો—કહો કે યુગાન્ડાનો વેપાર આપણા હાથમાં છે. યુરોપીયનો ટકી શકતા નથી. એમને યુગાન્ડા સદતો પણ નથી. સખત તાપને કારણે અહીં બ્લૅક વૉટર ફિવર નામનો જીવલેણ વ્યાધિ થાય છે. આખો પ્રદેશ પાણીથી ઘેરાએલો હોઇ મચ્છરનો ત્રાસ અસહ્ય છે. ચાલતાં મૅલેરિયા થાય. કંપાલાના ચોખ્ખા, ટેકરીઓ ઉપર ચડતાઊતરતા રસ્તા ભભકદાર છે. આસપાસની ટેકરીઓ ઉપર પડેલા મોતીના દાણા જેવા બંગલા ધ્યાન ખેંચે છે. કંપાલામાં ફાળો તો મોસમમાં જ કરવાનો હતો એટલે એક રાત રોકાઇ બીજે દિવસે મસાકા ઉપડ્યો.

મસાકા કંપાલાથી ૮૬ માઇલ થાય. મોટરો રોજ આવેજાય છે. આખો પ્રદેશ પહાડી અને જંગલોથી ભરેલો. મોટરો ટેકરીઓ ચડે ને ઊતરે. કેળનાં વન તો હોય જ. ઘાડાં જંગલ પણ આવે જ. ક્યાંક મોટર પહાડની ટોચે ચડે ત્યાં એકાએક દૂરદૂર સરોવરનું પાણી તગકે. સૈયા મોટાં માથાં જમાવી થાકી ગયા છે. વચ્ચે થઇ મોટર ચાલી જાય. અજાણ્યાને ખબર ન પડે કે બંને તરફ પાણી ભર્યાં હશે. રસ્તામાં નારંગી ખૂબ ખાધાં. પૈસાના ચાર મળે! મેં ત્રણ જાતનાં જંગલ જોયાં છે. વૉઇથી નૈરોબી સુધી સૂકો વેરાન પ્રદેશ હોઇ તેને રણ કહીએ તો ચાલે. (રેતીનું રણ નહિ). બીજું પહાડ શાંબા અને કાંટવથી ભરેલું. ત્રીજું ઘાડું અને હિંસ્ર પશુનું ઘર. મોટરના અવર-જવરને લીધે હિંસક પ્રાણીઓ દિવસે નજરે નથી પડતાં.

સાંજે મસાકા પહોંચ્યો. શ્રી વૃંદાવન પ્રેમજીની કંપનીમાં ઉતારો રાખ્યો. વૃંદાવનભાઇ જુવાન છતાં મસાકાના વેપારીઓમાં મોખરે લેખાય છે. તેમણે ત્રણ દિવસમાં મારૂં કામ આટોપી દીધું. ધાર્યા કરતાં ત્રણગણો ફાળો થયો.

મસાકાનું સૌંદર્ય યુગાન્ડામાં વિખ્યાત છે. નૈરીનું

દૃશ્ય અદ્ભુત હતું; મોશીનો પ્રદેશ ભયંકર–મનોહર હતો; મસાકાનું સૌંદર્ય આલ્હાદક હતું. ઊંચી ટેકરી પર વસ્યું છે. સાંજને ટાણે ફરતી કેળનાં વનથી ઢંકાએલી ટેકરીઓ જોતાં ધરાઇએ જ નહિ. ખીણમાં ઊગેલાં ઊંચાં ઝાડ ઉપર ધુમ્મસ છવાઇ જાય ત્યારે જાણે રૂના પૉલ પાથર્યા. લીલીછમ ટેકરીઓનું ઘાસ સરખી રીતે કાતરીને મખમલની જાજમ જેવું એકધારૂં બનાવ્યું છે. વિષુવવૃત્તની તદ્દન નજીક હોવા છતાં એ પ્રદેશ લીલોછમ રહે છે. પહેલાં અહીં બારેમાસ વરસાદ પડતો; હવે જંગલ કપાઇ જવાથી વરસાદ ઓછો થયો છે. અહીંનાં હવાપાણી સારાં ગણાય છે.

મસાકાથી બાણુ માઇલ ઉપર બરારા કરીને ગામ છે ત્યાં બે દિવસ જઇ આવ્યો. રસ્તો બહુ ખરાબ. મોટર તારવવા જતાં ત્રણ વાર પાણીમાં ખૂંચી ગઇ. રસ્તાની બંને તરફ પાણી અને કાદવ. બરારા રાત્રે દસ વાગ્યે પહોંચેલો. રસ્તામાં મોટરને ધક્કા મારતાં કપડાં ગારોગારો થઈ ગયાં'તાં. પવનના સપાટામાં ટોપી હવામાં ઊડી ગએલી. એવે વેશે બરારા ગએલો. છતાં બરારાના ભાઈઓએ જે પ્રેમ વરસાવ્યો તે મને હજી યાદ છે. આંગળીને વેઢે ગણાય તેટલી દુકાનો. સમય ખરાબ; છતાં સાડાપાંચસો શિલિંગ કરી દીધા! બરારાના જંગલમાં સિંહ અને હાથી રહે છે. મારે જો ઉતાવળે પાછા ન ફરવું પડ્યું હોત તો જોઇ આવત. બરારાથી છપ્પન માઇલ દૂર ટીનની ખાણ છે. ગીકની છે. જોવા જવું મુસ્કેલ છે. સરદાર મખ્ખનસિંહ કરીને એક જબરો શિકારી ત્યાં રહે છે. અંગ્રેજ શિકારીઓ સરદારજીને સાથે લઈ શિકારે જાય છે. સરદારજીનો હાથી મારવાનો પરવાનો છે. મને સિંહ બતાવવાનું સરદારે માથે લીધું હતું, પરંતુ રામજીભાઇ મસાકામાં મારી રાહ જાતા હતા તેથી તુરત પાછો ફર્યો.

મસાકાથી બુકોબા એકસો ને દસ માઇલ થાય. સ્ટીમરને એક અઠવાડિયાની વાર હતી. વેપારમંદીને લીધે વાહન મળતું ન હતું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ ગયા પણ વાહન ન મળ્યું. એક વાર સાંજે કંપાલાથી આવતી મોટરો તપાસતો હું બેઠો હતો ત્યાં એક લૉરી નીકળી. પાસે જઇ મેં પૂછ્યું 'બુકોબાની છે?'

ડ્રાઇવર જવાબ નહિ દેતાં મારી સામે તાકી રહ્યા. થોડી વારે પૂછ્યું, 'ઓળખાણ પડે છે?' મેં માથું ધુણાવ્યું. એટલે કહે, 'રાષ્ટ્રીય શાળામાં નારણભાઇ ડ્રાઇવર હતા?'

'ઓ..હો!' તરત મેં હાથ લંબાવ્યો. નારણભાઈ વઢવાણની રાષ્ટ્રીય શાળામાં મોટર ડ્રાઈવર હતા. ધનુરવા વખતની મારી માંદગીમાં એમણે રાતદિવસ એક કરેલાં. નારણભાઇ સારૂં કમાયા છે. અચ્છા કારીગર છે. મને જોઇને ગાંડા થઈ ગયા. સાંજે ફરવા જતાં મેં બુકોબા જવાની વાત કરી. તરત પોતે તૈયાર થયા. સો દોઢસો શિલિંગનું નુકસાન જશે તેનો વિચાર ન કરતાં કહે, 'આપણે ઇશ્વરનો પ્રતાપ છે. આટલે દૂર સેવાનો લાભ ક્યાંથી મળે?' મસાકાથી ૭૨ માઇલ ઉપર ચાકા નામની નદી આવે છે. ત્યાં સોનાની ખાણ છે. બુકોબાનાં વાહન અવારનવાર ત્યાં આવે છે. નારણભાઇએ ઠેઠ સુધી મૂકી જવા કહ્યું, પણ અમે ના પાડી. મીઠા ઝાડનાં મૂળ ન ખવાય? નારણભાઇ પાછા ફર્યા.

ચાકામાં પી. સી. નાયડુ કરીને એક વૃદ્ધ વેપારી છે. પચીસ વરસથી ત્યાં દુકાન છે. એક ખોજા ગૃહસ્થ અને આ નાયડુભાઇ બે જ દુકાનદાર. નાયડુ કોઇને દૂધનો પ્યાલો પાયા વિના જવા નથી દેતા. અમે ફોનમાં મસાકાથી કહેવડાવ્યું એટલે રસોઇ તૈયાર રાખી હતી. બહુ હેતથી જમાડ્યા. જંગલમાં મંગળ કર્યું છે. લડાઈમાં એમની દુકાન લુટાઇ ગઇ હતી. ચાકા એ યુગાન્ડા ને ટાંગાનિકાની સરહદ છે. જર્મનનો જૂનો કિલ્લો છે. ચાકા નદી બારેમાસ ઉતાવળી વહે છે. હાથી દાળી દે તેવું જોરદાર વહેન છે. મોટર ઉતારવા માટે લોઢાનાં દોરડાં સાથે ગરેડીવાળી પાટિયાંની હોડી બનાવી છે. બે માણસો દોરડાં ઉપર હોડીનો કડોડો ઝાલી ચાલે, ગરેડીને લીધે હોડી વગર મહેનતે સામે પાર પહોંચે. જર્મનોની બુદ્ધિનું આ ફળ છે. ભારે કરામત કરી છે. એ હોડીએ થોડા દિવસ પહેલાં એક જબરો ભોગ લીધો હતો. અગિયાર માણસ બેઠેલી લૉરી હોડીમાં ચડાવી, બરાબર અધવચ્ચ આવતાં હોડી દોરડામાંથી છટકી ઊંધી વળી ગઈ. મોટર કે માણસનો પત્તો ન લાગ્યો!

બપોર નમવા માંડ્યા ત્યારે આરબની એક મોટર મળી. પણ તેઓ સીધા બુકોબા નહિ જતાં જંગલમાં પોતાની દુકાનોએથી માલ લેતાલેતા આડે રસ્તે જવાના હતા. બીજે દિવસે સવારે પહોંચાડશે એમ કહ્યું. અમે

ઝાઝી પૂછપરછ નહિ કરતાં ચડી બેઠા.

થોડી વારમાં ભયાનક પહાડી જંગલ આવ્યું. અમારી પાસે જોખમ નહોતું. આરબ વિશ્વાસુ લાગતા હતા. એ જંગલમાં શિકારીઓ દૂરદૂરથી શિકાર ખેલવા આવતા હતા. સિંહનાં ટોળાં આ જંગલમાં ફરે છે એમ આરબોએ વાત કરી. દિવસ હતો એટલે અમને જોવા ન મળ્યા. આપણે ત્યાં સિંહ એકલો જ ફરે છે એમ શિકારીઓ કહે છે; જ્યારે આફ્રિકામાં એનાં ટોળાં હોય છે.

ચારપાંચ માઇલ ચાલ્યા ત્યાં દુકાન આવી. માલ લીધો ને આગળ ચાલ્યા. બીજી દુકાને કાવાકાશી કાઢચાં, કેરી ખાધી ને આગળ ચાલ્યા. એમ કરતાં દીવાબત્તી થયે એક ઊંચી પહાડી પર ગામ આવ્યું. નામ કબ્બેરા. દૂર દૂર સરોવરનો ફાંટો દેખાતો હતો. બાકી ચોમેર ડુંગરમાળ. એક પંજાબીની, ને એક ગુજરાતીની એમ બે હિંદીની દુકાન હતી; પાંચસાત આરબ. એનું નામ ગામ! આફ્રિકાવાસીઓ તો જંગલમાં પડચા હોય. ફક્ત માલ લેવા આ ગામમાં આવે. જંગલનાં બધાં ગામ આવાં જ.

અમારે જમવું નહોતું. પંજાબી ભાઇએ આગ્રહ કર્યો, 'ઇતને દૂર આયે હોં તો હમારી રોટી ખાનેમેં કયા હર્જ?' અમારે કાંઇ હર્જ તો નહોતી, પણ પેટમાં ભૂખ નહોતી. અમે સૂઇ રહ્યા.

સવારમાં વહેલા ઊઠચા. હું પાયખાને ગયો હતો, ત્યાં ઉપરાઉપર તેડાં આવ્યાં. 'હાયા ઉપેસી તમારી મોટરકાર'. આરબની જાત. રામજીભાઇએ કહ્યું,'હમણાં આવીએ છીએ.' પણ તે કાંઇ સાંભળ્યું નહિ ને 'હબલ કબલ શબલ' કરતા ઉપડી ગયા!

અમે ત્રિશંકુની માફક જંગલમાં અદ્ધર ફસાઇ પડચા. નારણભાઇની મહેનત અફળ જતી લાગી. ચાલીને જવાનો વિચાર કર્યો તો મજૂર ન મળે. છેક સાંજે એક શિકારીની મોટર નીકળી. છ શિલિંગ આપવા ઠરાવી બેસી ગયા. યુગાન્ડાની પહાડીઓને ટપ્પે મારે તેવી પહાડીઓ ચડતાઊતરતા રાત્રે બુકોબા પહોંચ્યા.

(ચાલુ) **રામનારાયણ નાગરદાસ પાઠક**

ઘરફાડુ—(સજા બદલ કરગરતો) સાહેબ, મારી પાસે ખાવા ધાન નહોતું, રહેવા ઘર નહોતું, મારે કોઇ સાથી નહોતો.

ન્યાયાધીશ—મને તારા ઉપર દયા આવે છે અને એટલા જ ખાતર સરકાર તરફથી નવ મહીના સુધી તને ખોરાક મળે, આશરો મળે અને સાથીઓ મળે એવી ગોઠવણ કરું છું.

સરજનહારની સૃષ્ટિ



ઑસ્ટ્રેલિયાનું અધિવાસી: કાંગારૂ

પ્રાણીશાસ્ત્રીઓ સ્તનવાળાં પ્રાણીઓના ચાર વિભાગ પાડે છે. (૧) વાંદરાની જાતનાં માણસને મળતાં પ્રાણી; (૨) માંસાહારી હિંસક પશુ-પ્રાણી (૩) ખરીવાળાં પશુઓ. (૪) પેટે કોથળીવાળાં પ્રાણીઓ. પહેલા ત્રણ વિભાગનાં ઘણાંખરાં પ્રાણીઓનો થોડાઘણો પરિચય આપણને હોય છે, પણ ચોથા વિભાગનાં પ્રાણીઓ વિષે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. ઑસ્ટ્રેલિયાનું વતની કાંગારૂ એ વિભાગનું પ્રાણી છે.

એનું નામ તો ઘણાએ સાંભળ્યું હશે; કોઇએ પ્રાણીસંગ્રહાલયોમાં કે ચિત્રોમાં જોયું પણ હશે; પરંતુ એની ખાસિયતો ભાગ્યે જ કોઇ જાણતું હશે. ખાસ ઑસ્ટ્રેલિયા ઉપરાંત ટાસ્માનિયા, ન્યૂ ગિની અને બીજા પડોશના ટાપુઓમાં થતું આ પ્રાણી હમેશાં મોટાં ટોળાંઓ બાંધીને રહે છે.

એ કાંઈ નાનુંસૂનું પ્રાણી નથી. પાછલા પગ પર ઊભું રહે તો સામાન્ય કાંગારૂ પાંચથી છ ફૂટ ઊંચું (માણસ જેવડું) થાય! અને ત્રણ ચાર ફૂટની શેડકતાર વાળભરી મોટી પૂંછડી તો જુદી. કોઇકોઇ કાંગારૂ તો આઠઆઠ ફૂટ સુધીની ઊંચાઇનાં મળી આવે છે. ઘેટાંનાં માથાં જેવડાં તો એનાં માથાં હોય છે! તેના ચાર પગમાં આગલા બે બહુ જ ટૂંકા અને પાછલા બે અતિશય લાંબા એ પ્રાણીની ખાસ તરી આવતી વિશિષ્ટતા છે. આગલા પગનો ખાવા વગેરેમાં તે આ હાથ જેવો જ ઉપયોગ કરે છે; તેને હાથ કહીએ તો પણ હરકત નહિ. તેના પાછલા પગ અત્યંત મજબૂત હોય છે અને તે કૂદવામાં કામ આવે છે. આ પ્રાણી ચાલતું નથી; છલંગો મારી કૂદે છે. પણ કેવડી છલંગો! તમે શું ધારો છો? સામાન્ય ઝડપે જતું કાંગારૂ ૧૫-૨૦ ફૂટની ફલાંગો ભરતું હોય છે! અને શિકારીઓ પાછળ પડે ત્યારે તો ભલભલાં તેજી ઘોડાંને પણ પાછળ



ફલાંગ મારતું કાંગારૂ

પાણી ભરતાં રાખી દે એવી અજબ ઝડપે તે ટેકરાઓ, સાંકડી ખીણો અને નીચાં ઝાડ-જાળાંઓ ફલાંગતું પવનવેગે ભાગે છે. નાનાંનાનાં કાંગારૂનાં બચ્ચાં પણ સસલાં જેવાં વેગીલાં હોય છે ને સારા ઝડપી કુતરાને પણ દોડવામાં પાછળ રાખી દે છે.

શરૂઆતમાં કહ્યું તેમ આ પ્રાણી કોથળીવાળા વિભાગનું છે; એટલેકે એની માદાને પેટે-છાતીના નીચેના ભાગમાં-બચ્ચું રાખવા માટે નાનીસરખી કુદરતી કોથળી હોય છે. બીજાં કોઇ નહિ ને આ જ વિભાગનાં પ્રાણીઓને કુદરતે આ સગવડ આપી છે તેનો અર્થ એ કે આ પ્રાણીનાં બચ્ચાંને નાનપણમાં બહુ માવજત અને કાળજીથી ઉછેરવાની જરૂર રહે છે.

આ વિભાગમાં કાંગારૂ સિવાય બીજાં પણ ચારેક જાતનાં કોથળીવાળાં પ્રાણીઓ થાય છે; પણ અહીં તેને વિષે વધારે લંબાણની જરૂર નથી તેમાંના એક ઑપોસમ નામનાં ઉંદરડા જેવાં પ્રાણીનું ચિત્ર આ સાથે છે તે પણ કોથળીવાળું હોય છે અને તેને ઘણાં બચ્ચાં થાય છે. કાંગારૂને સામાન્યરીતે એક જ બચ્ચું હોય છે.

કાંગારૂમાં પણ જુદીજુદી જાતો થાય છે. કસ્તુરી-મૃગની પેઠે એક કસ્તુરી-કાંગારૂ થાય છે. બીજું એક સસલા જેવડું કાંગારૂ થાય છે, એક જાત વળી ઝાડપર રહેતાં કાંગારૂની છે. તેના પાછલા પગની રચનામાં ફેર હોય છે. એને લીધે તે સરળતાથી ઝાડે ચડી શકે છે અને વાંદરાની પેઠે એક ડાળેથી બીજી ડાળે કુદી શકે છે. ખડકોમાં રહેતાં કાંગારૂ વળી જુદી જ જાતનાં હોય છે. સામાન્ય કાંગારૂ મોટાં મેદાનોમાં વસે છે. તેમનો મુખ્ય ચારો ઘાસ ને વનસ્પતિ હોય છે. અનાજનાં ખેતરો હોય ત્યાં તો એનાથી બહુ કાળજીપૂર્વક જતન કરવું પડે છે; નહિતર જો એકાદ ટોળું પડ્યું કે જોતજોતાંમાં ખેદાન-મેદાન કરી મૂકે.

તેની ખાવાની રીત ખિસકોલીના જેવી જ. આગલા બે પગમાં ઘાસ કે વનસ્પતિનાં તરણાં પકડી લાંબા મોં વડે કાતરતું જાય ને બે કાન ઊભા માંડી, ચકળવકળ ચો તરફ જોતું જાય. કંઇક પણ ભયનો સનકારો થતાં જ નસકોરાં ફુલાવતું હવા સુંઘવા માંડે.

પાછલે પગે આંગળાં ચાર જ હોય છે. તેમાં બે તો ઘણાં નાનાં ને નાજુક. કુદવા કરવામાં તેનો કાંઇ ઉપયોગ નહિ; માત્ર ચામડીથી વચલા લાંબા આંગળાને ચોંટેલા રહે એટલું જ. પણ એ વચલા આંગળામાં તો ગજબનું કૌવત ભર્યું હોય છે. તેને જ ટેકે એ આવડી જબ્બર છલંગો દેતું ભાગે છે. એ આંગળાંને છેડે લાંબો તીણો નખ હોય છે. એ નખની મઝા તો તેની સાથે કોઇ માણસ કે જાનવર ભેટંભેટાની રમતમાં આવી ગયું હોય તો ચાખે! ચોમેરથી આંતરેલું કાંગારૂ જ્યારે ભાગવાનો કોઇ માર્ગ ન મળે ત્યારે જીવ પર આવી ભલા શક્તિવાળા પ્રાણીને પણ દ્વંદ્વયુદ્ધનું આહ્વાન આપે છે. પાછલા ફણા પર ઊભું થઈ તે શત્રુનો સામનો કરે છે, અને ઝડપમાં આવતાં જ આગલા બે પગ વડે બાથમાં સજ્જડ ભરડો લઇ પાછલા પગના નહોર વડે શત્રુને એવો તો ચીરવા માંડે છે કે એમાંથી ભાગ્યે જ જીવતો જાય; અને સુભાગ્યે બચે તો જિંદગીભર સંભારે.

પાણીની નજીક હોય ને ઘેરાયું હોય તો એ અચૂક પાણીનો આશરો લેવાનું; અને તેમાં યે જેમ પાણી ઊંડું તેમ એ ફાવે. શિકારી કુતરો જો એમાં પાછળ પડ્યો ને એકલો હોય તો તો તેનો ભોગ જળદેવતાને ધરાય જ. બીજું કાંઈ કરવાનું નહિ. આગલે પગે દુશ્મનને પકડી ચૂપચાપ પાણીમાં ઝબોળી દબાવી રાખવાનો,—રામશરણ પહોંચી જાય ત્યાં સુધી. કુતરા વધારે હોય તો વળી ઝપટમાં ન આવે અને હંફાવે ખરા.


આણીને વખતે આટલી બધી હિંમત અને ઝનૂન દાખવતું હોવા છતાં કાંગારૂ સામાન્યરીતે બહુ જ બીકણ પ્રાણી ગણાય છે અને એને સહેલાઇથી હેળવીને પાળી શકાય છે.



ઉંદરડા જેવડી કાંગારૂની એક જાતઃ ઑપોસમ

શિક્ષક—મનુ, ત્યારે ભુત્રડ અને જયશિખરની લડાઈની તને કાંઈ ખબર જ નથી લાગતી!

મનુ—ના સાહેબ; મારા બાપા મને કદી લડાઈ જોવા ઘરની બહાર જ નીકળવા નથી દેતા ને!



કરાડીની કુટિર: જ્યાં ગાંધીજી ગિરફતાર થયા. [ફોટો: ચાંદોરીકર

એ કેમ બન્યું?

[ગાંધીજીની ગિરફતારીની આ કથા આલેખનાર ભાઈ કૃષ્ણલાલ શ્રીધરાણી કરાડી છાવણીમાં ગુજરાત વિદ્યાપીઠના સૈનિક તરીકે ગાંધીજીની સેનામાં જ હતા, એટલે એ પ્રસંગના તે પ્રત્યક્ષ સાક્ષી હતા પછી તો અબ્બાસ સાહેબની સરદારી નીચે ગએલી ધરાસણા પરની ધાડની પહેલી જ ટુકડીમાં એ પોતે પણ ગિરફતાર થયા એટલે આજે એ સરકારના મહેમાન છે]

કરાડી મઢવાડ: ૫-૫ ૩૦: રાતનો દોઢ

હવે નિદ્રા શાની? જે નિદ્રામાંથી અમે જાગ્યા છીએ તે નિદ્રાએ હવે હમેશને માટે વિદાય લઇ લીધી. હવે તો દિવસ કે રાત! આઝાદીની પ્રથમ રાત સુધી હવે તો જાગવાનું!

અમારા—આખા રાષ્ટ્રના પ્રાણને હમણાં જ વળાવીને લખવા બેઠો છું. અત્યારે દોઢ વાગ્યો છે; મધરાત છે; પણ જાણે ધોળો દિવસ ઊગી નીકળ્યો હોય તેવો ભાસ થાય છે:

પોણા વાગ્યે બે મોટી મોટરબસ આવીને બારણે ઊભી રહી. ક્ષણ વારમાં તો એક પછી એક ૨૫-૩૦ સિપાહીઓ કૂદી પડયા. સુરતના પેલા ગોરા ન્યાયમૂર્તિ કલેક્ટર એંડ્રામ સૌથી આગળ દોડયા. પાછળ સુપરિન્ટેન્ડેન્ટ મિ. રૉબિન્સન ઉપરી અને આંટિયા, અને તેમની પાછળ ૨૫ પોલીસો બંદૂકના કુંદા ઝાલી દોડયા. જાણે ધાડ પાડવા આવ્યા ન હોય! દરવાજા આગળ સૂતેલો રાઘવન્ જાગી ઊઠયો અને 'Who are you?' (કોણ છો તમે?) કરતોક ને પેલા ગોરા ન્યાયમૂર્તિ સામે આવીને ખડો થઇ ગયો.

'Shut up!' (ચૂપ કર!) ગોરાએ જવાબ આપ્યો. 'Who are you?' રાઘવન્ ફરી તાડુક્યો. 'Shut up!' પેલાએ ત્રાડ્ઓબી છાંટી. રાઘવને ત્રીજી વાર એ જ પૂછ્યું અને પેલો જવાબ પણ દેવા ન થોભતાં બાપુજીની કુટિર તરફ દોડી ગયો.

પહેલાં તો સિપાહીઓએ અમને સૌને ઘેરી લીધા હતા. મેં ધાર્યું કે અમને પણ પકડશે. એટલે બિસ્તરો સંકેલવો શરૂ કર્યો. પણ ત્યાં તો જોયું કે એ લોકો બાપુજીની કુટિર તરફ ધસી રહ્યા છે; એટલે મેં પણ દોટ મૂકી. સિપાહીઓના જોડાના અવાજથી અને રાઘવનની બૂમથી સૌ જાગી ગયા હતા. ક્ષણ બેક્ષણમાં તો સૌ બાપુજી પાસે દોડી ગયા અને આસપાસ વીંટળાઇ વળ્યા.

અવાજથી જાગી ગએલાં કમળાબહેન ખુલ્લા આકાશની અનંત આંખોની ચોકી નીચે સૂતેલા બાપુ પાસે દોડી ગયાં અને બેસી પડયાં. બાપુ પણ જાગતા જ હતા.

'બાપુ, તમને લઈ જવા આવ્યા લાગે છે.'

'હા, કેમ જશું ને?' બાપુએ માથું પંપાળ્યું. કમળાબહેને 'હા' એવો જવાબ આપ્યો.

'તારે આવવું છે મારી સાથે?' 'હા' બોલ્યાં ત્યાં તો કમળાબહેનની આંખમાં પાણી આવ્યાં.

'અરે, ગાંડી, ગાંડી' બાપુએ વાંસામાં બે ધબ્બા માર્યા.

એટલામાં તો ન્યાયમૂર્તિ અને આંટિયા આવી પહોંચ્યા. કોઇ જમદૂતની માફક ઓચિંતો બાપુ ઉપર ટોર્ચ (વીજળીની બત્તી)નો પ્રકાશ ફેંક્યો. બાપુએ મોં ફેરવ્યું.

'I arrest you.' ગોરો બોલ્યો. બાપુ હસ્યા.

'Do you want me?' બાપુજી બોલ્યા.

'Yes, sir.' (હા, જી) ગોરાએ જવાબ આપ્યો અને પૂછ્યું, 'તમારૂં નામ મોહનદાસ કરમચંદ ગાંધી?'

'હા.' બાપુએ જવાબ આપ્યો. ત્યાં તો સિપાહીઓ આવીને ફરી વળ્યા. હુકમ મળ્યો કે મેં ઢું બહારની બાજુ રાખો.

'જો તમારે કશો વાંધો ન હોય તો હું દાતણ કરી લઉં?' બાપુએ પૂછ્યું.

'ખુશીથી.' જવાબ મળ્યો. બાપુએ દાતણ મંગાવ્યું. જાણે કાંઈ જ ન બન્યું હોય—જાણે હમેશની માફક ચાર વાગ્યાની પ્રાતરોપાસના માટે તૈયાર થતા હોય તેમ સ્વસ્થતાથી દાતણ કરવા લાગ્યા.

'કાન્તિ!' બાપુ બોલ્યા, 'મારાં કપડાં તૈયાર કર.' બાપુ તો દાતણ કરતા જાય: અને કહેતા જાય. 'વાલજી, Young India માટે અધૂરૂં લખેલું પડ્યું છે; સંભાળી લેજો અને મોકલી દેજો.' દાતણ કરતા જાય અને સ્વાસ્થ્યથી સૂચનાઓ આપ્યે જાય. સામે અમલદારો સ્તબ્ધ ઊભેલા.

'મિ. મેજીસ્ટ્રેટ, મને જણાવશો કે મને કયા સેક્શન નીચે પકડવામાં આવે છે?' બાપુજીએ ન્યાયમૂર્તિને પૂછ્યું.

ન્યાયમૂર્તિએ ધ્રુજતાં ધ્રુજતાં આખું વૉરંટ વાંચ્યું. સાર આ હતો: '૧૮૨૭ના રેગ્યુલેશનની ૨૫મી કલમ પ્રમાણે.'

ત્યાં તો આનંદ પત્રોની ફાઈલ લઇને આવી પહોંચ્યો. બાપુ એકેક પત્ર લેતા જાય ને સમજ પાડતા જાય. ત્યાં તો એક આવ્યો. 'આ છાપી નાખજો.' બાપુ બોલ્યા. એ કયો પત્ર હશે? જે પત્રમાં લૉર્ડ અર્વિનને બાપુએ કેટલીક એવી વાતો કહી છે કે જે તેઓ આખા જીવનમાં પણ ન જાણી શકત.

'વખત છે ને?' બાપુએ પૂછ્યું. 'ના જી.' આંટિયાએ જવાબ આપ્યો, 'આપને એક વાગ્યા પહેલાં પકડી લેવાના છે.'

'ત્યારે પાંચ મિનિટ વધારે. એક ભજન ગાઇ લઇએ.



બારમી માર્ચની મહાત્માજીની સ્વાતંત્ર્ય-કૂચને સ્મરણાંકિત કરવા વિખ્યાત બંગાળી કલાકાર શ્રી નંદલાલે બોઝે લાકડામાં કોરેલું ગાંધીજીનું ચિત્ર.

પંડિતજી છે કે ?' મહાવીર દોડ્યો અને એકતારો લઇ આવ્યો.

બાપુ ઊઠ્યા. સૌ એકધ્યાન થયા. પંડિતજીએ શરૂ કર્યું: 'વૈષ્ણવજન તો તેને કહીએ . .'. વચમાં આદર્શ વૈષ્ણવજન નીચે વદને અંતર્મુખ ઊભા હતા અને આસપાસ સત્યાગ્રહીઓ ગાતાગાતા '—તેનું દર્શન કરતા કુળ એકોતેર' તારતા હતા.

એટલામાં ગામલોક પણ આવી પહોંચ્યું. પાછલી વાડમાંથી પ્રવેશ કરે ત્યાં તો પોલીસો ગોઠવાઇ ગયા અને તેમને અંદર આવતાં અટકાવ્યા. ગામની સ્ત્રીઓ ગાવા લાગી: 'દાતણ કરતા જાવ રે ગાંધીજી . . . .'

ભજન ખલાસ થયું અને એક પછી એક સૌ એ પતિતપાવનનાં ચરણોમાં પડવા લાગ્યાં. બાપુ હસતા જાય અને થાબડતા જાય: 'ચાલો, હવે ઉતાવળ કરો. મને જવા દો.' બાપુએ છેલ્લા નમસ્કાર કર્યા. ધીમેધીમે સૌ ખસ્યા. આંટિયાએ હાથ આપ્યો. જાણે ઊલટ આવી હોય એમ બાપુજી ઝપાટાભેર ચાલવા લાગ્યા. સૌ મોટરોની આસપાસ ગોઠવાઈ ગયાં. એક ક્ષણમાં તો બાપુજી એક ખટારામાં ચડી બેઠા અને એક પછી એક અમલદારો અને સિપાહીઓ ખડકાયા. કેટલાક બહાર પણ ટીંગાયા અને ખરર . . . મોટરો ઊપડી ગઈ. ગામની સ્ત્રીઓ ગાવા લાગી:

'બાપુને શરણે આવજો રે, અવસર છે છેલ્લો . . . .
બાપુ ચરણે આવજો રે, અવસર છે છેલ્લો.'

એનું શરણ તો નિત્ય રહેવાનું, પણ ચરણ તો હમણાં છેલ્લાં જ સ્પર્શવાનાં.

રાષ્ટ્રપ્રાણને વળાવી સૌ પાછા ફર્યા. બાપુની ખાલી કુટિર ઉપર આંબામાં કોયલ ટહુકતી હતી. એમની ખાલી પડેલી પથારી (The Blessed Bed) જોઇજોઇને સૌ પ્રાર્થનામાં વળ્યાં. પંડિતજીએ ગાયું, 'હમારે ... નિર્બલ કે બલ રામ . . .'

ગામલોક રડે છે કે અમારા ગામને કલંક ચોટ્યું. પણ રડવાનું તો આખા રાષ્ટ્રને છે.

ભજન ચાલતું હતું તે વખતે આંટિયાનો હૃદયપલટો થયો હોત! લોહીમાંથી નિપજતા પૈસાને લાત મારી બોલી ઊઠ્યા હોત, 'મને ય ગાંધીજીની સાથે પકડી લો. આ ગુંડારાજની નોકરી મારાથી ન થાય!' પણ દેશનાં એ ભાગ્ય ક્યાંથી?

નવસારી સ્ટેશનથી બે માઇલ દૂર એક સરસ સલૂન ઊભું રાખવામાં આવ્યું હતું. કોઇને જાણ ન થાય માટે તેમાં બત્તી પણ નહોતી કરવામાં આવી. બાપુને લાવીને તેમાં બેસાડી દેવામાં આવ્યા.

તાર કરવા માટે છાવણીમાંથી ઘોડો દોડાવવામાં આવ્યો. પણ તેને રસ્તામાં રોકવામાં આવ્યો. દરેક રસ્તે ૨૫-૨૫ પોલીસો ગોઠવી દેવામાં આવ્યા હતા. સ્ટેશન, જલાલપુર અને નવસારીની તાર ઑફિસોનો તો ૧૨ વાગ્યાથી કબજો લઇ લેવામાં આવ્યો હતો.

સરકારના આ સર્વશ્રેષ્ઠ પરાક્રમનો દેશ શો ઉત્તર આપશે?

કૃષ્ણલાલ શ્રીધરાણી

વળી એક ફોટોગ્રાફી હરીફાઈ

[તાત્કાલિક અગત્યની]

જુદાંજુદાં રૂપિયા પચીસનાં ઈનામો વહેંચાશે

ચાલુ સત્યાગ્રહ-સંગ્રામના ઠેરઠેર બનતા અનેક પ્રસંગોમાંથી કોઇપણ ચિત્રમય પ્રસંગનો સર્વોત્તમ ફોટોગ્રાફ પાડી મોકલનારને આ ઈનામો મેળવવાની તક છે. નિયમો હમેશ મુજબ (૧) ગ્રાહક કે બીન-ગ્રાહક ગમે તે વિદ્યાર્થી ફોટોગ્રાફર (ઍમેચ્યોર) ભાગ લઇ શકશે; (૨) વળી ધંધાદારી (પ્રોફેશનલ) ફોટોગ્રાફરો માટે જુદું ઇનામ રાખવામાં આવ્યું છે; (૩) ફોટોગ્રાફો માઉન્ટ કરેલા ન હોવા જોઇએ અને દરેક પાછળ પાડનારનું પૂરૂં નામ, ઠેકાણું તથા ફોટાની વિગતો જણાવેલી હોવી જોઇએ; (૪) ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટા ન હોવા જોઇએ; (૫) ઇનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલાશે નહિ; (૬) બાકીના ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે સાથે પોસ્ટેજ મોકલવું. (૭) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે.

૨૫મી જૂન પહેલાં તમારા ફોટો મોકલાવો.

એ છેલ્લી તારીખ છે. સરનામું: કુમાર કાર્યાલય અમદાવાદ

મીઠાની મહત્તા

કેટલાક પદાર્થો એવા છે જે અતિ અગત્યના હોવા છતાં, બહુ સહેલાઈથી મળતા હોવાને લીધે આપણે એની ખરી કિંમત આંકી શકતા નથી. મીઠું એ આ વર્ગનો પદાર્થ છે. ખોરાકમાં, દવામાં અને હુન્નરઉદ્યોગમાં એનું સ્થાન બહુ ઊંચું છે. ઘણા ધર્મોમાં એને અગત્ય આપવામાં આવ્યું છે. આપણે એને શુકનવાળું ગણી બેસતે વર્ષે હેતથી ખરીદીએ છીએ. નમાલા માણસને વ્યંગમાં મીઠા વિનાનો કહે છે. સ્વાદોનો રાજા હોવાથી એને સબરસ કહે છે. ચાનમાં કેદીને દુઃખ દેવા મીઠા વિનાનો ખોરાક અપાય છે; જ્યારે આપણા દેશમાં ખૂબ મીઠું નાખી રાબ આપે છે. આપણી હોજરીમાં રહેલો અતિ ઉપયોગી મીઠાનો તેજાબ આપણે ખાધેલા મીઠામાંથી બનેલો હોય છે. માંસભક્ષક પ્રાણીઓને લોહી વગેરેમાંથી જરૂરી મીઠું મળી રહે છે. પરંતુ વનસ્પત્યાહારી પ્રાણીઓને એમ સહેલાઇથી મીઠું ન મળતું હોવાથી તેઓ મીઠાનો સ્વાદ લેવા કેટલીક વાર માઇલોના માઇલ દૂર આવેલી ખારી જમીન ચાટી આવે છે યા તો ખારા પાણીને ઝરે જઇ એ તલપ શમાવે છે.

દુનિયાનો મીઠાનો જથ્થો અખૂટ છે. દરિયાના પાણીમાં એટલું મીઠું ઓગળેલું છે જે બહાર કાઢી પૃથ્વીની બધી સૂકી જમીન ઉપર પાથરે તો ૪૦૦ ફીટ ઊંચો થર થાય. નદીઓ દર વર્ષે અબજો મણ મીઠું દરિયામાં ઘસડી જાય છે. આથી મીઠાનું મુખ્ય સ્થાન દરિયો અને એનું પાણી જ હોય એ દેખીતું છે.

પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે મીઠું એટલા બધા વિવિધ ઉપયોગમાં આવે છે કે જો એ આજે દુનિયામાંથી અદૃશ્ય થઇ જાય તો એને બદલે કામ લાગે એવો પદાર્થ શોધી કાઢવા પહેલાં આપણને ત્રાસ થઇ અગવડ વેઠવી પડે ને જીવન અકારૂં થઇ પડે. સૌથી પહેલાં તો ખોરાક જ સ્વાદ વગરનો થઇ જાય, એટલે ભોજન પર અરુચિ થાય ને જીવનનો અરધો રસ જતો રહે. મીઠાની મદદથી બનતા પદાર્થો જેવાકે ધોવાના સોડા, કૉસ્ટિક સોડા, મીઠાનો તેજાબ, ક્લોરીન બ્લીચિંગ પાઉડર અને એ પદાર્થો પર ટકી રહેલા ઉદ્યોગો નાશ પામતાં અર્વાચીન સંસ્કૃતિ લગભગ અરધી નાશ પામે.

પહેલાં તો આપણે મીઠું શાથી રીતે શા કામમાં વપરાય છે તે જોઇએ. ખોરાકમાં મીઠું બહુ ઉપયોગી લેખાય છે એ તો સૌ જાણે છે. ઘરગથ્થુ દવા તરીકે મીઠાના અનેકવિધ ઉપયોગ ઉપર એક જુદો જ લેખ આવતા અંકમાં પ્રસિદ્ધ થનાર હોવાથી એ વિષે અહીં લખવાની જરૂર નથી. ઢોરના ખોરાક તરીકે, ખાતર માટે, કુવાનાં જન્તુ જંતુ ખદબદ ન મારે તે સારૂ અને મરેલાં પ્રાણી કાટતી વખતે મીઠાનો



મુંબાઇ અને અમદાવાદના નગર-નેતાઓ

શ્રી ખુરશેદ ફ. નરીમાન — ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

ડૉ. હરિપ્રસાદનો સંદેશો

મનને ખાત્રી થઇ જ ગઇ હતી કે આજે પકડાવાના છીએ. ઉઠ્યાની સાથે જ તેથી જરા બગીચામાં ફર્યો. પણ આજનું પ્રભાત જેવું સુંદર લાગ્યું એવું જીંદગીમાં કોઇ વાર લાગ્યું નથી. ઘર છોડતાં જરા યે દુઃખ થયું નથી. ઉલટું જીવતર આજે મીઠું લાગ્યું.

કાલે બીજી એક વાતનું સ્મરણ થયું હતું. દિલ્હીમાં કુતુબમિનાર જતાં મોટરની નીચેથી પાંચાલિનું કરુણ રુદન મેં સાંભળ્યું હતું. અને હિમાલય પર ફરતાં તથા મુંબાઈમાં અરબી સમુદ્ર પર પણ મેં ઘણીવાર એ જ રૂદન ફરીફરીને સાંભળ્યું છે. 'માતાનું ઋણ કેમ ફેડતો નથી, અને આ રુદન કેમ સાંભળી રહ્યો છે?' એમ મને અંતરનો ડંખ ઘણી વાર ગળતો હતો.

ગઇ કાલે એ દુઃખની પણ કંઇક શાંતિ વળી. 'માતાનું ઋણ હવે ફેડવા હામ ભીડી છે અને હવે પેલું રુદન પણ શાંત થશે' એમ મને ભીતરના ઉંડાણમાંથી જવાબ મળ્યો હતો.

જે સુખ અત્યારે હું અનુભવું છું એવા પ્રકારનું સુખ અનુભવવા તમે બધાં ભાગ્યશાળી થાઓ એ મારી પ્રાર્થના છે.
(રામનવમી : કાચી કેદમાં)

હરિપ્રસાદ

છૂટથી ઉપયોગ થાય છે. આઇસક્રીમ અને બરફ બનાવવામાં પણ એ વપરાય છે. માખણ, ચામડાં, માંસ, માછલી અને અથાણામાં સડો અટકાવનાર તરીકે એ વપરાય છે. હુન્નરઉદ્યોગોમાં પણ મીઠું સૌથી સોંઘો ક્ષાર હોવાથી ઘણી જગ્યાએ વપરાય છે. સાબુના ઉદ્યોગમાં ગ્લિસરીન જુદું પાડવા જથ્થાબંધ મીઠું વપરાય છે. ધોવાના સોડા, કૉસ્ટિક સોડા, મીઠાનો તેજાબ, સોડિયમ ધાતુ અને ક્લોરીન વાયુની બનાવટમાં મીઠું મૂળ પદાર્થ છે. રંગો બનાવવાના કારખાનામાં પણ મીઠાના વાપર વિના ન ચાલે.

હવે મીઠાના ઉપર આડકતરી રીતે આધાર રાખતા ઉદ્યોગો જોઇએ. મીઠામાંથી બનતો ધોવાનો સોડા, કાચ તથા સાબુ બનાવવાનાં અને રંગવા તથા નિખારવાનાં કારખાનાંમાં પુષ્કળ વપરાય છે. કૉસ્ટિક સોડાનો સાબુ બનાવવામાં મુખ્ય વપરાશ છે. આ ઉપરાંત એ સોડા બનાવટી રેશમ બનાવવામાં, નેફ્થોલ, ઍલિઝરીન ને રીસૉર્સીન જેવા રંગને લગતા પદાર્થો બનાવવામાં, મર્સિરાઇઝ્ડ કાપડ બનાવવામાં, તેલ પેટ્રોલ ને ચરબી સાફ કરવામાં અને કાગળ તથા કાપડની મીલોમાં પણ ઘણાં કામ માટે એ વપરાય છે. સાબુના ઉદ્યોગમાં મીઠું જે ગ્લિસરીન જુદું પાડે છે એ તો ઘણું ઉપયોગી છે. ડાઇનેમાઇટમાં ગ્લિસરીન ખાસ જરૂરી છે. દવામાં, છાપખાનાંમાં, ને શૃંગારની કેટલીક વસ્તુઓમાં પણ ગ્લિસરીન ઉપયોગી છે.

મીઠાના પાણીમાં વીજળીનો પ્રવાહ દાખલ કરવાથી કૉસ્ટિક સોડા, હાઇડ્રોજન અને ક્લોરિન વાયુ બને છે. તેમાંથી કૉસ્ટિક સોડાની અગત્ય આપણે ઉપર જોઇ ગયા. મીઠાની મદદથી બનતો હાઇડ્રોજન વાયુ પણ બહુ ઉપયોગી છે. બલુન ભરવા માટે અને વીજળીના ગ્લોબમાં નિષ્ક્રિય વાયુ ભરવામાં તે ખપતો છે. પ્રવાહી તેલોમાંથી તે પસાર કરવાથી મીણબત્તી બને તેવી અને બનાવટી ઘી તરીકે વાપરી શકાય તેવી ઘટ્ટ ચરબી તૈયાર થાય છે. લોઢાનાં યંત્રોના તુટેલા ભાગ સાંધવા (વેલ્ડ કરવા) માટે હાઇડ્રોજન વાયુની જ જ્યોત વપરાય છે.

ક્લોરિન વાયુથી આપણે શહેરોમાં રહેનારા અજ્ઞાત નથી. પીવાનાં પાણીમાં જંતુનાશક તરીકે મ્યુનિસિપાલિટી એનો ઘણી વાર ઉપયોગ કરે છે. ચુનાની સાથે ક્લોરિન મળવાથી બ્લીચિંગ પાઉડર બને છે, જેનો મીલોમાં કપડાં નિખારવામાં મોટો વપરાશ છે. ક્લોરિન ગંધક સાથે મળતાં સલ્ફર ક્લોરાઈડ બને છે, જે રબરને ગંધકિત કરવામાં વપરાય છે. મોટરનાં ટાયરો માટે આ ગંધકિત રબર જ વાપરી શકાય છે. છેલ્લી લડાઇમાં ક્લોરિનની મદદથી બનેલા વાયુઓ બહુ વપરાયા હતા. ક્લોરોપીક્રિન, ફોસ્જીન, મસ્ટાર્ડ ગૅસ અને એવા બીજા પ્રાણઘાતક વાયુઓએ અંગ્રેજ લશ્કરને ત્રાહે પોકરાવી હતી. બનાવટી ગળી બનાવવામાં વપરાતો ક્લોર્-ઍસેટિક ઍસિડ પણ ક્લોરિન અને ઍસેટિક ઍસિડમાંથી જ તૈયાર થાય છે. કૉસ્ટિક પોટાશ અને ક્લોરિનના સંયોગથી પોટાશ ક્લોરેટ બને છે, જે દીવાસળી, દારૂખાનું અને બંદૂકના દારૂ બનાવવામાં વપરાય છે.


આમ આપણે જોયું કે મીઠું અને મીઠામાંથી નિપજતાં રાસાયનિક દ્રવ્યો ઉપર ઘણા ઉદ્યોગોનો આધાર છે. આવી વસ્તુ કે જે ખોરાક અને ઉદ્યોગો માટે ઘણી અગત્યની છે અને જેને બનાવતાં જૂજ ખર્ચ આવે છે તે દરેક દેશમાં સોંઘી મળવી જોઇએ. પરંતુ આપણે ત્યાં તો પરદેશી સરકાર છે, જેને નથી આપણા ખોરાકની દરકાર કે નથી આપણા હુન્નરઉદ્યોગની પરવા એટલે એ જેમ બને તેમ આપણને અપંગ જ બનાવવા માગે છે. આના સિવાય એણે લાદેલા મીઠાના અન્યાયી વેરાનો બીજો કાંઇ જ અર્થ નથી. આટલું જાણ્યા પછી આ અન્યાયી કર સામે થવાની દરેક હિંદીની ફરજ વધુ સમજાવવી પડે એવું છે? પોતાથી બને તેટલી રીતે એકેએક હિંદી એ હૈડિયા વેરાની સામે થવાનો પ્રયત્ન કરે.

સારાભાઈ મ. પટેલ

[અનુસંધાન આગળ પાન ૧૯૨થી]

=હિંદનો એક પ્રાંત; ત્રીજો શબ્દ =બેશરમ.

(૫) બાજુની આકૃતિમાં બે સીધા કાપ એવા મૂકો કે જે પછી પડતા ટુકડાઓ વડે એક સમચોરસ ગોઠવાઈ રહે.



ચિત્રકાર—જરા સંભાળજે, ચિત્ર હજી લીલું છે.

મજૂર—કાંઇ નહિ સાહેબ, મારાં કપડાં જૂનાં છે એટલે બગડે તો કંઈ વાંધો નથી. (અને ચિત્રની ફિકર જ નહિ!)

બા ળ વિ ભા ગ

યો ટુ

[ચીની વાર્તા]

ઘણા કાળ પૂર્વે પીળી નદીને કાંઠે યો ટુ કરીને એક છોકરો રહેતો હતો. તેના બાપને દાડમીઓનું મજાનું વન હતું, અને એ વનની આવક ઉપર કુટુંબનું ગુજરાન ચાલતું.

યો ટુનો જન્મ થયો નહોતો તે પહેલાં એનાં માબાપ પુત્ર ન હોવાને કારણે ફીકરચિંતા કરીને અરધાં થઇ જતાં હતાં. ગુલાબી ગાલવાળી દીકરીઓ તો પૂરી પાંચ હતી, પણ દીકરા વગર સૌ સૂનું હતું. એટલે તેઓ મંદિરના દેવને ઘીના દીવા ને પૂજાપા ચડાવતાં. તેઓ માનતાં કે બાર છોકરીઓ બરાબર એક છોકરો. છોકરી તો ઉછરી મોટી થઇને સાસરે જાય; પણ છોકરો તો માબાપની સેવાચાકરી કરે અને કમાઇ પણ લાવે.

છેવટે, માતાની પુત્રકામના એટલી બધી પ્રબળ થઇ કે એ તો કોઇ દેવની જૂનીપુરાણી મૂર્તિને સમરાવવા તૈયાર થઇ,–જો એમ કરતાં દેવ દીકરો દેતા હોય તો. દેવે વરદાન દીધું હશે કે કેમ એ તો કોણ જાણે પણ દસ માસે એને પુત્ર સાંપડ્યો ખરો.

ચીનના રિવાજ મુજબ એનું નામ એની પહેલી વરસગાંઠને દહાડે પાડવામાં આવ્યું. તે દિવસે બાળકને દાદીમાએ શીવડાવેલ સારાંસારાં કપડાં પહેરાવ્યાં. પછી તેને વાંસની ચાળણીમાં બેસાડ્યો. તેની આસપાસ કેટલીક જુદીજુદી ચીજો મૂકવામાં આવી: તે ચોપડી, અરીસો, ત્રાજવાં, રોકડપેટી, કલમ, ખડિયો, છરી, ઘરેણાં અને ફળફૂલ.

બાળકની ફરતાં આનંદે ફુલાતાં એનાં માબાપ ઊભાં અને બાળક કઇ વસ્તુ ઉપાડે છે તેની આતુરતાથી મીટ માંડી રહ્યાં. એ લોકોમાં એવી માન્યતા છે કે બાળક જો ચોપડી કે કલમ ઉપાડે તો તે ભવિષ્યમાં મોટો પંડિત બને; જો ત્રાજવાં તોલાં કે ઘરેણાં ઉપાડે તો મોટો ધનિક બને; જો છરી ઉપાડે તો લડવૈયો ને ફળ ઉપાડે તો ખેડુત.

પહેલાં તો બાળક આંખો ચગાવી બધી વસ્તુઓ તરફ જોઇ રહ્યો; પછી વાંકો વળીને કાકડી જેવો કુણો હાથ લંબાવી આખો ઢગલો વીખવા માંડ્યો. આથી તો બહેનો પડોશીઓ વગેરે ખુશખુશ થઇ ગયાં.

તેનો બાપ બોલ્યો, 'ટા યો ટુ!' એટલે 'એને તો બધું જ જોઈએ છે.' તે ઉપરથી એનું નામ યો ટુ એટલે સર્વેચ્છુ પાડવામાં આવ્યું.

છોકરો મોટો થતો ગયો તેમતેમ તેના આ નામ પ્રમાણે ગુણ હવે ઝળકવા લાગ્યા. એક પણ વસ્તુને અડ્યા વગર છોડે જ નહિ! એની બહેનો જે જે ચીજો લે તે તે એને પણ લેવી જ. વાડીનાં મોટાં પાકાં સરસ દાડમ તો ભાઇસાહેબ યો ટુ જ જમી જતો.

પણ એ સ્વાર્થી છોકરો નીવડ્યો. ઘણીવાર તો એ બહેનનાં ભાણાં ખાલી કરી બધું ખાઇ જતો, એઠું મૂકતો અને આમતેમ કોળિયા ફગાવી દેતો. બહેનો એને બે વેણ કહેતી તો એ સામો જવાબ દેતો કે 'બેસ, બેસ; તમે તો સૌ છોકરીઓ છો ને?'

ગામડી નિશાળમાં પણ યો ટુ મીંડું વાળેલ નીકળ્યો. પહેલા નંબરની એ હમેશાં હઠ લઇ બેસતો. રમતના વખતમાં બીજા પતંગો ચગાવે તે ભાઇને પણ જોઇએ, અને જો કોઇ તેને હાથમાં દોર પકડવા ન દેતું તો ભાઇનો મિજાજ જતો.

આખા ઘરમાં એ એક એની દાદીમાનું કહ્યું કરતો; પણ દાદીમા તો જે કહે તે હેતમાં કહે, એટલે યો ટુ એનાં વેણ કાન નીચેથી કાઢી નાખે.

ધીમેધીમે યો ટુ જુવાન અને ડાહ્યોડમરો થતો ગયો અને એક દહાડો પોતાના પિતાને કહેવા લાગ્યો, 'બાપા, આમ તમે મને ઘરઘુંસ કરી રાખો તો પછી હું પૈસા કઇ રીતે કમાઇશ? મને જરા બહાર હરવાફરવા મોકલો તો ખબર પડે મારૂં હીર કેટલું છે તે.' એનો બાપ આ સાંભળી જરાક મીઠું હસ્યો.

'ભલે ભાઇ, એક કામ સોંપું. તો કાલે આ દાડમનું ગાડું ભરીને જજે અને નદીને રસ્તે વેચી આવજે.'

યો ટુ તો ખુશખુશ થઈ ગયો. બીજે દિવસે સવારે વહેલો ઊઠી ગાડામાં દાડમ ભરી એ તો ચાલતો થયો.

અષાડ અરધોક ગયો હતો અને આકાશ વાદળથી ઘેરાતું હતું. મજૂરો વાદળિયો પોશાક પહેરીને કામ કરવા રસ્તાપરથી હારબંધ ચાલ્યા જતા હતા. ફેરીઆઓ પોતાનો માલ પીઠ પર લાદીને ગામની બજાર તરફ વળતા હતા. કેટલાક જણ ધૂળિયા રસ્તા ઉપર ભારભરેલ ગધેડાંને ડચડચ કરી હાંકતા જતા હતા અને ગધેડાં ઠોકર ખાતાં જતાં હતાં.

યો ટુ રસ્તે જનારાઓની નજરે પડે તેમ પોતાનો

માલ ગોઠવીને આગળ પંથ ખેડતો હતો. આજે વેચાણ સારૂં થવાની વકી હતી અને તેથી ઘરાકો કનેથી દાબીને મૂલ લેવાની તેણે ધારણા રાખી હતી. એ રીતે પહેલે જ દહાડે ખૂબ નફો બતાવશે એટલે પોતાના બાપ ખુશખુશ થઇ જશે એવા મનસૂબા ઘડતો તે ગાડું હાંકયે જતો હતો.

માલ મોંઘી કિંમતે વેચાવા લાગ્યો અને પૈસા એની વાંસળીમાં ખણખણ થતા ભેગા થવા માંડયા. પણ ગાડું ભરચક ભરેલું હતું; એટલે બપોર થયા છતાં થોડો માલ વેચવાનો રહ્યો. હવે તે રસ્તાની કોરે ઝાડની છાયામાં થાક ખાવા બેઠો. કેટલાક મજૂરો પણ તેની પાસે આવીને બેઠા અને દાડમ વેચાતાં લઇ ખાવા લાગ્યા.

યો ટુ પણ ભાથું છોડીને ભાખરી ખાવા બેઠો. ત્યાં તેણે એક કેડેથી વાંકા નમેલા ડોસાને ધીમાં ડગ દેતો પોતાના તરફ આવતો દીઠો. બુઢ્ઢાની દાઢીના વાળ સફેદ પુણી જેવા હતા યો ટુ બોલ્યોઃ

'શું છે, બાપા? દાડમ ખરીદવાં છે? આવાં ફક્કડ કયાંય નહિ મળે હો?'

'અરે ભાઇ, મારી પાસે પૈસા નથી.'

ઠંડે કલેજે યો ટુ કહેઃ 'એ તો એમ જ તો!'

'પણ તું બુઢ્ઢા માણસને એકાદ ફળ મફત ન દે, ભાઇ? તારે તો ઘણાં છે ને મારે તો એક જ જોઇએ છે.' યો ટુએ જવાબ ન વાળ્યો. પોતે એક ફળ ઉપાડીને ચપ, ચપ ખાવા મંડયો.

'ત્યારે તું ના પાડે છે એમ ને? હું ઘણો લાંબો પંથ કાપીને આવ્યો છું; સિત્તેર વરસનો બુઢ્ઢો છું; અને હજુ ચાનો પ્યાલો કે બટકું રોટલો મળ્યો નથી.'

'તે હું પણ આટલી લાંબી વાટ ખેડીને કાંઇ દાનપુણ્ય કરવા નથી આવ્યો. એમ તો અમારા વન પાસે થઇને હજારો ગરીબગુરબાં નીકળે છે, તે શું આખું વન લુંટાવી દેવું? પૈસા હોય તો વેચાતું લે; નહિ તો મૂક પંચાત.'

આ બોલાચાલી સાંભળી કેટલાક જણ ત્યાં ભેળા થઇ ગયા અને જુવાન યો ટુને સમજાવવા લાગ્યા.

બુઢ્ઢો કહે, 'પણ મને તરસ એવી તો લાગી છે કે મારો જીવ નીકળી જશે. એક જ ફળ આપીશ તો...'

એક જણ કહે, 'હા હા, બીચારાને એક ફળ આપતાં શી ખોટ જવાની છે તને? આટલાં મોંઘાં વેચે છે ને? મોટું જોઇને ન દે તો નાનું દે; પણ આવા ડોસાને તરશે મરવા દેવાશે કાંઇ?'

બીજો જણ બોલ્યો, 'અને એ પુણ્યનું તને કેટલું ફળ મળશે એનો તો વિચાર કર જરા?'

'તે તમારે એ પુણ્યનું ફળ મેળવવું હોય તો પૈસા આપી વેચાતું લઇ એ ભિખારીને દાન કરો ને?'

ભિખારીનું નામ સાંભળી બુઢ્ઢાની આંખ લાલચોળ થઈ ગઇ. એ જોઇને પેલો બીજો જણ શરમાયો. તેણે પૈસા ગણી દીધા અને ફળ લઇ બુઢ્ઢાને આપ્યું. ઉપકારની નજરે બુઢ્ઢાએ તે લીધું અને ખાધું. પછી તેણે પાસે ઊભેલા સૌને બોલાવ્યા અને કહ્યું, 'ચાલો હું તમને એક ખેલ કરી બતાવું. લોકો ટોળે વળ્યાં.

ફળનું એક બી લઇને તે બોલ્યો, 'જુઓ આ બીમાં કેટલી શક્તિ છે તેની આજ તમને ખબર પડશે.'

લોકો સૌ જોવા લાગ્યા. બુઢ્ઢાએ ભોંય ખોતરીને અંદર બી રોપ્યું; ઉપર ધૂળ વાળી; એક બટુકને ડોલ એક પાણી રેડવા કહ્યું. જાદુગરનું કહ્યું કરવા બટુકજીઓ હરહમેશ તૈયાર હોય છે.

થોડીવાર પછી લોકો ગુસપુસ વાતો કરવા લાગ્યા, 'અલ્યા, જો તો ખરો; આ તો જાદુઇ વિદ્યા! ઝાડ ઊગે છે અંદરથી.' બુઢ્ઢો પાણી પાવા લાગ્યો અને ફૂટેલો રોપ વધવા લાગ્યો. થડ તો મોટું ઊંચું ને ઊંચું થવા માંડયું. અંદરની ડાળીઓ ફૂટી, પાંદડાં કોળ્યાં અને ઘટાદાર ઝાડ થઇ ગયું.

એક જણ બોલ્યો, 'આ તો જબરો જાદુગર.'

બીજો કહે, 'ભાઇસાબ, કોક ખેતરપાળ હશે.'

ત્રીજો કહે 'બુદ્ધ ભગવાનનો સાક્ષાત્ અવતાર.'

બુઢ્ઢો તો આ ટીકાઓ સાંભળ્યા વગર ઝાડ તરફ જ જોઇ રહ્યો હતો. છેવટે તે બોલ્યો, 'જુઓ હવે; મારી મહેનત બર આવી છે. લોકો લાંબી ડોકે ઝાડ પર જોવા લાગ્યા. કળીઓ બેઠી હતી, ફૂલ ખીલતાં હતાં; અને ફળભારે ડાળીઓ લચકવા માંડી હતી.

ઊભેલા તો જાણે સ્વપ્નમાં પડયા હોય તેમ સ્તબ્ધ થઇ ગયા હતા. કોઈ પરીઓના દેશમાં ઊતરી ગયા હોય તેમ એમને થતું હતું. પછી તેઓએ બુઢ્ઢાને બોલતો સાંભળ્યોઃ 'ભાઇઓ, ચાલો માંડો દાડમ ખાવા જેને જેમ ફાવે તેમ; તમે આટલા માયાળુ

થયા તો એ દયાનું ફળ તમને પણ મળવું જોઇએ.' એમ કહીને એક મોટું પાકું ફળ તોડી તેણે પેલા બીજા જણને હાથમાં દીધું. પછી તો સૌ ફળ માટે પડાપડી કરવા લાગ્યાં. જેટલાં માણસ આવ્યાં તે સૌએ ધરાઇને ફળ ખાધાં. બધાં આવી ગયાં પછી ઝાડ ઉપર એકે ફળ રહ્યું નહિ.

હવે બુઢ્ઢો ઝાડ પાસે આવ્યો અને થડની છાલ પર આંગળીઓ ફેરવવા લાગ્યો. કડ કડ કડ કરતું ઝાડ ઝંખવાણું પડવા માંડ્યું; પાંદડાં પીળાં પડી ચીમળાવા માંડ્યાં. પળ પહેલાં જે ઘટાળું ઝાડ લોકોને છાંયડો કરી રહ્યું હતું તેને બદલે આકરો સૂરજનો તાપ તપવા લાગ્યો. ઝાડ આખું અદૃશ્ય થવા માંડ્યું અને છેવટે નાનકડો લાકડી જેવડો ડાળનો કકડો રહ્યો. એ કકડો ઊંખેડીને પેલો બુઢ્ઢો મૂંગોમૂંગો ચાલવા માંડ્યો. છક થએલું ટોળું તો મોં વકાસીને મૂઢ જેવું ઊભું. થોડેક ચાલીને બુઢ્ઢો અદૃશ્ય થયો.

હવે યો ટુ આશ્ચર્ય-સ્વપ્નામાંથી ચમકીને જાગ્યો હોય તેમ ગાડા તરફ વળ્યો ને પોતાને કામે ચડ્યો. પણ જ્યાં એ જુએ છે ત્યાં ગાડું ખાલીખમ! એક પણ ફળ ન મળે! બીચારો આભો બની ગયો. તેના મોંમાંથી દુઃખની એક હાય નીકળી ગઇ.

પછી તેને આ બધી વાતનો ભરમ સમજાયો. તેના સ્વારથીઆ સ્વભાવનો કુદરતે તેને ઘટતો બદલો વાળી દીધો હતો.


(અંગ્રેજી કૂપરથી)

જ્ઞાનલીલા

ફાગણની જ્ઞાનલીલાના કુલ ૧૩ જવાબો મળ્યા છે, તેમાંથી નીચેના પાંચ ભાઇના ઉત્તર સાચા છે: (૧) સુબોધચંદ્ર અંજારિયા-કચ્છ માંડવી (૨) વાડીલાલ મહેતા-અમદાવાદ (૩) ભોગીલાલ ખરવર-સુરત (૪) જયંતિલાલ વખારિયા-સુરત (૫) બાલુભાઇ પટેલ-આણંદ. આ પાંચે ભાઇઓને ઇનામ મોકલાશે. ખરા જવાબો નીચે મુજબ છે: **(૧) ગોઠવી આપો:** (૧) હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને (૨) મરવું તો શૂરાને ગરવું કાયર ખોળે ઘરના ગોખ **(૨) ગણિત-ગમ્મત** (૧) ૧૭૭૬, ૧૬૬૫, ૧૫૫૪ વગેરે (૨) ૧૫ **(૩) એ શું?** (૧) બાવન; નવાબ; (૨) દીવાસળી; ૧૫ તેમાંથી નીકળતું પર્વ દીવાળી. **(૪) શોધી કાઢો:** ચેતતા નર સદા સુખી.

૧૫
૧૫
૧૫
───
૧૬૬૬૫

(૫) શબ્દ-ફેરવણી: કિરણ, કારણ, કામણ, કાગળ, કમળ.



(૬) દીવાસળીની ગોઠવણી ઉપરની આકૃતિ મુજબ:

નીચેના નવા સવાલોના જવાબ પાંચમી જૂન પહેલાં કુમાર કાર્યાલયમાં પહોંચાડવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: (૧) ફર્નિચરના એક વેપારીએ ૭૩૫ રૂપિયાનો માલ મંગાવ્યો. રૂપિયાની સંખ્યાથી પાંચમા ભાગની સંખ્યામાં તેને વસ્તુઓ મળી. તેમાં દરેક ખુરશીની કિંમત ૨$\frac{5}{60}$ રૂપિયા, ટેબલની ૪$\frac{5}{60}$ રૂપિયા અને કબાટની ૧૨$\frac{5}{6}$ રૂપિયા પડી. તેણે આ બધી વસ્તુઓ એવા વેંતથી ખરીદી કે ત્રણે ચીજોના વધારેમાં વધારે સેટ એમાંથી નીકળી શકે. ત્યારે કહો જોઇએ, એણે ખુરશી, ટેબલ તથા કબાટ કેટકેટલાં લીધાં હશે? (૨) **અંક-ગોઠવણ:** ૧૯૧ અંકમાં એવી રીતે ૨નો અંક ઉમેરો કે જવાબ ૨૦ થી પણ ઓછો આવે.

(૨) એ શું? ત્રણ અક્ષરનું એક નામ છે. રોજ આવે છે. તેના છેલ્લા અક્ષર વડે બનતી સંખ્યામાંથી પહેલા બે અક્ષરો વડે બનતી સંખ્યા બાદ કરો તો પાછળ પોણો વધે છે.

(૩) ગોઠવી આપો: (૧) નીચે કવિતાની બે જાણીતી લીટીઓ ગૂંચવાઇ ગઇ છે. તેને સાચી ગોઠવી આપો. (અ) રાકજી હોય માસી રસ નાટકે લીર ધાણુ વાવો. (બ) રરસારા નતુંનુંનું તાવ કાતો ધીળા ધીણુ ઉયહિ. (૨) બાજુએ બતાવેલી સરકારી જેલમાં આપણા પાંચ નેતાઓ પુરાઇ ગયા છે. તમે તેમને છુટા કરી શકશો?

ત	લ	ત્રા	ર	છ
અ	દ	લ	મૂ	ચં
ભ	જ	વ	ભા	લ્લ
મ	લ	ઠા	ઠ	લ
શે	રી	ક્રા	લા	ઇ
આ	લા	કૃ	ઇ	લા
		ણિ		

(૪) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં સૂચના પ્રમાણે શબ્દો ભરી કાઢવાના છે. જ્યારે બધા શબ્દો સાચા ગોઠવાઇ જશે ત્યારે ચોકડીથી બતાવેલી પહેલી હારમાં દુનિયાનું એક પ્રખ્યાત સ્થળ તથા બીજી લીટીમાં એ સ્થાન સાથે સૌથી નિકટ સબંધ ધરાવનાર વ્યક્તિનું નામ આવી જશે.

```
      .  .  ×
      .  ×  .
.  .  ×  .  .  .  ×
.  ×  .  .  .  ×  .
×  .  .  .  ×  .  .
      .  ×  .
      ×  .  .
```

ઉપરનો ચોરસ: પહેલો શબ્દ=કુદરતની એક સુંદર કૃતિ; બીજો શબ્દ=એક માપ; ત્રીજો શબ્દ=વિના મુલ્ય. ડાબી બાજુનો ચોરસ: પહેલો શબ્દ=નીચ; બીજો શબ્દ=ખોરાક; ત્રીજો શબ્દ=એક તેજનો. જમણી બાજુનો ચોરસ: પહેલો શબ્દ=ખેલ; બીજો શબ્દ=વખતનું એક પરિમાણ; ત્રીજો શબ્દ=ફર. નીચેનો ચોરસ: પહેલો શબ્દ=ઓશિયાળ; બીજો શબ્દ

[અનુસંધાન પાછળ પાન ૧૯૮મે]



માધુકરી

હે પારકી ભૂમિ ચાંપે હો દીકરા! પારકી ભૂમિ ચાંપે!
હે આવડો શાને કાંપે હો દીકરા! આવડો શાને કાંપે?
હે આવાં શા જીવવાં વ્હાલાં હો દીકરા! આવાં શા જીવવાં વ્હાલાં?
હે મેણાંનાં વાગે ભાલાં હો દીકરા! મેણાંનાં વાગે ભાલાં!
રે ન્હોય આ સુખનાં ટાણાં હો દીકરા! ન્હોય આ સુખનાં ટાણાં!
કે પાક્યા શું કુખે પાણા હો દીકરા! પાક્યા શું કુખે પાણા! (પ્રસ્થાન)

રાજા કુંવરસિંહ

વિકરાળ દાઢી, મારકણી આંખો, પીસેલ જડબાં. એંશી વર્ષના કુંવરસિંહનું લોખંડી શરીર જમને ડરાવે એવું હતું. તેનો જન્મ ૧૭૮૨માં જગદીશપુરની નાનીશી જાગીરમાં થયો હતો. શહેનશાહ શાહજહાંના વખતમાં તેના બાપદાદાને 'રાજા'ના ઈલ્કાબ સાથે મળેલી આ જાગીર ૧૮૫૭ની સાલમાં જપ્ત થઇ. કુંવરસિંહે તલવાર તાણી ને કેડ બાંધી. પોતાની ભૂમિને પર હાથે જતી અટકાવવા એણે એકાશીમે વર્ષે છાતી સુધી ભેટ બાંધીને અંદર બબ્બે જમૈયા ધરબ્યા. દાનાપુરના સૈન્યની સરદારી લઇને આરાની છાવણી પર હલ્લો કર્યો. ખજાનો લુટયો ને જેલ તોડી. આરાના કિલ્લામાં થોડું શીખ અને અંગ્રેજી સૈન્ય હતું. ગઢને ઘેરીને કુંવરસિંહે તોપો માંડી. ત્રણ દિવસ ઘેરો ચાલ્યો. ચોથે દિવસે આરા છાવણીની મદદે દાનાપુરથી કપ્તાન ડનબર ત્રણસો ગોરા ને સો શીખ લઇ નીકળ્યો. કુંવરસિંહને ખબર પડી. રસ્તામાં આંબાવાડિયાની ઘટામાં કુંવરસિંહે ચારસો માણસો સંતાડી દીધાં. જેવી ડનબરની સેના બાગમાં પડાવ નાખી પડી તેવી જ ઉપરથી ગોળીઓ છૂટી. ચારસોમાંથી સાડા ત્રણસો સૈનિકો ત્યાં ને ત્યાં રામ રહી ગયા. કપ્તાન ડનબર પણ ખલાસ થઇ ગયો.

પણ જબરી સેના અને તોપો સાથે આરાની મદદે મેજર આયર આવી પહોંચ્યો. મૂઠીભર સૈન્યથી કુંવરસિંહે આઠ દિવસ તેની સામે ટક્કર ઝીલી, પણ છેવટ હઠવું પડયું. કુંવરસિંહ જગદીશપુર પાછો ફર્યો. હવે મેજર આયરે જગદીશપુરને ઘેર્યું. કુંવરસિંહ રાજકુટુંબ સહિત ત્યાંથી નીકળીને અતરૌલિયા પહોંચ્યો. કુંવરસિંહ આવ્યાના ખબર પડતાં જ સરદાર મિલમેન અતરૌલિયા ચાલ્યો. બંને સેના વચ્ચે જંગ મચ્યો. બુઢ્ઢો કુંવરસિંહ તો લડાઇમાં જ ઉછર્યો હતો. એણે મિલમેનને ચારે કોરથી ઘેર્યો. ચાર કલાકમાં તો મિટ્ટી દાણાદાર કરી નાખી મિલમેનનું લશ્કર જીવ લઇને નાઠું ને મિલમેન મરતાંમરતાં



આઝમગઢ પહોંચ્યો. કુંવરસિંહ જેવા કાળા રાજાથી ભાગવા માટે મિલમેનની મશ્કરી કરતો હવે કર્નલ ડેમ્સ સામે આવ્યો. આઝમગઢ પાસે યુદ્ધ જામ્યું. કુંવરસિંહે ઉપરાઉપરી એવા તો હલ્લા કર્યા કે ડેમ્સ ચકિત થઈ ગયો અને છેવટે એ પણ રણ મૂકીને ભાગ્યો. આઝમગઢ પહોંચતાં તો એને ભોં ભારે થઇ પડી.

આઝમગઢના ઘેરા માટે થોડું સૈન્ય રાખી રાજા કુંવરસિંહ બનારસ ચાલ્યો. કુંવરસિંહના ઉપરાઉપરી વિજયની જાણ થતાં લૉર્ડ કૅનિંગની છાતી ધડકવા માંડી. તુરત સેનાપતિ માર્કને મોટા લશ્કર સાથે કુંવરસિંહ ઉપર મોકલ્યો. માર્ક મૂછે તાલ દેતો આવ્યો. કુંવરસિંહ જેવા મગતરાને મસળતાં કેટલી વાર? એકદમ હુમલો કરવાનો હુકમ છોડયો. બંને સેના ભેટી પડી. ઘમસાણ યુદ્ધ થયું. એકાશી વરસનો

બુઢ્ઢો કુંવરસિંહ પોતાના ધોળા ઘોડા પર વીજળીવેગે ઘૂમવા માંડ્યો. જોતજોતાંમાં તો માર્કની સેના પાછી પડી. માર્ક આઝમગઢ તરફ ભાગ્યો. કુંવરસિંહ પાછળ પડ્યો. માર્ક આઝમગઢના કિલ્લામાં પેઠો એવો જ કુંવરસિંહે ગઢને ઘેરી લીધો.

ગોરો સેનાપતિ લગર્ડ માર્કની મદદે આવવા નીકળ્યો. લગર્ડ આવવાની ખબર મળતાં કુંવરસિંહે ઘેરો ઉઠાવ્યો અને પોતાની બાપુકી જાગીર જગદીશપુરમાં હતી ત્યાં પહોંચવા વિચાર કર્યો. રસ્તામાં આડી ગંગા નદી હતી. સેના સહિત ગંગા પાર કરવા કુંવરસિંહ ઝપાટાબંધ નીકળ્યો. રસ્તામાં લગર્ડની સેના મળી. તાશેરો મચ્યો. લગર્ડ હારીને પાછો હઠ્યો. ત્યાં ડગલસ સામે આવ્યો. એની પણ એજ દશા. કુંવરસિંહના થોડા હાથી ડગલસને હાથ પડ્યા, પણ કુંવરસિંહ આબાદ છટકી ગયો.

કુંવરસિંહે અફવા ઉડાવી કે પોતે સેના સહિત બાલિયાઘાટ પાસે હાથીઓ ઉપર સેના ઉતારશે. અંગ્રેજ સેના બાલિયાઘાટ ઉપર મોરચા માંડીને પડી. યુક્તિ આબાદ પાર પડી અને આડી કુંવરસિંહે બાલિયાઘાટથી સાત માઈલ દૂર શિવપુરઘાટ ઉપર રાતોરાત સેના હોડીઓમાં ઉતારવા માંડી. અંગ્રેજ અમલદારોને ખબર પડતાં દોડતા શિવપુરઘાટ આવ્યા. ગંગાના શાંત જળમાં છેલ્લી હોડી મધવહેણમાં ચાલી જતી હતી. એ છેલ્લી હોડીમાં સેનાનો પ્રાણ કુંવરસિંહ હતો. આ પારથી ગોરા સેનાપતિએ ગોળીઓ છોડી. સનનનન્ એક ગોળી આવીને કુંવરસિંહના જમણા હાથમાં પેઠી. ઝેરીલી ગોળીનું વિષ સારા શરીરમાં વ્યાપી જાય તે પહેલાં કુંવરસિંહે ડાબે હાથે તલવાર ખેંચી, જમણો હાથ કોણીમાંથી કાપીને ગંગામાં ફેંકી દીધો ! સામે પાર જઇને હાથે પાટો બાંધી દીધો. અંગ્રેજ સેના અંધારામાં આંખો ફાડીને આ સાહસ જોઇ રહી !

જગદીશપુરને પાદર જઇ જનરલ લીગ્રૅન્ડની સેના સામે ઘવાએલા કુંવરસિંહે બાથ ભીડી. લીગ્રૅન્ડની સજ્જ, તાજી ને પ્રમાણમાં બમણી સેના ઉપર તે વરૂ જેમ તૂટી પડ્યો. એ ઘડી પૂરી ન થઇ ત્યાં તો અંગ્રેજ સેના ભાગવા માંડી ભાઈ લોકો ડોળીઓ મૂકીમૂકીને નાસી છૂટ્યા; તરસ્યા સવારો પાણી-પાણી કરીને મર્યા; જનરલ લીગ્રૅન્ડ રણમાં સૂતો. ૧૯૯ ગોરામાંથી માત્ર એંશી જીવતા રહ્યા. બધી તોપો કુંવરસિંહને હાથ પડી.

કુંવરસિંહનો આ અદ્‌ભુત વિજય ભારતીય ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાયો છે. ફરી એક વાર કુંવરસિંહે પોતાના પિતાની જાગીરમાં સ્વાધીનતાનો ઝંડો ફરકતો કર્યો. પણ એના હાથનો ઘા રૂઝાયો નહોતો. વૃદ્ધાવસ્થા, વ્યાધિ અને થાકને લીધે ૧૮૫૮ની ૨૬મી એપ્રિલે રાજા કુંવરસિંહ પોઢી ગયો. પણ પોતાની માતૃભૂમિને સ્વતંત્ર કર્યાનો સંતોષ એના ભવ્ય મુખ ઉપર જળહળી રહ્યો હતો.

રામનારાયણ નાગરદાસ પાઠક

સત્તા કે સત્ત્વ ?

હરકોઇ તરેહના અધિકાર કે હોદ્દાની પ્રાપ્તિ એ કંઇ ખાસ મહત્ત્વનો વિષય નથી. અધિકાર કે અધિકારીઓનો ક્યાં તોટો છે ? લાગથી કે લાયકાતથી, બળથી, કળથી કે વગસગથી, હિંમત કે હિકમતથી કોઇ ને કોઇ પ્રકારે અધિકાર તો મળી રહે; પણ સવાલ તો એ રહે છે કે અધિકાર ઉપર આવતાં પહેલાંની માણસની તત્પરતા, નિષ્ઠા, તેની ધગશ, તેનો તનમનાટ ને તાલાવેલી કેટલાં ટકી રહે છે. બાકી તો કઇક માણસો અધિકારપદે આવે છે ને જાય છે. અનેક અમલદારો ઊગ્યા અને આથમ્યા; પણ તેમની ઑફિસનાં— તેમનાં ખાતાનાં અજવાળાં કે અંધારાંના ઓળા જેમના તેમ પડ્યા રહ્યા છે. કોઇ દિલથી તો કોઇ દગડાઇથી, કોઇ પ્રમાદથી, તો કોઇ પ્રમોદ ને પ્રેમથી પોતાની અમલબજાવણી કરીને આવ્યા તેવા જાય છે. અમલદારી એ સેવા કરવાની ઉત્તમ તક છે. સત્તા એ સેવાની સોનેરી પળ છે એટલું જ જો માત્ર તેમના દિલ ઉપર કોતરાઇ રહે તો તેઓ તેમના ગમે તેવા નિર્જીવ, શુષ્ક ને યંત્ર જેવા જડ અને અવડચવડિયા ખાતામાં પણ પ્રેમ અને ચેતન આણી શકે.

પરંતુ તેમાંના કોઇક જ—ગણ્યાગાંઠ્યા અમલદારો જ માત્ર જીવ જેવું, તેમની પાછળ સંભારવા જેવું કામ કરતા જાય છે. એવા કેટલાકની ઑફિસ, કારકુનોનું કબુતરખાનું મટી જાય છે. અને તેમની ઑફિસ કાગળનાં કફન, કબાટનાં કબ્રસ્તાન અને દરગાહની શાંતિનાં દશ્ય રજુ કરવાને બદલે પ્રેમ અને પ્રગતિનું કાર્યાલય બની રહે છે.

બાકી બીજાને તો અમલ આવ્યા પહેલાંની ધગશ અને આતશ અમલ મળતાં ઘણીવાર કજળાઇ જાય છે. એની ઉપર નિરાશા અને પ્રમાદની રાખ બાઝી જાય છે. એ અમલદાર બનતાં સંયોગ એના ઉપર અમલ ચલાવવા લાગે છે, અને ત્યાર પછી તે ધીકાને કાંઇ વિશેષ કરતો નથી—કરી શકતો નથી તે ઘરડાઇ જાય છે, ડઘાઇ જાય છે. તેના બધા અભિલાષ ઓસરી જાય છે ને તેના જુસ્સાનાં જળ થંભી જાય છે. માત્ર કોઇ વિરલ જ એવા અપવાદ નીકળે છે કે જે સંયોગો સામે ટક્કર ઝીલીને ઉત્સાહ ટકાવી રાખીને કંઇક કરી જાય છે. પણ તે બધાનો આધાર એક જ વસ્તુ પર છે; અને તે દાનત ને ધગશ. મૂળે ધગશ જોઇએ. ધગશમાંથી જ સૌકંઈ નીપજે છે. પણ એવી ધગશ ક્યાં ?

અલ્લાહાબાદની નૈનીની જબરદસ્ત સૅંટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટનો આ દાખલો છે. એનું નામ કર્નલ હડસન. એનો અધિકાર તો માત્ર જેલની વ્યવસ્થા જાળવવાનો હતો. પણ પોતાના કાર્ય ઉપરાંત કંઇક વધુ કરવાનો, પોતાના પુરોગામી કરતાં કંઇક અનોખું ને સરસ કરવાની તેને ઉલટ હતી. તેનામાં હજી ધગશ અનામત રહી હતી. જેલની અમલદારીથી, કેદીઓના અને ગુનેહગારોના જીવનથી એનું જીવન બીજા જેલ

સુપરિન્ટેન્ડેન્ટની જેમ નિષ્ઠુર, ક્રૂર ને અર્થશૂન્ય નહોતું બની ગયું. માણસાઇ તેનામાંથી હજી નિચોવાઇ ગઇ નહોતી. એના જીવનમાં પ્રેમ ને પ્રગતિનાં પૂર હજી ચઢ્યે જતાં હતાં.

તેના હાથમાં અમલ આવતાં, તેના અંતરમાં એ કંગાલ કેદીઓનાં જીવન અને કેદખાનાના વાતાવરણમાં સુધારણા કરવાના કોડ જાગ્યા. એનામાં દીનવત્સલતા અને માનવપ્રેમ સભર ભર્યાં હતાં એમ જણાઇ આવે છે. એણે જેલના બગીચા, જેલની ખેતી, જેલનાં ઢોર અને જેલનું રસોડું એ બધું સુધાર્યું. એણે ઘણી દિશામાં સુધારા કરી નાખ્યા. એ સુધારા તેની ફરજ રૂપે, પગાર પેટે કે વેઠ રૂપે તેણે નહોતા કર્યા. એ તો તેણે કેવળ પ્રીતિકાર્ય રૂપે કર્યા હતા. એના એ પ્રીતિકાર્યનું પરિણામ મિ. હીગન બોટમના ' ગૉસ્પેલ એન્ડ ધ પ્લાઉ'માંના શબ્દોમાં જ તપાસીએ.

'એની જેલનાં ખેતરોમાં એ મણમણ અને દોઢદોઢ મણ (૪૦-૬૦ રતલ) કૉબીના ગોટા વર્ષોનાં વર્ષો સુધી લાગટ નિપજાવતો તથા પાંદડાં ને ડીંટિયાં કાઢી નાખતાં બાકી રહેલા ધોળા બાસ્તા જેવા પંદર પંદર શેર ને અધમણ અધમણના કૉબી ફ્લાવરના દડા તેના ખેતરમાં એ પકવતો ! તેની જાર અને બાજરીના સાંઠા ૧૭થી ૧૮ ફૂટ ઊંચા ઊગતા અને દર એકરે ૨૫થી ૩૦ ટન (૧૪૦૦થી ૧૭૦૦ રતલ) લીલો ચારો તે પોતાના ખેતર પર નિપજાવતો. અને તેનું સાઇલેજ પણ અ વર્ગનું એટલે કે સર્વોત્કૃષ્ટ ને સફળ થતું !

કેદીઓ ચોમાસાના દિવસોમાં કાચોપાકો ખોરાક ખાઇને મરડા અને તાવથી મરતા અગર હેરાન થતા એ જોઈને એનું દિલ દ્રવ્યું. એણે નવા જ પ્રકારનો લોખંડનો ચૂલો (Stove સ્ટવ) બનાવ્યો. એ સગડી ઉપર રેલવેના ખાણના કોલસા બાળીને આપણી રોટલીઓ અને ફૂલકા બનાવી શકાતાં. એ સગડીથી કેદીઓની માંદગી અને હેરાનગતિ ટળી એટલું જ નહિ પણ એ ઉપરાંત જેલને ૫૦ રસોયાનું કામ ઓછું થયું અને વરસે દહાડે વીસ હજાર રૂપિયાનો તો કેવળ બળતણનો જ ફાયદો થયો !

આ બધું તેણે કેમ કર્યું ? શાને કર્યું ? એ ખેડુત નહોતો છતાં યે એ સમૃદ્ધ પાક નિપજાવી શક્યો. એ ઇજનેર નહોતો છતાં યે એ સગડી શોધી શક્યો. આ બધું શાથી ? તેનામાં કાર્યગૌરવ અને પ્રેમ હતાં તેથી. તેણે જેલનું જીવન મધુર, સુખી ને સંસ્કારી કરવા પ્રયાસ કર્યો. જ્યારે કાર્યગૌરવ વગરના કેટલાય અમલદારો ને અધ્યાપકો તેમનાં ખાતાં અને પાઠશાળાઓને ઊલટાં જેલથી પણ આકરાં ને અકારાં કરી નાખે છે ને ?

ખેતી ખાતાના અમલદારો, ખેતીની પાઠશાળાના શિક્ષકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ—અર્થાત્ આપણને સૌને કર્નલ હડસનનો આ દાખલો કર્તવ્યપરાયણતાનો અને પ્રેમનો કેવો ઊંચો બોધપાઠ પૂરો પાડે છે ?

આવા હડસનો આપણે જોઇએ છે ને ? એ માટે ધગશ ટકાવવાથી તથા સાચી દિશામાં તેને વાળવાથી એવા હડસનો પાકી શકશે. ખૂબી અમલ મેળવવામાં હોય તે કરતાં તેને જીરવવામાં સવિશેષ છે. ધગશ વગરના અમલથી શોભતા અમલદારો કરતાં ધગશથી અમલને શોભાવનાર અધિકારીઓ જ કંઇક લીલું કરશે. આપણે એવા અધિકારીઓ જોઇએ છે. અધિકારી બનો તો એવા બનો.

(હસ્તલિખિત 'કૃષિવિજ્ઞાન'માંથી) —ડાહ્યાલાલ હ. જાની

ગામડાંઓનું ભૂષણ થોર

આગ્યભૂષણ થોરની કુળકથા અનેક દૃષ્ટિએ મનનીય છે. આ દુનિયામાં આશરે ૩૦ કરોડ એકર જમીન ખડકાળ અને નાપીક છે. બીજા કોઇ પણ કામમાં નિરૂપયોગી એવી આ અતિ વિસ્તીર્ણ જમીનમાં માત્ર થોર જ ઊગી શકે છે,—ઊગી જ નહિ ખૂબ જોરથી ફૂલે છે અને ફળે છે પણ ખરો. ગોરા લોકોને ગમો યા ન ગમો પણ ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં તો થોરે પોતાનો અડ્ડો અદ્યાપિ કાયમ જમાવ્યો છે. આખા આફ્રિકા ખંડમાં પણ આ થોરનું જ સામ્રાજ્ય છે. મહાયુદ્ધ થયું, જર્મનો આવ્યા અને ગયા, તહનામાં થયાં અને થાય છે; તથાપિ કોઈ પણ પ્રબળ કે પરોપકારી યુરોપીયન રાષ્ટ્રનું મુખ્યાધિકારિત્વ (મૅન્ડેટ) આ વજ્રધારી થોરે માનેલું નથી. પણ પશ્ચિમના લોકો તો ભારે બુદ્ધિમાન છે. આ અણનમ વનસ્પતિને મહાત ન કરી શકાઇ એટલે એમણે તેનો ઔદ્યોગિક દૃષ્ટિએ સદુપયોગ કરી લેવાના માર્ગો શોધવા માંડ્યા. છેલ્લાં કેટલાં યે વર્ષોથી દક્ષિણ આફ્રિકામાં સાહસિક મૂડીવાળાઓ અને પ્રયોગકુશળ રસાયનશાસ્ત્રજ્ઞોનાં પ્રયત્નો તે વિષે ચાલુ છે, અને થોડા જ વખતમાં તેમને સ્પૃહણીય યશ મળશે.

કેટલાક વનસ્પતિજ્ઞોએ થોરનું જન્મસ્થાન અમેરિકાને માન્યું છે, તથાપિ ઑસ્ટ્રેલિયા અને એશિયા—અને તેમાં યે મુખ્ય હિંદુસ્તાન જ આ થોરની જન્મભૂમિ દેખાય છે. આપણા વૈદિક નવનવોત્સાહશાલી ઇન્દ્રે થોરને જ ગુરુ કરીને પોતાનું અજસ્ર શસ્ત્ર વજ્ર તૈયાર કર્યું. ને શો એ વજ્રનો ફટકો! જેવો થોરનો તેવો જ વજ્રનો બીનચૂક ઘાવ! પુરાણો કહે છે કે વજ્ર વડે પર્વતો ભગ્ન થયા. અને અર્થ સમજીએ તો ખરી વાત છે. પર્વતોનો કિંવા ખડકાળ જમીનનો ભેદ કરવો હોય તો તેની પર નિઃશંક થોરનું જ વાવેતર કરવું. ગમે તે જમીનમાં, ઉત્તરધ્રુવ પર, હિમાલય પર્વત પર સુદ્ધાં, પાંચ હજાર ફીટની ઊંચાઇએ, થોર જ ખૂબ વધેલો નજરે પડે છે. હિંદુસ્તાનનાં ૭ લાખ ગામડાંઓમાં એક પણ એટલું દરિદ્રી ગામડું નહિ મળે કે જેની કમરે થોરનો અમૂલ્ય કમરપટો ન હોય. હિંદના કંગાલમાં કંગાલ ગામડામાં વ્યવસ્થિત ઘર નહિ હોય, કારીગર નહિ હોય, ખેતીવાડીની જમીન નહિ હોય, ખેડુત પણ નહિ હોય, ધંધા એ નહિ હોય, ખાવાને અન્ન અને પીવાને પાણી સુદ્ધાં નહિ હોય, પણ થોર—ધનચક્કર થોરિયો તો અવશ્ય હશે. આજ હજારો વર્ષથી હિંદી



કાંટાળો હાથલો થોર : ફૂલ સાથે

ગામડાંઓનું—ગામડાંના વિત્તજીવિતનું અને ગામડાંની ખેતીવાડીનું વિના ખર્ચે પણ બીનચૂક સંરક્ષણ એ થોરની અભેદ્ય તટબંધીએ કર્યું છે. આર્ય ચાણક્યના કહેવા પ્રમાણે પૂર્વ કાળમાં કિલ્લાઓ અભેદ બનાવવામાં અને દુશ્મનોને હઠાવવામાં આ થોરે પુષ્કળ કામગીરી બજાવી છે. આજે પણ થોર આપણા હિંદી લોકોનો એકનો એક વૈભવ થઇ પડ્યો છે. અને, ખરેખર જ જો હિંદી બુદ્ધિમત્તાનો, હિંદી ઉત્સાહનો અને કાર્યક્ષમતાનો શક્ય તેટલો કુશળતાથી સતત ઉપયોગ કરવામાં આવે તો આ જ કંટકમય અને કદી પણ ક્ષીણ ન થનાર થોરની સંપત્તિ હિંદુસ્તાનનાં ગરીબ ગામડાંઓનું 'समृद्धं सौभाग्यम्' જલદીથી જ ઉદિત કરશે.

થોરનો નાનામાં નાનો છોડ ૨ ઇંચ ઊંચો ને ૧ ઇંચ ઘેરાવાનો થાય છે. જ્યારે કેટલાક પ્રચંડ ઊંચા અને ૨ાા ફૂટ ઘેરાવાના વધે છે. આ રાક્ષસી થોરનાં ફળ બહુ જ મધુર અને સાત્ત્વિક હોય છે. થોર સુંદર દેખાય છે એમ કહેવું એ હાસ્યસ્પદ લાગશે, પરંતુ કોસના કોસ નિર્વૃક્ષ અને ઉજ્જડ પડેલી ખડકાળ નાપીક જમીનમાં વિસ્તીર્ણ અને જોરથી વધેલી, કેસરી ફૂલોથી રંગાએલી અને કંટકમય પણ મધુર ફૂલોવડે ઊભરાઇ રહેલી ગાઢી ને લીલીછમ થોર-રાજીઓ નેત્રોને નિઃસંશય જે આનંદ આપે છે તે જોયો હોય તે જ જાણે. મેક્સિકોનું રાષ્ટ્રીય નિશાન થોરના ચિત્રથી વિભૂષિત થએલું છે. જાણે એ પ્રજાને થોરના વજ્ર કાંટાનું, સૌંદર્યનું અને દ્રષ્ટાદ્રષ્ટ ઉપયોગિતાનું પૂર્ણ ભાન થએલું છે.

શરીર અને મનને ટાંચનારૂં કાંટાનું કલંક થોરને હોય છે જ એમ પણ નહિ. થોરની કેટલીક જાતો કુદરતી જ નિષ્કંટક હોય છે. એ જ નિષ્કંટક જાતોની કલમો કાંટાવાળી જાતને લગાડીને કંટકપૂર્ણ જાતોને પણ સુંદર, નરમ મખમલ જેવી, સુંવાળી, ઠંડી, લીલીછમ, રસપૂર્ણ ફણા ને ફળોવાળી ઉત્પન્ન કરી છે. આનું તમામ શ્રેય અમેરિકન વનસ્પતિશાસ્ત્રજ્ઞ લ્યૂથર બુરબૅંકને છે.

સૃષ્ટિમાતાએ બનાવ્યો, સૃષ્ટિના અત્યંત નામાંકિત વિદ્યાર્થીને કિમિયાગર લ્યૂથર બુરબૅંકે અત્યંત પરિશ્રમ તેમજ અખંડ પ્રયત્નપ્રયોગો વડે સુધાર્યો; પણ હિંદુસ્તાનના પ્રચંડ ખેતીવાડી ખાતાએ અને તેમાંથી બહાર પડનારા હજારો વિદ્યાર્થી પૈકી એક પણ જણે આપણા કાંટાવાળા થોરને નિષ્કંટક બનાવીને ગામડાંઓને, ગામડાંમાંની સામાન્ય જનતાને પોતાના ઉચ્ચ શિક્ષણની વ્યવહાર્યતા અને ઉપયુક્તતાની હજી ખાત્રી કરી આપ્યાનું દેખાતું નથી. કરંજીનો ને થોરનો પ્રશ્ન એ ગામડાંઓનો અત્યંત આવશ્યક પ્રશ્ન છે. આંબાના ઝાડ પર કિંવા વિલાયતી આંબલી પર કે બીજા એકાદા ઝપાટાથી વધનારા, નિર્દોષ, યોગ્ય ઝાડ પર કરંજીની કલમ કરવામાં આવે તો ત્રણ ચાર પેઢીમાં કરંજીનો બધો દુર્ગંધિદોષ જતો રહેશે, તેલ નિર્ગંધ અને મધુર બનશે, અને તેનાં કડવા બીયાં 'આંબા' જેવાં મધુર બની ગામડાંનાં બાલતરૂણ લોકોને ઘરઆંગણે ખાવા સારૂ એક મીઠો ને સાત્ત્વિક ખોરાક બનશે. આ કરંજીની ગોટલી ખાઇને ગામડાંના ઘણાં છોકરાંઓ પઠાણના જેવા કિંવા યુરોપીયન સોલ્જરોના જેવા પ્રચંડદેહી અને દૃઢાંગ થશે. આ કરંજી-થોરના પ્રશ્નને કેટલાક ખેતીવાડીના પદવીધરોએ ખાસ પ્રશ્ન બનાવવો જોઈએ. રસાયનશાસ્ત્રના સહસ્રાવધિ વિદ્યાર્થીઓમાં બુદ્ધિમત્તાથી તેમજ કર્તવ્યક્ષમતાથી સંપન્ન એવા પાંચ દસ વિદ્યાર્થી શું આજ છેલ્લાં પચીસ વર્ષમાં ન નીકળે, કે જેમણે હિંદી રાષ્ટ્રની એક મોટી આવશ્યકતા તરીકે સ્વયંપ્રેરણાથી 'કૃષિસંશોધન'નો વિષય પોતાના જીવનનો વ્યવસાય બનાવી લીધો હોય અને એજ કરંજી ને થોરની સંપત્તિ નિર્દોષ બનાવીને તેને ગામડાંઓમાં વિપુલતાથી ઉછેરી ગરીબ ખેડુતોનું તેમજ સામાન્ય જનતાનું જીવન નિરંતરનું સુખાવહ બનાવ્યું હોય?

ગમે તે જમીનમાં—બીજા કોઇ પણ કામને માટે નાલાયક એવી જમીનમાં પણ પાણી વિના, વાવેતર વિના, થોર અતિશય જોરથી વધે છે. તેમાં યે વગર કાંટાના તો ઉત્તમ જ. પણ કાંટાઓથી ભરેલો થોર પણ ઔદ્યોગિક દૃષ્ટિએ બહુ કિંમતી છે. પ્રયત્નપ્રયોગ વડે તેમજ કૌશલ્યથી થોરને 'ગામડાંઓનું ભૂષણ' અને સંપત્તિ તેમજ ઉદ્યોગનું સાધન અવશ્ય બનાવી શકાય. ગણતરી એવી છે કે પૃથ્વીની અગણિત લોકસંખ્યાને એકલો થોર જ ધારે તો અન્ન પૂરૂં પાડી શકે. આ વિધાનમાં અતિશયોક્તિ બિલકુલ જ નથી. થોરના ફળમાં વિશેષ માધુરી છે, એટલું જ નહિ પણ રસમાં પુષ્કળ સ-રસ અન્નસત્ત્વો ભરેલાં છે. આ માત્ર રાસાયણિક પૃથક્કરણ નથી, પ્રત્યક્ષ વ્યવહારથી પણ એ જ બીના સિદ્ધ થએલી છે. મેક્સિકોમાંના તો કાંટાવાળા થોરનાં પાકેલાં ફળોનો રસ સ્વચ્છ રીતે ગાળી લે છે. દાડમના રસની રૂચિ અને સત્ત્વગુણો સાથે બરાબરી કરનારા આ નાગફણી રસની લક્ષાવધિ બાટલીઓ

અમેરિકાનાં બજાર હૉટલોમાં દર વર્ષે ખપે છે. આ અમૃતરસનો રંગ, સ્વાદ, માધુરી, શીતતા અને ગુણકારી તૃષાહારકતા ખરેખર અપ્રતિમ છે. ત્યાં એ જ કુષ્ણ ઋતુમાંનો મોટો વેપાર થઇ પડ્યો છે. હિંદુસ્તાનમાં પણ નિરનિરાળાં સુંદર નામોથી શણગારાઇને આ અમેરિકન નાગફણી રસની બાટલીઓ જલદીથી જ આવશે; અને આપણે તે હોંશેથી લેવાના. પણ પોતાને કશું સુઝવાનું નહિ. મેકિસકન ગામડાંઓએ શરૂ કરેલું કાર્ય માત્ર હિંદી ગામડાંઓએ વ્યવસ્થિતરીતે શરૂ કરવું જોઇએ. આશ્ચર્ય લાગશે, પણ ખરી વાત છે કે, બરાબર સંભાળપૂર્વક ઉછેરેલો ત્રણ વર્ષના થોરનો એક રોપ, છસો પૌંડ વજનની અન્નસામગ્રીની કિંમતનાં ને અન્નસત્ત્વો તથા મધુર રસથી ભરેલાં ફળો ઉત્પન્ન કરી શકે છે.

એક ટન થોરમાંથી આશરે ૧૫૦ પૌંડ સારો શુદ્ધ મદ્યાર્ક નીકળે છે. જે પ્રમાણે ગંધકામ્લમાંથી તે પ્રમાણે જ મદ્યાર્કમાંથી ફાયદાવાળા થઇ પડે એવા સેંકડો ધંધા ક્રમેક્રમે ગામડાંઓમાં ઉત્પન્ન કરી શકાય એમ છે. થોરના રસમાંથી વેદનાહીન ને યશસ્વી શસ્ત્રક્રિયા કરી બતાવનારો અસલ 'ક્લૉરોફૉર્મ' પણ એકદમ તૈયાર કરી શકાય છે. એ જ રસમાંથી ક્રમેક્રમે 'મૅલિક ઍસિડ' 'ઍસેટિક ઍસિડ' 'ફૉર્લિક ઍસિડ' ઇત્યાદિ બહુમૂલાં આમ્લો અને વ્યાધિનિવારણ 'ટિંકચરો' પણ તૈયાર કરી શકાય છે.

થોરનાં ફળ ઉપર કીરમજી રંગ અને તેમાંથી પછી નાનાવિધ રંગોની પાક્કી અને સુંદર છટા ઉત્પન્ન કરનારા સૂક્ષ્મ કૃમિ હોય છે. એ એટલા સૂક્ષ્મ હોય છે કે તેમાંથી ૧ પૌંડ રંગ તૈયાર થવાને એવા ૭૦ હજાર કૃમિ જોઈએ. આ રંગની સંપત્તિની શોધ સન ૧૭૦૩માં લ્યુ બેન હૉક નામના રસાયણશાસ્ત્રજ્ઞે પ્રથમ કરી એમ કહેવાય છે. પરંતુ હિંદુસ્તાનમાં તો એ બહુ પ્રાચીન શોધ છે. આપણા કેટલા યે જૂના રંગરેજો થોરના રંગમાંથી રેશમ અને ઊનને સુંદર રીતે રંગતા. જોકે તેઓ તો આજ મરી ખૂટ્યા છે, પણ સુદૈવે થોર હજી જીવતા છે. માત્ર ખરું કામ કરનારા લોક જોઇએ.

થોરની ફણાનું રાસાયણિક સ્વરૂપ નીચે પ્રમાણે હોય છે: આશરે ૧૭ ભાગ પાણી, ૬૦ ભાગ વનસ્પતિજન્ય રસાયનદ્રવ્યો અને ૨૩ ભાગ રાખ. થોર નિષ્કંટક હોય તો ઉત્તમ જ; ન હોય તો બરાબર કાળજીપૂર્વક કાંટા કાઢી નાખી તે ફણામાંથી અથાણું, મુરબ્બા ઈત્યાદિ પદાર્થ સારી રીતે તૈયાર કરી શકાશે. આ અથાણાં અને મુરબ્બામાં ઉત્તમ ઔષધિગુણ હોઇ તે શરીરને સારી રીતે માફક આવે છે. પણ અથાણાં અને મુરબ્બા કરતાં યે વધુ મહત્ત્વની તો તેની રાખ છે. આ સેંકડે ૨૬ ટકા રાખમાંથી ઘણોખરો બધો જ 'પોટૅશ કાર્બોનેટ' નામનો અમૂલ્ય ક્ષાર મળે છે. આ પોટૅશ કાર્બોનેટ તો બહુ જ ખપનો છે. કાચનાં કારખાનાંઓમાં તથા સાબુની બનાવટમાં પોટૅશ કાર્બોનેટ મુખ્ય અંગ હોય છે. ઉત્તમ



દક્ષિણ અમેરિકામાં થતા વિવિધ પ્રકારના થોર

સાબુ પોટૅશ કાર્બોનેટ સિવાય બનતો નથી. મોટા પ્રમાણમાં રેશમને સ્વચ્છ રીતે ધોવામાં પોટૅશ કાર્બોનેટ અપ્રતિમ કામ કરે છે, ચીની માટીનાં સુંદર વાસણોને ભઠ્ઠીમાં સુલભ રીતે તપાવવામાં પોટૅશ કાર્બોનેટ પ્રમુખ સહકારી છે. એનગ્રેવિંગ અને લીથો કામમાં, પોટૅશ કાર્બોનેટ બહુ ઉપયોગી થાય છે. સોનારૂપાના ગિલ્ટ કરવાની વિદ્યુત્કૃતિમાં પોટૅશ કાર્બોનેટ અગત્યનું કામ કરે છે. ચામડાં કમાવવાનાં કામમાં ને રંગવાના વ્યવસાયમાં પોટૅશ કાર્બોનેટ અવશ્ય જોઇએ છે. ઉપરાંત તમામ પ્રકારનાં મધુર ખાવાપીવાના પદાર્થો ને ઔષધો તૈયાર કરવામાં પણ પોટૅશ કાર્બોનેટની મહત્ત્વની કામગીરી છે જ. ક્યાં ગામડાંઓને દુર્દર્શનીય ને દુઃસહ કાંટાળો થોર અને ક્યાં એની જ રાખમાંથી સહજ વિપુલતાથી નીકળનારો અને ઉપર જણાવેલા નાનાવિધ બહુમૂલા ધંધામાં સુંદર રીતે ઉપયોગી થઈ, લક્ષાવધિ કારખાનાંઓ અને મજૂરોનાં વ્યવસ્થિત યોગક્ષેમ ચલાવનારો પોટૅશ કાર્બોનેટ! અને સહેલું કેટલું? હાથલા થોરની ફણા તોડીને કાપીને સુકવવી, અને તેને બાળીને તેની રાખમાંથી પાણીની સહાયતાવડે પોટાશ કાર્બોનેટ કાઢી લેવો! કેટલી સાદી કૃતિ! સૃષ્ટિમાતા પોતાના ગરીબ હિંદી ગામડાંઓ પર આથી વધુ કેટલીક પ્રસન્ન થાય!

થોરના દેહનો લગભગ સેંકડે ૩૨ ટકા ભાગ તંતુજાળથી (સેલ્યૂલોઝથી) બનેલો હોય છે. આ તંતુજાળ પણ એટલી જ ઉપયોગી છે. નાના પ્રકારના કાગળ, પૃષ્ટપત્રો, રમકડાં, વાર્નિશો, છત્રીઓનું કાપડ, દોરડાં, ઍંજિનોના પટ્ટા, બનાવટી ચામડું. ફોટો તથા સીનેમા ફિલ્મ, જ્વાલાગ્રાહી ઉત્પાત

દ્રવ્યો, કૃત્રિમ રેશમ; આ બધા રાષ્ટ્ર-સંપત્તિ-સામર્થ્ય ઉત્પન્ન કરનારા ધંધાઓનું જીવિત બધી રીતે આ તંતુજાળમાં ગૂંથાએલું છે.

થોરની ફણાના સંપત્તિગર્ભનું રાસાયણિક સ્વરૂપ ઉપર જણાવ્યું છે. હવે તેનાં ફળોનું રાસાયણિક સ્વરૂપ જોઇએ. દરેક ફળમાં આશરે ૪૨ ભાગ કાર્બો-હાઇડ્રેટ્સ (કૃષ્ણાગ્નિકો) હોય છે (જેમાં ૧૦ થી ૧૬ ભાગ શુદ્ધ સાકર હોય છે:) ૩૨ ભાગ તંતુજાળ દ્રવ્યો, ૬ ભાગ અન્નાદિ સત્ત્વો, ૪ ભાગ તૈલાદિ દ્રવ્યો, ૬ ભાગ પાણી, અને ૧૦ ભાગ રાખ હોય છે, જેમા પોટેશ કાર્બોનેટ મુખ્ય અને પોટેશ આયોડાઇન અને મૅગનીઝના સૂક્ષ્મ ખાર હોય છે.

આ રાસાયણિક સ્વરૂપ સ્પષ્ટ કહે છે કે અન્ન સત્ત્વની, સ્નિગ્ધ દ્રવ્યની અને ગુણકર ઔષધોની દૃષ્ટિએ થોરનાં ફળોની બહુ જ મોટી કિંમત છે. મેક્સિકોમાંના ને સિસિલી બેટો-માંના સુધરેલા લોક પણ થોરનાં ફળો સારાં સાત્ત્વિક અને સામર્થ્યપ્રદ હોવાથી અત્યંત પ્રેમથી ખાય છે. મહાયુદ્ધના કાળમાં અહમદનગરમાં જર્મન કેદીઓને રાખવામાં આવ્યા હતા. આ કેદીઓમાંના ઘણાખરા ત્યાંનાં સંપન્ન કારખાનાં-વાળાઓ, વેપારીઓ અને નામાંકિત રસાયનશાસ્ત્રજ્ઞો તેમજ કારીગર લોકો હતા. આ કેદીઓ હમેશાં મળે તેટલાં થોરનાં પાકેલાં ફળો રોજ સવારે નાસ્તા પછી કાંટા કાઢી નાખીને ખાતા હતા. એનું સુપરિણામ તે કેદીઓની લાલચોળ શરીર પ્રકૃતિ ને નિ:સીમ ઉત્સાહ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. આપણે સાફ, સ્વચ્છ ધોએલા ચોખાનો નિ:સત્ત્વ ભાત દિવ-સમાં બે વખત ખાનાર દરિદ્રી અને સર્વ પ્રકારે નિરુત્સાહી લોક, આ થોરનાં ફળો ખાનારા સંપન્ન અને ખરેખર જ સમર્થ જર્મન કેદીઓને જોઇ ખડખડ હસતા હતા!

થોરનાં ફળમાં બી હોય છે. આ બીમાંથી મધના જેવું ઘટ્ટ અને ઉત્તમ મીઠું તેલ સેંકડે ૩૫ થી ૪૦ ટકા નીકળે છે. આ તેલનો ઉપયોગ ખાવામાં, દીવે બાળવામાં, સાબુ બનાવવામાં અને મહારોગ ઉપર દર્દભેદી ઔષધ તરીકે પણ સારો થાય છે. થોરનાં મૂળિયાંના રસની સર્પના ભયંકર વિષ ઉપર ગુણકારી અસર થાય છે એમ જણાઇ આવ્યું છે. આ બાબતમાં પણ ઘણી કિંમતી લોકસેવા કરી શકાય એમ છે.

આ પ્રમાણે થોરનાં પાચે અંગોને-મૂળનો ફૂલનો, ફળનો ફણાઓનો તથા કાંટાઓનો—અને બધાંને બાળ્યા પછી બાકી રહેલી રાખનો સુદ્ધાં—બહુમોલ ઉપયોગ થાય છે; પણ તે ઉપયોગ થવો માત્ર શાસ્ત્રશુદ્ધ અખંડ પ્રયત્ન પ્રયોગપર અવ-લંબી રહે છે. રાષ્ટ્રનાં સુખ, સંપત્તિ ને સામર્થ્ય વધારનારા કેટલા ય મોટામોટા ધંધા આ દરિદ્રી ગણાતા કાંટાવાળા થોરમાંથી કાઢી શકાશે. એકલી રાખના અને તેમાંથી સુલભ રીતે નીકળ-નારા પોટેશ કાર્બોનેટનો યોગ્ય ઉપયોગ અને વેપાર કર્યો હોય તોપણ ગામડાંઓના કેટલા બધા કુટુંબોનો અચ્છી રીતે યોગક્ષેમ ચાલે અને કેટલા યે નવીન હિંદી ધંધાના સંવર્ધન સાધનનું કાર્ય કરવા જેવું થાય.

તો કહો હવે, ગામડાંઓનું ભૂષણ કોણ? હું કે તમે? પટેલ કે તલાટી? એ પૈકી કિંવા એવા પૈકી કોઇ પણ નહિ. ગામડાંઓનું ખરૂં ભૂષણ થોર જ. ઉચ્ચ ધ્યેયથી યોગ્ય કાર્ય અખંડ રીતે કરવામાં આવે તો તમામ ગામડાંઓનો ઉદર-નિર્વાહ એકલો આ થોર જ ચલાવે.

(ચિત્રમય જગત) —મોહિનીરાજ શંકર મુળે

કોઇને ત્યાં પરોણા થાઓ ત્યારે

કોઈને ઘેરથી તમને આમંત્રણ મળે ત્યારે પ્રથમ તો તમે ક્યારે અને કેટલા જણ જશો તેની ઘરધણીને આગળથી ખબર આપવી, જેથી તેને તૈયારી કરતાં મૂંઝવણ થાય નહિ. ખબર આપ્યા વિના જ અચબુચ કોઇને ઘેર ધામા નાખવા કે રાતનો પડાવ નાખવો એ ઠીક ન ગણાય. તમારે એ ઘર જોડે બહુ નિકટનો નાતો ન હોય તો એવી રીતે આવેલા મહેમાન કોઇને ગમે નહિ.

તમે જણાવેલી તારીખે ને વખતે તમારે બરોબર પહોંચવું જોઇએ ને કામ પતી જતાં ચાલી નીકળવું જોઇએ. પછી તમને કોઇ આગ્રહ કરે તોપણ રોકાવું ઠીક નથી. જે મહેમાન વહેલોવહેલો કામ પતાવી ચાલી નીકળે છે તેની ઘરમાં કદર થાય છે. અકસ્માતે, તમે જણાવેલે વખતે ન જઇ શકો તો તે મુજબની ખબર આપતાં ચૂકવું નહિ. કોઇને ઘેર મહેમાન થઇ જાઓ ત્યારે ઘરધણીને તથા ઘરધણિયાણીને પહેલાં મળીને ખબરઅંતર પૂછવાનો વિવેક ભૂલશો નહિ. ઘરડાં ડોશીમા કે દાદા હોય તેમને ઘટતું માન અને આદર દર્શાવજો. જે ઘરના પરોણા થયા હો તે ઘરના બધા ધારા બરોબર પાળજો. ઘરની સગવડ પ્રમાણે વહેલા નાહીધોઇ લેજો અને ઘરમાં નોકર ન હોય તો તમારાં કપડાં ધોવાનો ભાર ઘરનાં માણસો પર હરગીઝ નાખશો નહિ. ઘરનો જમવાનો વખત નક્કી થયો હોય તે પ્રમાણે ગમેતેમ કરીને હાજર થવાનો પ્રયાસ કરજો. તે વખતે ગમે ત્યાં ફરતા ફરવું કે ગપ્પાં મારતા બેસી રહેવું એ ઘરનાંને બહુ જ અકારૂં લાગે. તમારી પરોણા-ગત માટે ઘરનાં માણસો જે કંઇ કરી શકે તેની કદર કરી બતાવજો અને તેઓ જે કંઇ ગોઠવણ કરે તે ગનીમત માનજો. ઘરનાં મુખ્ય માણસો બધો વખત તમારી તહેનાતમાં જ રહે એવી ઇચ્છા ન રાખતા. એથી બંને પક્ષને કંટાળો આવશે. જમવાના વખત સુધી તમને કંઈ કામ ન હોય તો કંઇ વાંચવામાં કે પત્રો લખવામાં વખત કાઢી નાખજો, પણ ઘરનાં માણસોને ન રોકતા. તેમને ઘરમાં ઘણું યે કામ હોય છે.

ઘરમાં તમારો સામાન તથા કપડાં બરોબર સંભાળીને ગોઠવીને મૂકજો અને તમે જે ખંડમાં બેસોઊઠો ત્યાં બધું સ્વચ્છ ને વ્યવસ્થિત રાખજો. નોકરો બધું કામ કરી આપતા હોય ત્યાં પણ તમારી વસ્તુઓ રઝળતી રહેવા દેશો નહિ. તમે ઘર છોડી જાઓ ત્યારે પણ તમારી વસ્તુઓ પાછળ રહી

ન જાય કે ઘરધણીને મોકલવાની તકલિફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખજો. ઘરનાં સૌ પ્રસન્ન રહે એવી રીતે તમારો પહેરવેશ સ્વચ્છ ને શોભીતો રાખજો જેથી તેમના સ્નેહીમંડળમાં તમારી ઓળખાણ આપતાં તમારા માટે તેઓ મગરૂબ બને.

ઘરનાં નાનાંમોટાં સૌને વિવેક અને માયા બતાવજો, તેમજ બીજા મહેમાનો—તવંગર કે સાદા હોય અથવા ઠંડા કે ચબરાક હોય તે બધા—જોડે એકસરખો વર્તાવ રાખજો. ઘરમાં થતી મિજબાની કે આનંદમાં તમારાથી બનતો સહકાર આપજો અને દરેક વાતચીતમાં રસ લેતા થજો. સોગિયા ન બની જતા. મગજ બહુ ખુશ અને ઉત્સાહી રાખજો જેથી તમને કે ઘરનાંને કંટાળવાનું કારણ મળે નહિ. વાતવાતમાં બહુ ચીકણા પણ થતા નહિ, તેમજ ઘરનાં માણસોને ઘર વિષેની બાબતોમાં બહુ ચાપચીપ કરી પૂછતા નહિ. ઘરની અંદરના ખાનગી ખટરાગો પર ધ્યાન આપતા નહિ તેમજ કોઈની ભેર તાણીને બોલતા નહિ. ઘણીવાર ઘરનાં અજ્ઞાન બૈરાં મહેમાન આગળ એવી ચર્ચા કરી તેનો મત લેવાને આતૂર હોય છે, પણ તમે ખુબીથી નીકળી જજો. કોઇને ઘેર અતિથિ થઇને આવ્યા પછી કોઈ બીજાને તે ઘરનો મામલો કહેશો નહિ તેમજ તેનું બૂરૂં બોલશો નહિ. પાછળથી બૂરૂં બોલવું ને ટીકા કરવી એ ઘણું હીચકારૂં ને નગુણું ગણાય.

તમે કોઈ ઘરમાં મહેમાન હો અને તેજ ગામમાંથી તમારા કોઈ બીજા મિત્ર કે સ્નેહીનું તમને નિમંત્રણ મળે તો ઘરધણીને કે ઘરધણિયાણીને પૂછ્યા વિના તે કબૂલ કરતા નહિ. તેની બરોબર રજા લઇને જ બીજી ગોઠવણ કબૂલ કરજો. તેના ઘરને માત્ર ઉતારા કે વીશી જેવું ગણી બીજા મિત્રોને મળવામાં કે તેમને ઘેર જવામાં ઘરધણીને વિસારે ન પાડતા. તમે જે ઘેર ઉતર્યા હો ત્યાં કોઇ માંદું હોય કે તેમને કોઇ આકસ્મિક મુશ્કેલી આવી પડે તો તમારા રોકાવાથી તેમને મદદ કરી શકો તો જ એવે વખતે રોકાજો; નહિ તો ખૂબીથી રજા લઇ ત્યાંથી પાછા આવજો. આવે વખતે પરોણાગતના ભારમાંથી તમે તેમને રાહત આપશો તો તેઓ પણ તમારી રીતભાતની કદર કરશે.

કોઇને ઘેર તમારા અંગત કામ માટે ત્યાંના નોકરો પર પરમાર્યો હુકમ ન ચલાવતા. તમારે તેને ક્યાં યે મોકલવો હોય કે કંઇ મંગાવવું હોય તો ઘરના મુખ્ય માણસને જણાવજો. પોતાના સાધન પ્રમાણે તે તમારી અગવડ દૂર કરવા યત્ન કરશે. કોઇને ઘેરથી નીકળો ત્યારે નોકરોને કંઇ આપવાનું હોય તો તેમના હાથમાં જ આપવું અથવા ઘણા હોય તો રકમ ઘરના જવાબદાર માણસને તે વહેંચી આપવાની સૂચના સાથે આપવી.

નીકળતી વખતે ઘરધણી અને ઘરધણિયાણીને મળ્યા સિવાય નીકળશો નહિ. તેમની તકલિફ માટે બે સારા શબ્દો બોલજો અને તમારે ઘેર પહોંચ્યા પછી પણ એકાદ મીઠો પત્ર લખ્યા વિના રહેશો નહિ. (રીડર્સ ડાયજેસ્ટ)

બૉયકૉટ

રાજકીય લડતના મોરચા મંડાયા ત્યારથી 'બૉયકૉટ' શબ્દ ઘણો પ્રચલિત થઇ પડ્યો છે અને વાતવાતમાં લોકો તેનો છૂટથી ઉપયોગ કરે છે. જેમકે વિદેશી વસ્ત્રો દારૂ વગેરેનો બૉયકૉટ, જુલ્મી અમલદારોનો બૉયકૉટ, બ્રિટિશ સલ્તનતનો બૉયકૉટ.

પણ એ બૉયકૉટ શબ્દ કેવી રીતે અને ક્યાંથી જન્મ પામ્યો તે ભાગ્યે જ થોડા જાણતા હશે. 'બૉયકૉટ' એ મૂળ આયર્લૅન્ડના જાગીરદારના નોકરનું નામ ! ૧૮૮૦માં આયર્લૅંડમાં અશાંતિનું રાજ્ય હતું ત્યારે કૅપ્ટન બૉયકૉટ નામનો એક મોટા જાગીરદારનો કર ઉઘરાવનાર એજન્ટ ખેડુતો પાસે ઉઘરાણીએ નીકળ્યો. પણ અસહકારી ખેડુતોએ તેને એક પાઈ પણ નહિ પરખાવવાનો એકસંપે દૃઢ સંકલ્પ કરેલો. છેવટે જ્યારે કૅપ્ટન બૉયકૉટે પોલીસની મદદવડે બળજોરીથી તેમનાં ઘરબાર ખાલી કરાવ્યાં ત્યારે એ વિફરેલા લોકોએ બૉયકૉટને શિક્ષા કરવાની એક નવી જ યુક્તિ શોધી કાઢી. તેમણે તેનો સદંતર સામાજિક બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો અને કહ્યું કે 'યાદ રાખજે, તારી એવી સ્થિતિ કરીશું કે આયર્લૅંડમાં રહેવું તને ભારે પડશે.' અને ખરેખર, આ ખોટી દમદાટી નહોતી. વખત એવો આવ્યો કે બૉયકૉટને પૈસાના ઢગલા કરતાં પણ ખાવા મૂઠી ધાન ન મળે કે તેનું કામ કરવાને કોઈ દાડીઓ ન મળે. બીચારાની એવી કફોડી સ્થિતિ થઇ ગઇ કે તેના નામના કાગળો પણ તેને મહામુસીબતે પહોંચતા. કૅપ્ટન સાહેબ રસ્તે નીકળતા તો તેમને જોતાં જ લોકો તેમને અપમાનિત કરી શરમિંદા બનાવી મૂકતા; તેના માટે કેટલા ય માઈલ દૂરથી ખાસ સ્ટીમરમાં ખોરાક આવે ત્યારે તે રોટલા ભેગો થતો. આખરે કૅપ્ટન બૉયકૉટને લોકોના બૉયકૉટથી ત્રાસીને આયર્લૅંડ છોડી ઇંગ્લંડ જતા રહેવું પડ્યું.

ત્યારથી બહિષ્કારને માટે ઇંગ્લંડમાં 'બૉયકૉટ' શબ્દ પ્રચલિત થયો અને અહીં પણ વપરાવા લાગ્યો



પંડિત મોતીલાલ નેહરૂએ દેશને અર્પણ કરેલો પોતાનો 'આનંદ ભુવન'

થીઓસોફીના તારકમંડળની સભામાં કૃષ્ણમૂર્તિ દાખલ થાય ત્યારે માનમાં સૌ સભ્યો ઊભા થતા. પણ જગતબંધુત્વના પ્રબોધનારને આ ન રુચ્યું. સૌને કહ્યું, 'આપણે સૌ સરખા છીએ ત્યાં રૂઢિ ને વિચારની આ પરવશતા શા માટે? કોઈ ઊભા ન થતાં.' બીજી સભા વખતે સૌ બેસી રહ્યા, સિવાય ફક્ત ડૉ. કઝિન્સ. કારણ પૂછતાં ઉત્તર મળ્યો: 'આપના જ કહેવા મુજબ હું વિચાર-પરવશતા નથી સ્વીકારતો. મને માનની સ્વાભાવિક લાગણી છે ને માન આપું છું. આપે કહ્યું તેમ જ વર્તવાનું બંધન શા માટે?'

અનેકાર્થી શબ્દ: પાડો=પાડ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ બહુ વચન;=આંકનો પાડો-અગિયારાનો પાડો;=ભેંસનો નર-મહિષ;=ફળિયું, ખડકીના મળતા અર્થમાં દેવશાનો પાડો. (શાં. હ શા.)

એક જુવાન ફ્રેન્ચમેને એવી બાઇસિકલ શોધી છે જેમાંથી નાનુંસરખું વિમાન પણ થઇ શકે છે, અને તેમાં ૧૫૦ ફૂટની ઊંચાઇ સુધી ઊડી શકાય છે.

રંગવાળા કપડાને ધોયા પછી તેને નિખારવાના પાણીમાં થોડોક સુરકો નાખશો તો કપડાનો રંગ ખીલી આવશે.

અરીસો કદી તડકે ન રહેવા દેતા: એથી તેની કલાઇ ઊડી જઇને ધીમે-ધીમે તેનું તેજ ઓછું થતું જાય છે.

દળેલી રાઇ વડે હાથ ધોવાથી ડુંગળીની વાસ સહેલાઇથી નીકળી જશે.


ફ્રાન્સના એક વિજ્ઞાનવેત્તાએ ૧૦ વર્ષના પ્રયોગો પછી પાણીમાંથી હાઇડ્રોજન છૂટો પાડી શકાય એવી શોધ કરી છે. એ શોધનો ઉપયોગ થવા માંડશે તો પેટ્રોલની જગ્યા પાણી લેશે અને મોટરનું એન્જિન હાઇડ્રોજનથી ચાલશે.

શાહીથી ભરેલા ખડિયામાં Creosote ક્રીઓસોટનાં પાંચેક ટીપાં નાખવાથી શાહીપર લીલી ફૂગ વળતી અટકશે.



નેપાળી કન્યા રાજકુમારી કેસમાં કલકત્તાના શ્રીમંત વ્યભિચારી મારવાડી હીરાલાલ અગ્રવાલના ખૂન માટે સાત વર્ષની ટીપ પામનાર વીર નેપાળી યુવક ખડગબહાદુરસિંહ આજ મહાત્માજીના અહિંસક સૈન્યનો સૈનિક બન્યો છે.

હવા: પૃથ્વી પર હવાનું દબાણ દર ચોરસઇંચે ૧૪॥ રતલનું છે. ૩૨ ડિગ્રી ગરમીમાં એક ઘન મીટર હવાનું વજન ૨.૮૧ રતલ થાય. માણસ દરરોજ ૧૭૬૦૦ પાઇન્ટ હવા શ્વાસમાં લે છે.



દૃષ્ટિભ્રમનો વધુ નમૂનો: ઉપરના ચિત્રમાં ત્રાંસી લીટીઓ વચ્ચે દોરેલા ચોરસનો નીચલો જમણો ખૂણો ઠરડાએલો જણાય છે; પણ ખરી રીતે તેમ નથી.

ચલણી નાણું: હિંદમાં રૂપિયો, ઇંગ્લંડમાં પૌંડ, ફ્રાન્સમાં ફ્રાન્ક, જર્મનીમાં માર્ક, રશિયામાં રૂબલ, ઇટાલીમાં લીરા, સ્વીડનમાં ક્રોનર, અમેરિકામાં ડોલર, જપાનમાં યેન. (તમને આથી વધુ ખબર હોય તો ઉમેરો કરવાનું આમંત્રણ છે.)

ચિત્રો છાપવાના ફોટો ઝિંકો બ્લૉક બનાવવાની શોધને ગઇ ૪થી માર્ચને દહાડે ૫૦ વરસ પૂરાં થયાં.


કવિ—મારી પેલી કવિતાનું મથાળું તને કેમ ન ગમ્યું? કેવું સરસ છે?

મિત્ર—છે તો; પણ બીચારું અયોગ્ય સ્થળે આવી ભરાયું છે.

કપડા પર પડેલા તેલના ડાઘ ચણાનો લોટ ઘસીને પછી ધોવાથી નીકળી જશે.

કપડા પર પડેલો બ્લુ શાહીનો ડાઘ પાકાં ટમેટાના રસથી કાઢી જોજો.





આ છાયાછબી કોની છે?

તમારા ઘરની ભીંત પર તેની મોટી આવૃત્તિ ઉતારીને એ ઓળખી કાઢવાની જથા પાના પરની રમત બહુ રમુજી છે.